પાના -૮, કિંમત રૂ.૨, તા. ૨૬-૦૭-૨૦૨૫- શનિવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૧૯૮ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# આતંકવાદીઓના આકાઓને છોડીશું નહીં : જનરલ દ્વિવેદી

## કારગિલ વિજય દિવસ પર શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરતા ભારતીય સેના પ્રમુખઃ ઓપરેશન સિંદુર પાક.ને સીધો સંદેશને છે : દ્વિવેદી



**નવી દિલ્હી, તા. ૨૬**

ભારતીય સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ શનિવારે કહ્યું હતું કે ઓપરેશન સિંદૂર દરમિયાન કરવામાં આવેલી સર્જિકલ સ્ટ્રાઈક પાકિસ્તાનને સીધો સંદેશ હતો કે આતંકવાદના સમર્થકોને છોડવામાં આવશે નહી.

જનરલ દ્વિવેદીએ વધુમાં જણાવ્યું હતું કે ઓપરેશન સિંદૂર પણ પહેલગામ આતંકવાદી હુમલાનો જવાબ હતો, જેણે સમગ્ર દેશને ઘાયલ કર્યો હતો. આ વખતે ભારતે આ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું અને યોગ્ય જવાબ પણ આપ્યો.

દિલ્હીમાં કારગિલ વિજય દિવસ પર આયોજિત એક કાર્યક્રમમાં જનરલ દ્વિવેદીએ આ વાત કહી હતી. તેમણે કહ્યું- દુશ્મનને જવાબ આપવો હવે ન્યુ નોર્મલ છે.

કારગિલ વિજય દિવસના ૨૬ વર્ષ પૂર્ણ થવા પર, રક્ષા મંત્રી રાજનાથ સિંહ દિલ્હીમાં નેશનલ વોર મેમોરિયલ પહોંચ્યા. તેમની સાથે ત્રણેય સેનાના વડાઓ પણ હાજર હતા. રાજનાથે શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી.કારગિલ વિજય દિવસના ૨૬ વર્ષ પૂર્ણ થવા પર લદ્દાખના દ્રાસમાં આયોજિત કાર્યક્રમમાં બે કેન્દ્રીય મંત્રીઓ મનસુખ માંડવિયા અને સંજય સેઠે ભાગ લીધો હતો. મંત્રીઓએ ૧૯૯૯ના યુદ્ધમાં શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી. ત્યારબાદ પદયાત્રા કાઢવામાં આવી હતી. ગયા વર્ષે, ૨૫મા કારગિલ વિજય દિવસ પર, વડાપ્રધાન મોદીએ લદ્દાખમાં યુદ્ધના જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી.


૫ મે ૧૯૯૯ના રોજ પાકિસ્તાનના ઘૂસણખોરી પછી, કારગિલના પર્વતીય શિખરો પર ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ શરૂ થયું. આ યુદ્ધ લગભગ ૮૪ દિવસ સુધી ચાલ્યું. ૨૬ જુલાઈ ૧૯૯૯ના રોજ ભારતની જીત સાથે આ યુદ્ધનો સત્તાવાર રીતે અંત આવ્યો. ભારતીય સૈનિકોના બલિદાન અને બહાદુરીની યાદમાં દર વર્ષે ૨૬ જુલાઈના રોજ કારગિલ વિજય દિવસ ઉજવવામાં આવે છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ એક્સ પર પોસ્ટ કરીને કહ્યું કે કારગિલ વિજય દિવસ નિમિત્તે, હું માતૃભૂમિ માટે પોતાના જીવનનું બલિદાન આપનારા બહાદુર સૈનિકોને શ્રદ્ધાંજલિ આપું છું. આજનો દિવસ આપણા સૈનિકોની અસાધારણ બહાદુરી, હિંમત અને દૃઢ નિશ્ચયનું પ્રતીક છે. દેશ માટે તેમનું સમર્પણ અને સર્વોચ્ચ બલિદાન હંમેશા દેશવાસીઓને પ્રેરણા આપશે. જય હિંદ! જય ભારત!"

# કારગીલ વિજય દિવસ નિમિત્તે કેન્દ્રીય મંત્રી માંડવીયાની દ્રાસમાં પદયાત્રા

## સર્વોચ્ચ બલિદાન આપનાર બહાદુર જવાનોને શ્રદ્ધાંજલી





**દ્રાસ, તા. ૨૬**

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા કારગિલ વિજય દિવસની ૨૬મી વર્ષગાંઠ પર દ્રાસમાં છે. તેમણે 'કારગિલ વિજય દિવસ પદયાત્રા'નું નેતૃત્વ કર્યું. તેનું આયોજન યુવા બાબતો અને રમતગમત મંત્રાલય દ્વારા કરવામાં આવ્યું છે. કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા અને કેન્દ્રીય સંરક્ષણ રાજ્યમંત્રી સંજય સેઠે પદયાત્રામાં ભાગ લીધો હતો અને કારગિલ વિજય દિવસ ૨૦૨૫ ના રોજ ૧૯૯૯ના કારગિલ યુદ્ધ દરમિયાન શહીદ થયેલા લશ્કરી કર્મચારીઓની બહાદુરીને શ્રદ્ધાંજલિ આપી હતી. કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે, "૨૬મા કારગિલ વિજય દિવસ નિમિત્તે, મારા ભારતના ૩૦૦૦ થી વધુ કાર્યકરોએ પદયાત્રા દ્વારા દેશ માટે સર્વોચ્ચ બલિદાન આપનારા બહાદુર સૈનિકોને શ્રદ્ધાંજલિ આપી છે. મને ખુશી છે કે દેશના યુવાનો વિકસિત ભારતનું નિર્માણ કરવા, તેમની જવાબદારી નિભાવવા અને શહીદો પ્રત્યેની તેમની લાગણી વ્યક્ત કરવા માટે આવી પદયાત્રાઓ દ્વારા પોતાની ફરજ બજાવી રહ્યા છે. હું દેશના તમામ બહાદુર સૈનિકોને

અનુસંધાન પાના ૭ પર

# મહારાષ્ટ્રમાં મરાઠી ફિલ્મોને થિયેટર નહીં મળતા નવો વિવાદ છંછેડાયો

## મરાઠી ફિલ્મો નહીં દેખાડો તો હવે મલ્ટિપ્લેક્સના કાચ તૂટશે : અમેય ખોપકર

**નવી દિલ્હી, તા. ૨૬**

મહારાષ્ટ્ર નવનિર્માણ સેના ના ભૂતપૂર્વ સંસદસભ્ય અને ફિલ્મનિર્માતા અમેય ખોપકરની મરાઠી ફિલ્મ 'યે રે યે રે પૈસા-૩'ને પ્રદર્શિત કરવા માટે મલ્ટિપ્લેક્સે ના પાડીને એની જગ્યાએ 'સૈયારા'ને પ્રદર્શિત કરતાં અમેય ખોપકર ભડક્યા છે.મરાઠી ફિલ્મોને થિયેટર નથી. મળી રહ્યાં એનું તેમને દુઃખ છે એવું તેમણે જણાવ્યું હતું. આ માટે હવે મલ્ટિપ્લેક્સ સામે આંદોલન કરવામાં આવશે. આ મુદ્દે શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે-UBT)ના નેતા સંજય રાઉતે પણ તેમને સપોર્ટ જાહેર કર્યો છે.

અમેય ખોપકરે આ બાબતે કહ્યું હતું કે, 'મને એક વાતની ખબર છે કે આ મારા પરનો ગુસ્સો છે. આ ગુસ્સો આ મલ્ટિપ્લેક્સવાળાઓએ હવે કાઢ્યો છે. હું એક વાત કહું છું કે હું હમણાં શાંત બેઠો છું, હું

અનુસંધાન પાના ૭ પર

# વિશ્વભરના લોકપ્રિય નેતાઓમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અવ્વલ

## અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પને પાછળ પાડી મોદીને ૭૫ ટકા એપ્રુવલ રેટીંગ

**નવી દિલ્હી, તા. ૨૬**

વડાપ્રધાન મોદી ફરી એકવાર દુનિયાના સૌથી વધુ લોકપ્રિય નેતા તરીકે ઉભર્યા છે. આ લિસ્ટ બીઝનેસ ઈન્ટેલિજન્સે કંપની મોંનિંગ કન્સલ્ટે જાહેર કર્યું છે. તેમના તરફથી જાહેર જુલાઈ ૨૦૨૫ના તાજેતરના જાહેર રિપોર્ટ મુજબ પીએમ મોદીને ૭૫ ટકા લોકોની એપ્રુવલ રેટીંગ મળી છે.

આ સર્વે ૪થી૧૦ જુલાઈ દરમિયાન કરવામાં આવ્યો હતો. આ સર્વેમાં ૨૦થી વધુ દેશોના નેતાઓને સામેલ કરવામાં આવ્યા હતા. આ માહિતી બીજેપી આઈટી સેલના પ્રમુખ અમિત માલવીયે સોશિયલ મીડિયામાં શેર કરી છે.આ સર્વે અનુસાર લોકપ્રિયતાના મામલામાં મોદીએ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પ અને અમેરિકાના ફર્સ્ટ લેડી મેલોનીને પાછળ રાખ્યા છે. આ લિસ્ટમાં બીજા નંબરે દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ લી.જે.મ્યુંગ

અનુસંધાન પાના ૭ પર

# આણંદ ખાતે ચિંતન શિબિરનું ઉદ્દઘાટન કરતા રાહુલ ગાંધી

## જિલ્લા કોંગ્રેસના પ્રમુખો માટે ત્રણ દિવસ પ્રશિક્ષણ શિબિર ચાલશે

**નવી દિલ્હી, તા. ૨૬**

લોકસભાના વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધી આજે આણંદની મુલાકાતે આવ્યાં છે. સવારે વડોદરા એરપોર્ટ પહોંચ્યા હતા. જ્યાથી બાય રોડ આણંદ પહોંચ્યા છે. કોંગ્રેસે સંગઠન સૃજન અભિયાન અંતર્ગત ગુજરાતમાં તમામ જિલ્લા પ્રમુખોની નિમણૂક કરી છે. વિઝન ૨૦૨૭નો રોડમેપ નક્કી કરવા માટે પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા નવનિયુક્ત જિલ્લા કોંગ્રેસ પ્રમુખો માટે ૨૬થી ૨૮ જુલાઈ સુધી ત્રણ દિવસીય પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યુ છે. જેનું રાહુલ ગાંધીએ ઉદ્ઘાટન કર્યુ હતું.

રાહુલ ગાંધીએ આણંદના અંધારીયા ચકલા નજીક આવેલ નિજાનંદ રિસોર્ટમાં આયોજિત પ્રશિક્ષણ શિબિરનું ઉદ્ઘાટન કર્યું હતું. તેઓ ચાર કલાક જેટલો સમય નવનિયુક્ત જિલ્લા પ્રમુખો સાથે વિતાવી તેમને માર્ગદર્શન આપશે. આ પ્રશિક્ષણ શિબિરમાં સંગઠન મહામંત્રી કે.સી. વેણુગોપાલ, મહામંત્રી અને ગુજરાત સંગઠન પ્રભારી મુકુલ વાસનીક, ગુજરાત

અનુસંધાન પાના ૭ પર

# બિહારમાં પત્રકાર પેન્શન રકમમાં વધારો કરતા નિતીશ કુમાર

## પેન્શન યોજના હેઠળ ૬ હજારને બદેલ ૧૫ હજાર આપવામાં આવશે

**પટણા, તા. ૨૬**

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે શનિવારે 'પત્રકાર સન્માન પેન્શન યોજના' હેઠળ તમામ પાત્ર પત્રકારોને દર મહિને ૬ હજાર રૂપિયાને બદલે ૧૫ હજાર રૂપિયા પેન્શન આપવાની જાહેરાત કરી. તેમણે આ માહિતી તેમના સોશિયલ મીડિયા હેન્ડલ પર આપી છે.

મુખ્યમંત્રી નીતિશ કુમારે કહ્યું, "મને જણાવતા આનંદ થાય છે કે બિહાર 'પત્રકાર સન્માન પેન્શન યોજના' હેઠળ, હવે વિભાગને તમામ પાત્ર પત્રકારોને દર મહિને ૬ હજાર રૂપિયાને બદલે ૧૫ હજાર રૂપિયા પેન્શન રકમ આપવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે."

મુખ્યમંત્રીએ પોતાની પોસ્ટમાં વધુમાં કહ્યું, "આ સાથે, બિહાર 'પત્રકાર સન્માન પેન્શન યોજના' હેઠળ પેન્શન મેળવતા પત્રકારોના મૃત્યુના કિસ્સામાં, તેમના આશ્રિત જીવનસાથીને દર મહિને ૩ હજાર રૂપિયાને બદલે ૧૦ હજાર રૂપિયા પેન્શન રકમ આપવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે." તેમણે લોકશાહી દેશમાં પત્રકારોની

અનુસંધાન પાના ૭ પર

# ઈન્કમટેક્સ રિટર્ન ફોર્મ-૩માં પાંચ નવા પ્રોફેશનલ કોડ જાહેર કરાયા

## એફએન્ડઓ ટ્રેડર, ઈન્ફલુએન્સર, કમિશન એજન્ટ, સટ્ટાખોરો માટે આઈટીઆરમાં નવા કોડ અપાયા

**નવી દિલ્હી, તા. ૨૬**

આવકવેરા વિભાગે પ્રથમ વખત ઈન્કમટેક્સ રિટર્ન ફોર્મ-૩ (આઈટીઆર-૩) માં પાંચ નવા પ્રોફેશનલ કોડ જારી કર્યા છે. સોશ્યલ મિડીયા ઈન્ફલુએન્ઝર શેરબજારનાં ફયુચર-ઓપ્શન ટ્રેડર કમીશન એજન્ટ સટ્ટો રમતા ટ્રેડરો માટે આ નવા કોડ જારી કરાયા છે.આવકવેરા વિભાગનાં સુત્રોએ કહ્યું કે, પ્રવર્તમાન ડીજીટલ યુગમાં ઉકત ક્ષેત્રમાં પણ લોકો કેરીયર બનાવી રહ્યા છે અને તેને પ્રોફેશનલ દરજજે સામેલ કરવાનો ઈરાદો છે. આ વર્ષે નવા પાંચ પ્રોફેશનલ કોડ દાખલ કરવામાં આવ્યા છે. અને આ આવતા વર્ષોમાં તેમાં ઉમેરો થતો રહેશે.

છેલ્લા બે વર્ષોમાં વાર્ષિક ૨૦ લાખથી વધુની આવક ધરાવતા સોશ્યલ મિડીયા ઈન્ફલુએન્ઝરની સંખ્યામાં મોટો વધારો થયો છે. કેટલાંક કિસ્સામાં તો ઈન્ફલુએન્ઝરની આવક બેથી પાંચ કરોડ જેવી છે અને અન્ય પ્રોફેશનલો કરતા પણ વધી જાય છે. કેટલાંક કિસ્સામાં તો તેઓની સંપતિ પણ ૧૦૦ કરોડની હોવાનું માલુમ પડયુ છે.સુત્રોએ કહ્યું કે, મોટાભાગનાં કિસ્સામાં ઈન્ફલુએન્ઝારે ઈન્કમટેકસ રીટર્ન ભરતા નથી અથવા મોટુ રીટર્ન ભરે છે. તેઓને પ્રોફેશનલ કોડમાં જ ટકાવારી લેવાથી યોગ્ય સાચુ રીટર્ન ભરવાનું ફરજીયાત થશે.

અત્યાર સુધી ઈન્ફલુએન્ઝા ખોટા રીટર્ન ભરતા હતા અને તેમાં બિઝનેશ આવક દર્શાવી દેતા હતા. અથવા અન્ય કોડનો ઉપયોગ કરતા હતા. કરવેરા નિષ્ણાંતોના કહેવા પ્રમાણે પાંચ નવા પ્રોફેશનલ કોડ દાખલ કરવાનું ઘણુ સૂચક અને મહત્વનું છે.આ પ્રોફેશનલની આવકની સચોટ માહિતી ઈન્કમટેકસ મેળવી શકશે. નિયમ પાલન કરવુ પડશે. કર વસુલાત કરવાનું પણ તંત્ર માટે સરળ બનશે.ખોટી માહીતી બદલ આવકવેરા વિભાગ દંડો પછાડી શકશે.

આવકવેરા વિભાગનાં અધિકારીએ કહ્યું કે નવા

અનુસંધાન પાના ૭ પર

# ઉપરાષ્ટ્રપતિ પદ માટે સક્ષમ ઉમેદવારની શોધ


**નવી દિલ્હી, તા. ૨૬**

નવા ઉપરાષ્ટ્રપતિની પસંદગી માટે આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિદેશ પ્રવાસથી પાછા ફરે પછી નિર્ણય લેવાશે તે વચ્ચે પક્ષના સુત્રો કહે છે કે ફકત બિહારની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ઉપરાષ્ટ્રપતિ પદ માટે કોઈ ચહેરાની પસંદગી કરવી તે પક્ષનો વ્યુહ નથી.

નવા ઉપરાષ્ટ્રપતિએ પાંચ વર્ષ માટે રાજ્યસભાના સભાપતિ પણ હશે અને જે રીતે આગામી સમયમાં અનેક મહત્વના ખરડાઓ અને સરકારી કામકાજોમાં રાજયસભાની ભૂમિકા મહત્વની બની જશે તે સમયે ઉપરાષ્ટ્રપતિ પદે ભાજપ કોઈ અનુભવી અને વૈધાનિક કામગીરીના જાણકારને જ આ પદ પર બેસાડશે.

જેમ વેંકૈયા નાયડુએ ૨૦૧૭માં

અનુસંધાન પાના ૭ પર



# એએમ-એનએસ ઈન્ડિયાને સ્ટીલ સ્લેગ એગ્રીગેટ્સ ટેકનોલોજીનું લાઈસન્સ મળ્યું

## માર્ગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસમાં 'વેસ્ટ-ટુ-વેલ્થ' સંભાવનાઓ ઉઘડી




સુરત, તા.૨૬

આર્સેલરમિત્તલ નિપ્પોન સ્ટીલ ઈન્ડિયા (AM/NS India)એ કાઉન્સિલ ઑફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રિયલ રિસર્ચ (CSIR) – સેન્ટ્રલ રોડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (CRRI) સાથે ભાગીદારી કરી છે, જે ટકાઉ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસની દિશામાં પરિવર્તનશીલ નેતૃત્વ કરે છે અને રોડ નિર્માણમાં કુદરતી સ્ત્રોતના બદલે પ્રોસેસ્ડ સ્ટીલ સ્લેગ એગ્રીગેટ્સના ઉપયોગ માટે ટેક્નોલોજી પર ભાર મૂકે છે. AM/NS India દેશમાં એવી પ્રથમ કંપની બની છે જેને CSIR–CRRI તરફથી સ્ટીલ સ્લેગ વેલ્યુરાઈઝેશન ટેક્નોલોજીનો લાયસન્સ મેળવ્યું છે. આ સંસ્થા વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલય હેઠળ કાર્યરત રાષ્ટ્રીય સ્તરની અગ્રણી સંસ્થા છે. આ લાયસન્સ AM/NS Indiaને સ્ટીલ સ્લેગ એગ્રીગેટ્સ રોડ નિર્માણ માટે ઉત્પાદન કરવા માટે સત્તાધિકૃત બનાવે છે. AM/NS Indiayu 'Steel Slag Valroization Technology fro Development of Processed EAF Steel Slag Aggregates at AM/NS India plant in Hazira fro Utilization in Road Construction' માટે સર્ટિફિકેટ ઑફ લાયસન્સ મેળવ્યું છે, જેનો અર્થ એ છે કે કંપની હજીરા, ગુજરાતમાં આવેલા પોતાના ફ્લેગશિપ પ્લાન્ટમાં CSIR-CRRI દ્વારા વિકસિત ખાસ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને સ્ટીલ સ્લેગ એગ્રીગેટ્સને વૈજ્ઞાનિક રીતે પ્રોસેસ કરી શકે છે, જેનો ઉપયોગ રોડ બાંધકામમાં થઈ શકે છે. AM/NS India હાલમાં 'AM/NS આકાર' નામના બ્રાન્ડ હેઠળ ખાસ ડિઝાઈન કરેલા સ્લેગનું ઉત્પાદન કરે છે, જે CSIR-CRRIના કડક ટેકિનકલ માર્ગદર્શિકા, સ્પેસિફિકેશન અને ગુણવત્તા નિયંત્રણના માપદંડોને અનુસરે છે. ટેક્નોલોજી લાઈસન્સ હેઠળ AM/NS India દ્વારા તૈયાર કરવામાં આવતા પ્રોસેસ્ડ સ્ટીલ સ્લેગ એગ્રીગેટ્સ રસ્તા અને હાઈવે બાંધકામમાં ઉપયોગ થતી કુદરતી સામગ્રી કરતાં વધુ મજબૂત અને ઓછા ખર્ચાળ છે. AM/NS India દર વર્ષે આશરે ૧.૭૦ મિલિયન ટન સ્ટીલ સ્લેગ ઉત્પન્ન કરે છે, જેને હવે CSIR-CRRIની ટેક્નોલોજી મુજબ પ્રોસેસ કરી શકાય છે.



# રાંદેર રોડની પ્રેસિડન્સી સ્કૂલમાં વિશિષ્ટ વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો

## સમારંભમાં શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો મેળાવડો જામ્યો

સુરત, તા.૨૬

ન્યુ રાંદેરરોડ સ્થિત પ્રેસિડન્સી સ્કૂલમાં માર્ચ, ૨૦૨૫ ની S.S.C. & H.S.C. બોર્ડ પરીક્ષામાં A-1 ગ્રેડથી વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓ તથા પ્રેસિડન્સી સ્કૂલમાં ધોરણ ૧૨ સુધી અભ્યાસ કરીને આગળ વધેલા C.A., એન્જિનિયર્સ, ડોક્ટર્સ, વકીલ, પ્રોફેસર્સ, અન્ય વિશિષ્ટ કારકિર્દીમાં આગેકદમ માંડનાર વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો .આ પ્રસંગે જાણીતા લોકલાડીલા ગુજરાતના નાટ્ય કલાકાર અને શિક્ષણવિદ્ પદ્મશ્રી યઝદીભાઈ કરંજિયા મુખ્ય અતિથિપદે અને સુરતના જાણીતા ફેમિલી ફિઝિશ્યન શ્રી ડૉ. વિનોદભાઈ શાહ અતિથિવિશેષપદે પધાર્યા હતા. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને અગાઉથી માહિતી મેળવી આમંત્રણ મોકલવામાં આવ્યું હતું. એ મુજબ તમામ વિદ્યાર્થીઓ પોતાના નીજી ધંધા/વ્યવસાય/નોકરીમાંથી અનુકૂળતા કરીને હાજર રહ્યા હતા અને ગર્વપૂર્વક સન્માનનો સ્વીકાર કર્યો હતો. ઉપસ્થિત વિદ્યાર્થીઓને તેઓના નામની ટ્રોફી બનાવીને એનાયત કરવામાં આવી હતી. આદરણીય ડૉ. વિનોદભાઈ શાહે જણાવ્યું હતું કે પ્રેસિડન્સીમાં વિદ્યાર્થીઓ આનંદમય થઈને આવ્યા છે પ્રેસિડન્સી સ્કૂલનું વાતાવરણ જ કંઈક અલગ છે , આવો અલગ કાર્યક્રમ પ્રેસિડન્સી સ્કૂલ કરી શકે. વિદ્યાર્થીઓને અહી ખરા હ્દયથી સન્માન્યા છે, તે ગર્વની બાબત છે. પદ્મશ્રી યઝદીભાઈ કરંજીયાએ કહ્યું કે વિદ્યાર્થીઓને પ્રેમ અને આનંદથી સંસ્કારી બનાવી બહાર મોકલ્યા બાદ વિદ્યાર્થીઓને ફરી પાછા બોલાવીને આવું સન્માન માત્ર પ્રેસિડન્સી સ્કૂલ જ કરી શકે. આ સન્માન સમારોહમાં વાલીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. આદરણીય

અનુસંધાન પાના ૭ પર

# સુર્યા મરાઠી હત્યા કેસમાં તમામ ૯ આરોપીઓનો નિર્દોષ છુટકારો

## ફરિયાદ પક્ષ કેસ પુરવાર કરવામાં નિષ્ફળ જતા કોર્ટે આરોપીઓને છોડી મૂક્યા

સુરત, તા.૨૬

તા.૧૨/૦૨/૨૦૨૦ ના રોજ સુરેશ ઉર્ફે સુર્યા મરાઠીની હત્યા થવા બાબતે ચોકબજાર પો.સ્ટે. પાર્ટ-એ,ગુ.ર.નં.૧૧૨૧૦૦૧૨૨૦૦૨૪૧/૨૦૨૦થી ઈ.પી.કો. કલમ-૩૦૨, ૧૪૩, ૧૪૪, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૨૦(બી), ૪૫૨, ૪૫૦, ૨૦૧ તથા જી.પી. એકટની કલમ-૧૩૫(૧) વિગેરે મુજબની ફરીયાદ રજીસ્ટર્ડ થયેલ. જે કામે આરોપી નામે (૧) સતીષ ઉર્ફે સત્યા ઉર્ફે બાબુ મરાઠી સુરેશભાઈ ધાડગે, (૨) રાહુલ ઉર્ફે એપાર્ટમેન્ટ ભાઈદાસભાઈ પીંપળે, (૩) સફીઉલ્લાહ મોહંમદ સફી શેખ, (૪) અમોલ તુકારામ જીણે, (૫) રોહીત ઉર્ફે મુન્નો દુધવાલા સુરેન્દ્રભાઈ શુકલા, (૬) વિકાસ ઉર્ફે વિકીયો અંકુશ મગરે, (૭) જયેશ ઉર્ફે જય જ્ઞાનેશ્વર પોલ, (૮) શૈલેષ ઉર્ફે શૈલેષ પટેલ જીવરાજ વાટલીયા, (૯) કુલદીપ ઉર્ફે કુલદીપ ટકો અશોકભાઈ પટેલ નાઓની ત.ક.અમલદારે નવ આરોપીઓની ધરપકડ કરેલ અને તપાસ પુર્ણ કરી નામદાર કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કરેલ. જેના આધારે મજકુર કેસ સેશન્સ કેસ નં. ૩૩૭/૨૦૨૦ થી નામદાર સેશન્સ કોર્ટમાં ચાલવા ઉપર આવતા આરોપીઓ તર્ફે એડવોકેટશ્રી મુખ્તીયાર એ.

આભાર - નિહારીકા રવિયા શેખ, ગૌતમ આઈ. દેસાઈ, યાહ્યા એમ. શેખ, રવિ જી. દેસાઈ નાઓ હાજર થયેલા અને કેસ કાર્યવાહી દરમ્યાન આરોપી તરફે બચાવ કરી જરૂરી દલીલો રજુ કરેલ. ત્યારબાદ નામ.કોર્ટ દ્વારા બંને પક્ષોની દલીલો સાંભળી ફરીયાદ પક્ષ પોતાનો કેસ નિશંકપણે પુરવાર કરવામા નિષ્ફળ નીવડેલ હોય તેવુ વિગતવારનું અવલોકન કરી સદર કામે સુર્યા મરાઠી મર્ડર કેસના તમામ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો તા.૨૫/૦૭/૨૦૨૫ ના રોજ હુકમ કરેલ છે.




**ડો. અતુલભાઈ પાઠકજીએ ઇતિહાસ અંગે લખેલાં બે પુસ્તકો ઈસ્ટ ઈન્ડિયા કંપની અને બ્રિટીશ સલ્તનતનાં લોકાર્પણ પ્રસંગે ડાબેથી શ્રી જાદવભાઈ વેંકરિયા, આચાર્યા નંદિનીબહેન શાહ, પ્રો.સૂર્યકાન્તભાઈ શાહ, શ્રી ક્ષિતીજભાઈ દેસાઈ, લેખક ડો. અતુલભાઈ પાઠકજી, ડો.સુષ્માબહેન અય્યર અને આચાર્યા બિનાબહેન કેળાવાળા નજરે પડે છે.**

# સિધ્ધનાથ મહાદેવ મંદિર રોડ પર ભારે વાહનો માટે પ્રતિબંધ

## સરસ ગામ તરફના રસ્તા પર ડાયવર્ઝન અપાયું

સુરત, તા.૨૬

સુરત જિલ્લામાં પવિત્ર શ્રાવણ માસ શરૂ થતાં ઓલપાડ ખાતે આવેલા સુપ્રસિધ્ધ સિધ્ધનાથ મહાદેવના મંદિરે ઓલપાડ તાલુકાના તેમજ સુરત શહેર, હાંસોટ, ભરૂચ, નવસારી સહિતના ગામોમાંથી ભાવિકભક્તો પગપાળા કાવડ લઈને દર્શનાર્થે આવતા હોય છે. તેથી ઓલપાડ જતાં હાઈવે માર્ગ પર દર્શનાર્થી અને હજીરાથી આવતા ભારે વાહનોને પગલે અકસ્માતની શક્યતા ઘટાડવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી વિજય રબારીએ એક જાહેરનામા દ્વારા લોકોની સલામતી અને સુગમ ટ્રાફિક વ્યવસ્થા અર્થે ટ્રાફિક ડાયવર્ઝનનું જાહરનામું પ્રસિદ્ધ કર્યું છે. જે અનુસાર, બંધ કરાયેલા રસ્તા આ મુજબ છે. જેમાં,(૧) નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર કીમ ચાર રસ્તાથી કીમ થઈ વડોલી વાંક સર્કલ થઈ ઓલપાડ તરફ આવતા (૨) સરોલી બ્રીજ થઈ ઓલપાડ તરફ આવતા (૩) સાયણ ઓવર બ્રીજ થઈ ઓલપાડ તરફ આવતા અને (૪) કુદિયાણા ત્રણ રસ્તાથી સરસ તરફ આવતા ભારે વાહનો પર પ્રતિબંધ મુકાયો છે. ઉપરોક્ત બંધ કરાયેલા રસ્તાના વૈકલ્પિક રુટ આ મુજબ છે. જેમાં (૧) હજીરાથી મોટા ટ્રેઈલર જેવા ૬ વ્હીલ કે તેથી વધારે તરફ વ્હીલવાળા ઓલપાડ આવતા વાહનોને વૈકલ્પિક વ્યવસ્થા તરીકે હજીરાથી સચીન રોડ થઈ પલસાણા ચોકડીથી પસાર કરવામાં આવે અને (૨) નેશનલ હાઈવે ૪૮ કીમ ચાર રસ્તાથી કીમ થઈ વડોલી વાંક સર્કલ થઈ ઓલપાડ તરફ આવતા ભારે વાહનોને વૈકલ્પિક વ્યવસ્થા તરીકે કીમ ઈન્ટરચેંજથી વડોદરા-મુંબઈ એક્સપ્રેસ-વે. પેકેજ-૬ દાખલ થઈ એના ઈન્ટરચેંજથી પલસાણા ચોકડીથી પસાર કરવામાં આવે. ડાયવર્ટ કરાયેલા રસ્તા (૧) રવિવાર તા.૨૭/૦૭/૨૦૨૫થી સોમવાર તા.૨૮/૦૭/૨૦૨૫ સુધી,(૨) રવિવાર તા.૦૩/૦૮/૨૦૨૫થી સોમવાર તા.૦૪/૦૮/૨૦૨૫ સુધી,(૩) રવિવાર તા.૧૦/૦૮/૨૦૨૫થી સોમવાર તા.૧૧/૦૮/૨૦૨૫ સુધી,(૪) રવિવાર તા.૧૭/૦૮/૨૦૨૫થી સોમવાર તા.૧૮/૦૮/૨૦૨૫ સુધી બંધ રહેશે. આ હુકમનો ભંગ કરનાર સજાને પાત્ર ગણાશે.

# ખ્વાજા દાના સાહેબ દરગાહ નો તા.૨૯થી સંદલ ઉર્સ ઉજવાશે

## બડેખા ચકલા વિસ્તારમાં સાફ-સફાઈ સહિતની કામગીરી કરવા માજી કોર્પોરેટર ઈકબાલ પટેલની માંગ

સુરત, તા.૨૬

સમગ્ર દક્ષિણ ગુજરાત સહિત દેશ ભરમાં સુપ્રસિદ્ધ ઓલીયા શહેનશાહે સુરત હઝરત ખ્વાજા દાના સાહબની દરગાહ શરીફ બડેખા ચકલા સંદલ ઉર્સની ઉજવણી કોમી એકતાના માહોલમાં ૪૩૧ માં વર્ષનો સંદલ તા.૨૯-૦૭-૨૦૨૫ ના મંગળવારના અને ઉર્સ તા.૩૦-૦૭-૨૦૨૪ બુધવારના રોજ સજ્જદાનશીન મીર સૈયદ ફીરોઝ સૈયદ ઈબ્રાહીમની સરપરસ્તીમાં થશે. આ પ્રસંગે પૂર્વ કોર્પોરેટર ઈકબાલભાઈ પટેલ, દરગાહ ટ્રસ્ટીઓ સૈયદ આહમદભાઈ, સૈયદ અલ્તાફભાઈ તથા હાજી નાશીરભાયા, મુન્ના બાપુ, હાજી ખલીલભાઈ ચાવાળા, ગુલામ મુસ્તુફા, અલાઉદ્દીન પટેલ, સમીર નાનવાલા, આરીફ ટેલર, અમીન બાપુ વગેરે દરગાહ શરીફના આજુબાજુના વિસ્તારમાં બડેખા ચકલામાં મુખ્ય માર્ગ સાગર હોટલ પાસે, ઢીંગલી ફળીયા, કાજીનું મેદાન, પખાલીવાડ, નાનપુરા, બાલાપીર દરગાહ પાસે, ગોપીપુરા, મોમનાવાડ મેઈન રોડ થી સગરામપુરા ચોકી સુધી વગેરે વિસ્તારમાં સાફ-સફાઈ કાર્ય જંતુનાશક દવાનો છંટકાવ, બ્રશીંગ સ્કેપીંગ પેચવર્ક પાણીની પરબો પર બે દિવસ વિના મુલ્યે પાણીના ટેન્કરો ફાળવવા, ડ્રેનેજ લાઈન સાફ સફાઈ કરાવવી આ ઉપરાંત બંધ પડેલી સ્ટ્રીટ લાઈટો

અનુસંધાન પાના ૭ પર

## પુણાથી હર્ષ નવાપરીયા ગુમ

સુરત, તા.૨૬

પુણાપોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૧૪/૦૭/૨૦૨૫ના રોજગરકોટડી,તા.બાબરા,જી.અમરેલી, ખાતે રહતામનસુખભાઈનવાપરીયાના ૧૯ વર્ષીય પુત્ર હર્ષનવાપરીયાગુમ થયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૬ ફૂટ છે. તેમણે બ્લૂ ટી-શર્ટ,કાળીપેન્ટઅને પગમાકાળી ચપ્પલ પહેર્યાછે. કોઈને ભાળ મળે તો તેમણેનજીકના પોલીસ સ્ટેશન અથવાપુણાપોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## કતારગામથી પિનલ પરમાર ગુમ

સુરત, તા.૨૬

સિંગણપોરપોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૦૪/૦૬/૨૦૨૫ના ર ા ્ જ રઘુવીરગૌશાળા,એવલોનબિલ્ડિંગનીસામે,આબાંતલાવડી,કતારગામ (મૂળ રહે. ગામ-ગામડી,તા.જાલોદ,જી.દાહોદ),ખાતે રહતાઉમેશભાઈપરમારના૨૨ વર્ષીયપિનલપરમારગુમ થયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૦ફૂટ છે. તેમણે સફેદ ડ્રેસઅનેબ્લેકચપ્પલપહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણેનજીકના પોલીસ સ્ટેશન અથવાસિંગણપોરપોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## લસકાણાથીસપનાખરાડી ગુમ

સુરત, તા.૨૬

લસકાણા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર,તા.૧૪/૦૬/૨૦૨૫ ના રોજ ઘર નં.૩૦,ઉમિયા માતા મંદિર પાસે, લસકાણા (મૂળ રહે. ગામ-ખેરખુટા, તા. સૈલાના, જિ-શિવગઢ,મધ્યપ્રદેશ), ખાતે રહેતાપ્રભુલાલખરાડીના ૧૭ વર્ષીય પુત્રીસપનાઉર્ફેરવિનાખરાડીગુમ થયા છે.તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૪.૨ફૂટ છે. તેમણે મરૂણ અને સફેદ ચણિયા ચોળી પહેર્યો છે. કોઈને ભાળ મળે તો તેમણેનજીકના પોલીસ સ્ટેશન અથવાલસકાણાપોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## ચોકબજારથી મહેરૂનિશા આલમ ગુમ

સુરત, તા.૨૬

ચોકબજારપોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૧૩/૦૬/૨૦૨૫ના રોજ ઘર નં.૨૦૩,અલસદએપાર્ટમેન્ટ,સાબરીનગર,ફુલવાડી (મૂળ રહે. ગામ-બર્કા,તા-હઠુઆ,જી-ગોપાલગંજ,બિહાર) ખાતે રહેતામોહમ્મદઅલાઉદીનઆલમના૫૦ વર્ષીય પત્ની મહેરૂનિશાઅલાઉદીન આલમ ગુમ થયા છે. તેઓ શરીરે મજબૂત બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૫ ફૂટ છે. તેમણે વાદળી સૂટ અને પગમાં ચપ્પલ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણેનજીકના પોલીસ સ્ટેશન અથવા ચોકબજારપોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## ભેસ્તાનથીઆંશુરાયગુમ થયા

સુરત, તા.૨૬

ભેસ્તાન પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર,તા.૧૦/૦૭/૨૦૨૫ ના રોજ ઘર નં.૦૨, ઉનભેસ્તાન (મૂળ રહે. ગામ-ભટવાલીયા,જી.ગાઝીપુર, ઉત્તરપ્રદેશ), ખાતે રહેતા અંજની કુમાર રાયના ૧૪વર્ષીયપુત્રીઆંશુરાયગુમ થયા છે.તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૪.૧ ફૂટ છે. તેમણે પીળી કુર્તી, સફેદલેગિસઅનેલાલદુપટ્ટોપહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણેનજીકના પોલીસ સ્ટેશન અથવા ભેસ્તાન પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.



# ઈફકો સહકાર રત્ન એવોર્ડ સુમુલના ૨.૫૦ લાખ સભાસદોને સમર્પિત કરતા માનસિંહભાઈ પટેલ

## સોનગઢ ખાતે માનસિંહભાઈ પટેલનો સન્માન સમારોહ આદિજાતિ વિકાસ મંત્રી કુંવરજી હળપતિના અધ્યક્ષ પદે યોજાયો

સુરત, તા.૨૬

સોનગઢ તાલુકાની દૂધ મંડળીઓ,સેવા સહકારી મંડળીઓ,એપીએમસી અને વ્યારા સુગર ફેકટરીના સભાસદો દ્વારા મહારાજા અગ્રસેન ભવન,સોનગઢ ખાતે સુમુલ ડેરીના પ્રમુખ 'ઈફકો સહકાર રત્ન' એવોર્ડ પ્રાપ્ત કરનાર માનસિંહભાઈ પટેલનો સન્માન સમારોહ આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર, ગ્રામ વિકાસ રાજ્ય મંત્રી કુંવરજીભાઈ હળપતિના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ પ્રસંગે કુંવરજીભાઈ હળપતિએ માનસિંહભાઈને સન્માનિત કરતા કહ્યું કે,.૪૦ વર્ષથી વધુ સમયથી સહકારી ક્ષેત્રે સેવારત માનસિંહભાઈ સહકારિતાના રત્ન સમાન છે. મહુવા અને વ્યારા સુગરના પ્રમુખ તરીકે પણ સેવારત માનસિંહભાઈએ આદિવાસી ખેડૂત અને પશુપાલક તરીકે સામાન્ય જીવનથી શરૂઆત કરી હતી અને આજે સહકાર ક્ષેત્રે સીમાચિહ્નરૂપ કાર્ય કરી રહ્યા છે. મંત્રીશ્રીએ કહ્યું કે, રાજ્ય સરકારે આદિજાતિ બાંધવો માટે કરોડનું માતબર બજેટ ફાળવ્યું છે અને અને યોજનાઓએ આદિવાસીઓના જીવનને ઉન્નત કર્યું છે. આવનારા સમયમાં તમામ દૂધ મંડળીઓ પર સોલર પેનલ લગાવવાની કામગીરી કરવામાં આવશે. આ પ્રસંગે માનસિંહભાઈ પટેલે જણાવ્યું હતું કે, ઈફકો સહકાર રત્ન એવોર્ડ સુમુલના ૨.૫૦ લાખ સભાસદોને સમર્પિત છે એમ જણાવી માનસિંહભાઈએ કહ્યું કે, સુમુલ ડેરી રૂ.૧૦૦ની આવકમાંથી ૮૪ રૂપિયા દૂધ ઉત્પાદક પશુપાલકોને આપે છે. ૨૫૦ લીટરના દૂધ ભરણાથી શરૂ થયેલ સુમુલ ડેરીમાં આજે દરરોજ ૧ લાખ ૪૦ હજાર પશુપાલકો દૈનિક ૨૨ લાખ લીટર દૂધ ભરે છે. દક્ષિણ ગુજરાતના સફળ સહકારી મોડેલ સમાન સુમુલ ડેરી સાથે લાખો પરિવારોનો ભરોસો જોડાયેલો છે એમ જણાવી સૌનો ઋણસ્વીકાર કર્યો હતો. જીલ્લા ભાજપ પ્રમુખ સુરજ વસાવા અને ધારાસભ્ય શ્રી જયરામભાઈ ગામીતે પ્રસંગને અનુરૂપ સંબોધન કર્યું હતું. આ પ્રસંગે તાપી જીલ્લા ભાજપ પ્રમુખ સુરજ વસાવા,ધારાસભ્ય શ્રી જયરામભાઈ ગામીત, શ્રી મોહનભાઈ કોંકણી,સુમુલ ડેરીના ડિરેક્ટરો જયેશભાઈ પટેલ અને ભરતસિંહ તથા સહકારી અગ્રણીઓ, દૂધ મંડળીઓ, સેવા સહકારી મંડળીઓના સભાસદો, ઉપસ્થિત રહ્યા હતા.

# કોલેજના વિદ્યાર્થીઓ માટે રોડ સેફ્ટી અંગે સેમિનાર યોજાયો

## સલામત પરિવહન વિશે જનજાગૃત્તિ અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન



સુરત, તા.૨૬

સુરતમાં અઠવાગેટ વિસ્તારમાં આવેલ ઝેડ.એફ. વાડિયા વિમેન્સ કોલેજ અને એન.કે.ઝોટા કોમર્સ કોલેજના એન.એસ.એસ. વિભાગ ખાતે સલામત પરિવહન અંગે સેમીનારમાં ૫૩૦થી વધુ વિદ્યાર્થિનીઓ ભાગ લીધો હતો. કેન્દ્રીય પરિવહન મંત્રી શ્રી નીતિન ગડકરી જીના માર્ગદર્શન હેઠળ "પરવાહ કરેંગે સુરક્ષિત રહેંગે" થીમ આધારિત કાર્યક્રમમાં સુરતના ડિસ્ટ્રિક્ટ ટ્રાફિક એજ્યુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટીના પ્રેસિડેન્ટ તથા રોડ સેફ્ટી ટ્રેનરશ્રી બ્રિજેશ વર્મા દ્વારા ઓડિયો વિઝ્યુઅલ પદ્ધતિથી મિનિસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ વિભાગ તેમજ અલગ અલગ ઉદાહરણો દ્વારા સમજૂતી આપવામાં આવેલ હતી

જેમકે રોંગ સાઈડ વાહન ચલાવવાથી ગંભીર અકસ્માતો અને તેના નિવારણ માટે ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. વાહન ચલાવવાના નિયમો, ટ્રાફિકની નિશાનીઓ અને સીટ બેલ્ટ, હેલ્મેટના મહત્વ અંગે તલસ્પર્શી સમજ આપવામા આવેલ વિદ્યાર્થિનીઓને "રોડ સેફ્ટી સલામત પરિવહન અંતર્ગત" ટ્રાફિક નિયમો, માર્ગ સલામતી અંગેની જાગૃત્તિ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

રોડ અકસ્માત નિવારણ અંગે આજના યુવાનોને ટ્રાફીક નિયમો પાલન કરવા તથા સરકારી વિભાગની રોડ સેફ્ટી અંગેની અલગ અલગ યોજનાઓ તેમજ સદર કામગીરીમાં સાથ સહકારની અપેક્ષા વ્યકત કરી હતી. તેમજ માર્ગ સલામતી માટેના ટ્રાફિક વિભાગ અને સરકારના પ્રયાસો અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત સેમિનારમાં પ્રેક્ટિકલ કરાવીને રસ્તા પર પગપાળા ચાલવાની અને વાહન ચલાવવાની સાઈડ વિશે અને લેન ડ્રાઈવિંગ અંગેની સમજૂતી આપવામાં આવેલ, સરકારશ્રીની

અનુસંધાન પાના ૭ પર




**આજે કારગીલ વિજય દિવસ નિમિત્તે પીપલોદ ગૌરવપથ સ્થિથ કારગીલ શહીદ સ્મારક ચોકમાં મેયર દક્ષેશભાઈ માવાણી, મ્યુનિ. કમિશનર શાલિની અગ્રવાલ વગેરે મહાનુભાવોએ કારગીલ યુદ્ધમાં શહીદ થયેલા વિર જવાનોને શ્રદ્ધાંજલી પાઠવી હતી.**

# આવતી કાલે સુરત શહેર ગોવિંદા ઉત્સવ સમિતિની મહત્વની બેઠક

## ભાગળ ચાર રસ્તા ખાતેની મુખ્ય મટકી કોણ ફોડશે તે રવિવારે નક્કી થશે


સુરત, તા.૨૬

સુરત શહેર ગોવિંદા ઉત્સવ સમિતિની રવિવાર ૨૭ જુલાઈ ૨૦૨૫ સિટીલાઈટ સાયનસ સેન્ટર ખાતે પ્રદેશ અધ્યક્ષ શ્રી સી આર પાટીલ સાહેબના અધ્યક્ષ સ્થાને મહત્વની મિટિંગનું આયોજન ભાગળ ચાર રસ્તા ખાતેની મટકીનો ડ્રો, લિંબાયત ખાતેની મટકીનો ડ્રો, તેમજ અડાજણ મોરાભાગળ ખાતે ની, મટકીફોડની રૂપ-રેખા નક્કી કરવામાં આવશે.

સુરત શહેર ગોવિંદા ઉત્સવ સમિતિના પ્રમુખ ગણેશભાઈ પી સાવંત દ્વારા જણાવવામાં આવે છે કે તારીખ ૨૭/૦૭/૨૦૨૫ રવિવારના રોજ સવારે ૯:૩૦ કલાકે ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર.પાટીલ સાહેબના આગેવાનીમાં એક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું છે જે મિટિંગમાં ભાગળ ચાર રસ્તા ખાતેના મટકી માટેના ડ્રો તેમજ યુથ ફોર ગુજરાત દ્વારા લિંબાયત ખાતેના મટકી ફોડ નો ડ્રો કરવામાં આવશે તેમજ અડાજણ વિસ્તારમાં તાપી નમસ્તુભ્યમ મટકી ફોડ કાર્યક્રમની રૂપરેખા જણાવવામાં આવશે આ મિટિંગમાં યુથ ફોર ગુજરાતના પ્રમુખ શ્રી જીગ્નેશભાઈ પાટીલ, માજી ભાજપ ઉપપ્રમુખ શ્રી છોટુભાઈ પાટીલ અને કુણાલભાઈ સેલાર કોર્પોરેટર ઉપસ્થિત રહેશે તેમ જ ગોવિંદા મંડળના આગેવાનો તથા મહિલા મંડળના આગેવાનો સમયસર ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો છે આ મીટીંગ બપોરે ૧૨:૩૦ વાગ્યે સમાપ્ત કરવામાં આવશે તેવું સમિતિએ જણાવ્યું છે તો આ મિટિંગમાં આપ સહુ પત્રકાર તથા કેમેરામેન મિત્રો ને ઉપસ્થિત રહેવા આમંત્રણ છે.

## ગુજરાતના એકમાત્ર હિલ સ્ટેશન પર ૨૬ જુલાઈથી ૧૭ ઓગસ્ટ સુધી જામશે 'સાપુતારા મોનસૂન ફેસ્ટિવલ ૨૦૨૫'નો રંગ

# સાપુતારા મોનસૂન ફેસ્ટિવલઃ ડાંગ આવતા પ્રવાસીઓની સંખ્યામાં થયો અભૂતપૂર્વ વધારો, ૨૦૨૪માં ૨૬.૯૧ લાખ લોકો આવ્યા





### તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિઝનથી શરૂ થયેલ સાપુતારા મોનસૂન ફેસ્ટિવલ આજે દેશ વિદેશના પ્રવાસીઓમાં બન્યો આકર્ષણનું કેન્દ્ર

**ગાંધીનગર, ૨૫ જુલાઈઃ ગુજરાત ઉત્સવપ્રિય રાજ્ય છે, જે દરેક ઉત્સવ સાથે તેની વૈવિધ્યપૂર્ણ સંસ્કૃતિની ઉજવણી કરે છે. રાજ્યના ડાંગ જિલ્લામાં સ્થિત અને ગુજરાતના ચેરાપુંજી તરીકે ઓળખાતું સાપુતારા વર્ષાઋતુમાં સોળે કળાએ ખીલી ઊઠે છે અને આ રમણીય હિલ સ્ટેશન પર પ્રવાસીઓનો અભૂતપૂર્વ ધસારો જોવા મળે છે. એમાં પણ દર વર્ષે યોજાતા સાપુતારા મોનસૂન ફેસ્ટિવલનું પ્રવાસીઓમાં વિશેષ આકર્ષણ હોય છે. આ ઉત્સવને કારણે સાપુતારામાં પ્રવાસનની સાથે-સાથે સ્થાનિક રોજગારીને પણ પ્રોત્સાહન મળ્યું છે. આ વર્ષે સાપુતારા મોનસૂન ફેસ્ટિવલ ૨૬ જુલાઈ ૨૦૨૫થી ૧૭ ઓગસ્ટ ૨૦૨૫ દરમિયાન યોજાશે અને તેના વિવિધ આકર્ષણોથી મુલાકાતીઓને મંત્રમુગ્ધ કરશે. તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિઝનથી સાપુતારા ફેસ્ટિવલની શરૂઆત કરવામાં આવી હતી. આજે આ ફેસ્ટિવલ દેશ-વિદેશના પ્રવાસીઓમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.**

#### આદિવાસી સંસ્કૃતિ અને સ્થાનિક પરંપરાઓના પ્રચારનું માધ્યમ બન્યો સાપુતારા મોનસૂન ફેસ્ટિવલ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર ડાંગમાં પર્યટન, વિકાસ અને રોજગારીને વેગ આપવા માટે પ્રતિબદ્ધ છે. તેમના માર્ગદર્શનમાં ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ (TCGL) દ્વારા આયોજિત સાપુતારા મોનસૂન ફેસ્ટિવલ ૨૦૨૫નો ૨૬ જુલાઈએ રંગેચંગે પ્રારંભ થશે અને સાપુતારા વિવિધ સાંસ્કૃતિક અને પ્રાદેશિક પ્રવૃત્તિઓ દ્વારા જીવંત બની જશે. આ ફેસ્ટિવલ આદિવાસી સંસ્કૃતિ, કુદરતી સૌંદર્ય અને સ્થાનિક પરંપરાઓના પ્રચારનું માધ્યમ બન્યો છે. આ મહોત્સવમાં ભાગ લેવા અને મહોત્સવને નિહાળવા માટે ન માત્ર ગુજરાત પરંતુ અન્ય રાજ્યોમાંથી પણ સહેલાણીઓ ઉમટી પડે છે.

#### ગ્રાન્ડ ફોક કાર્નિવલ પરેડમાં ૧૩ રાજ્યોના ૩૫૦થી વધુ કલાકારો ભાગ લેશે

અખૂટ કુદરતી સૌંદર્ય ધરાવતા ગિરિમથક સાપુતારામાં આયોજિત મોનસૂન ફેસ્ટિવલની ખાસિયત એ છે કે પ્રવાસીઓને ડાંગની સમૃદ્ધ સંસ્કૃતિ, રીતિ રિવાજ, પરંપરાગત ભોજન, રહેણી કરણી, નૃત્ય કળાની ઝલક તો જોવા મળે છે, સાથે વિવિધ ભાતીગળ સંસ્કૃતિની પણ ઝાંખી થાય છે. સાપુતારા મોનસૂન ફેસ્ટિવલ ૨૦૨૫માં આ વર્ષે પ્રથમ વખત એક ભારત શ્રેષ્ઠ ભારત હેઠળ ગ્રાન્ડ ફોક કાર્નિવલ પરેડનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ૧૩ રાજ્યો- ગુજરાત, મહારાષ્ટ્ર, પંજાબ, રાજસ્થાન, પશ્ચિમ બંગાળ, આસામ, મધ્ય પ્રદેશ, તેલંગાણા, કર્ણાટક, હિમાચલ પ્રદેશ, હરિયાણા અને ઓડિશાના ૩૫૦થી વધુ કલાકારો ભાગ લેશે. આ કલાકારો પરેડમાં પરંપરાગત પ્રોપ્સ સાથે જીવંત લોક પરંપરાઓ રજૂ કરશે. તો આ વર્ષે રેઈન ડાન્સ અને નેચર વૉક જેવી પ્રવૃત્તિઓ પણ શરૂ કરવામાં આવી છે.

#### પ્રવાસીઓને વિવિધ શાસ્ત્રીય કળા અને લોક પરંપરાઓને નિહાળવાની મળશે તક

સાપુતારા મોનસૂન ફેસ્ટિવલમાં આયોજિત "ગ્રાન્ડ ક્લાસિકલ અને લોક પ્રદર્શન"માં ૧૩ રાજ્યો- ગુજરાત, દિલ્હી, તમિલનાડુ, મણિપુર, કેરળ, રાજસ્થાન, કર્ણાટક, મહારાષ્ટ્ર, પંજાબ, હિમાચલ પ્રદેશ, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ અને આસામના ૮૦થી વધુ કલાકારો તેમની શાસ્ત્રીય અને લોક પરંપરાઓ દ્વારા ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક રંગો રજૂ કરશે. મોનસૂન ફેસ્ટિવલના અન્ય મુખ્ય આકર્ષણોમાં ગીતાબેન રબારી, પાર્થ ઓઝા અને રાગ મહેતા જેવા પ્રખ્યાત ગુજરાતી કલાકારો ઉપરાંત કેરળનું પ્રખ્યાત થેકકિનકાડુ અટ્ટમ મ્યુઝિકલ બૅન્ડ પણ ખાસ પર્ફોર્મન્સ રજૂ કરશે. એટલું જ નહીં, પ્રવાસીઓને સમગ્ર સાપુતારામાં ટેબ્લો શૉ જોવા મળશે, તો સન્ડે સાઈક્લોથોન, દહીં હાંડી સ્પર્ધા સાથે જન્માષ્ટમીની ઉજવણી અને સ્વતંત્રતા દિવસે આયોજિત મિનિ મૅરથોન વગેરે કાર્યક્રમો સાંસ્કૃતિક અને દેશભક્તિની ભાવનાને ઉજાગર કરશે.

#### સાપુતારા મોનસૂન ફેસ્ટિવલથી સ્થાનિક સમુદાયો અને વ્યવસાયોને થયો આર્થિક લાભ

સાપુતારા મોનસૂન ફેસ્ટિવલમાં પ્રવાસીઓના આગમનના પરિણામે ડાંગ અને તેના આસપાસના વિસ્તારોમાં રોજગારીની સાથે આવકના સ્ત્રોત વધ્યા છે જેથી જીવન સ્તરમાં સુધારો થયો છે. સાપુતારા આવતા પ્રવાસીઓ ડાંગની સ્થાનિક સંસ્કૃતિ સાથે પરિચય કેળવે અને સ્થાનિક કલાકારોને પણ રોજગારી મળી રહે તે હેતુથી સાપુતારા મોનસૂન ફેસ્ટિવલમાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન થતું હોય છે. આ વખતે ફેસ્ટિવલ અંતર્ગત સાપુતારા મેઈન સર્કલ, ગવર્નર હિલ અને સાપુતારા લેક બોટ ક્લબ ખાતે સ્થાનિક કલાકારો દ્વારા દૈનિક સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. તો મેઈન ડોમ ઈવેન્ટ્સ એરિયામાં ટ્રાઈબલ ફૂડ ફેસ્ટિવલ, ટ્રાઈબલ ટેટૂ વર્કશોપ, ટ્રાઈબલ આર્ટ એન્ડ ક્રાફ્ટ સ્ટોલ, વરલી પેઈન્ટિંગ વર્કશોપ, લોક સંગીત, મૅજિક શૉ વગેરે પ્રવૃત્તિઓ પ્રવાસીઓનો અનુભવ યાદગાર બનાવશે.

#### ડાંગ આવતા પ્રવાસીઓની સંખ્યામાં થયો અભૂતપૂર્વ વધારો

સાપુતારાનું આહલાદક વાતાવરણ અને કુદરતી સૌંદર્ય હંમેશથી પ્રવાસીઓની પ્રથમ પસંદ રહ્યું છે. રાજ્ય સરકારના પ્રવાસન નિગમ દ્વારા આયોજિત મોનસૂન ફેસ્ટિવલની ફળશ્રુતિરૂપે ડાંગ આવતા પ્રવાસીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો નોંધાઈ રહ્યો છે. ૨૦૨૨માં સાપુતારા આવનારા લોકોની સંખ્યા ૮.૧૬ લાખ હતી, જે ૨૦૨૩ અને ૨૦૨૪માં અનુક્રમે ૧૧.૧૩ લાખ અને ૧૧.૬૭ લાખ નોંધાઈ હતી. ડાંગ જિલ્લામાં આવનારા પ્રવાસીઓની વાત કરીએ, તો ૨૦૨૨માં ૧૦.૪૦ લાખ, ૨૦૨૩માં ૨૨.૪૦ લાખ અને ૨૦૨૪માં ૨૬.૯૧ લાખ જેટલા લોકોએ જિલ્લાની મુલાકાત લીધી હતી. ગુજરાત સરકારે માળખાગત વિકાસ, વિશિષ્ટ ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કાર્યક્રમોના આયોજન અને આદિજાતિ વિકાસ માટેની યોજનાઓના અમલીકરણ દ્વારા ડાંગ જિલ્લાને રાષ્ટ્રીય સ્તરે પ્રવાસન નકશા પર સ્થાન અપાવ્યું છે.




# લુસિયા સિલ્વેસ્ટરી અને પ્રિયંકા ચોપડા જોનાસ સાથે રંગબેરંગી રત્નોની સફર

### બ્વલગારી જ્વેલરી ક્રિએટિવ અને રત્નો ખરીદનાર ડિરેક્ટર લુસિયા સિલ્વેસ્ટરી અને વૈશ્વિક રાજદૂત પ્રિયંકા ચોપડા જોનાસ ભારતની રંગબેરંગી સફર પર નીકળ્યા, જ્યાં મેઇસનની સર્જનાત્મકતા શરૂ થાય છે

બ્વલગારી ખાતે, દરેક હાઈ જ્વેલરી માસ્ટરપીસ એક સ્પાર્કથી શરૂ થાય છેઃ એક રત્ન જેની ઉર્જા, રંગ અને મોહ કલ્પનાને પ્રજ્વલિત કરે છે અને સર્જનાત્મકતા માટે માર્ગ નક્કી કરે છે. આ વખતે, તે જાદુ પહેલા પણ પ્રગટ થયો, દરેક હાઈ જ્વેલરી સર્જનના ખૂબ જ પ્રારંભિક પગલા પરઃ ભારતના જયપુરમાં સંપૂર્ણ, ગતિશીલ રત્નોની શોધ, જ્યાં બ્લગારી જ્વેલરી ક્રિએટિવ અને જેમ્સ બાયિંગ ડિરેક્ટર લુસિયા સિલ્વેસ્ટરી ફરી એકવાર કિંમતી રત્નો પસંદ કરવા માટે પ્રવાસ કરે છે જે મેઈસનના નવીનતમ હાઈ જ્વેલરી કલેક્શન, પોલીક્રોમાનું ધબકતું હૃદય બનશે. શોધની આ જીવંત સફરમાં એક ખાસ મહેમાન તેમની સાથે જોડાયાઃ Bvlgari ગ્લોબલ એમ્બેસેડર પ્રિયંકા ચોપરા જોનાસ, તેમના મૂળના જીવંત ભૂમિ સાથે ફરીથી જોડાઈ રહ્યા છે, કારણ કે તેમણે મ્દ્ગ્નંપ્સ્ઠૌની સર્જનાત્મક પ્રક્રિયામાં પ્રથમ પગલાને આકાર આપતી લાગણી, કુશળતા અને અંતર્જ્ઞાનનો અનુભવ કર્યો હતો. mproume dolro reperecabo. Faccati umquodio.

"ગુલાબી શહેર" તરીકે ઓળખાતું, જયપુર રંગીન રત્નોની વૈશ્વિક રાજધાની છે - સદીઓ જૂની તકનીકો, અસાધારણ કારીગરી અને રુબેલાઈટ્સ, નીલમણિ, ટુરમાલાઈન્સ અને નીલમના કેલિડોસ્કોપિક પેલેટનું ઘર. લુસિયા સિલ્વેસ્ટ્રી, જે તેમની કારકિર્દીમાં ૪૦ થી વધુ વખત જયપુર પરત ફરી છે, તેમના માટે આ શહેર અસાધારણ સામગ્રીના સ્ત્રોત કરતાં વધુ રજૂ કરે છેઃ તે સંસ્કૃતિ તરીકે રંગને જીવંત શ્રદ્ધાંજલિ છે, જ્યાં પ્રકૃતિના ખજાના માનવ કલાત્મકતાને મળે છે.


ભારતમાં જન્મેલી અને ખંડોમાં ઉછરેલી પ્રિયંકા ચોપરા જોનાસ માટે, જયપુરની યાત્રા તેના મૂળ સાથે વ્યક્તિગત પુનઃજોડાણ હતી. શહેરના સમૃદ્ધ રંગો અને પરંપરાઓમાં ડૂબીને, તેણીએ લુસિયા સિલ્વેસ્ટ્રી સાથે રત્ન કાપવાની પૂર્વજોની કારીગરીનું અન્વેષણ કર્યું, જેનાથી ભૂમિ અને તેના સાંસ્કૃતિક વારસા સાથેનો તેમનો સંબંધ વધુ ગાઢ બન્યો. તે પરંપરા અને નવીનતા વચ્ચેનો એક શક્તિશાળી મુકાબલો હતો - જ્યાં ભારતની કાલાતીત ભાવના બ્વલગારીના બોલ્ડ સર્જનાત્મક દ્રષ્ટિકોણને મળે છે.

બ્વલગારીના સર્જનાત્મક બ્રહ્માંડમાં, રંગ શણગાર નથી - તે ડીએનએ છે. તે એક એવી ભાષા છે જે લાગણી, ગતિ, આનંદ અને ઓળખ સાથે વાત કરે છે. દરેક પથ્થર, તેના રંગ, તેજ, આકાર અને ઉર્જા માટે પસંદ કરવામાં આવે છે, તે એક ઊંડાણપૂર્વકની સાહજિક પ્રક્રિયાની શરૂઆત દર્શાવે છે જ્યાં કલ્પના ઉડાન ભરે છે. લુસિયા માટે, રત્નની પસંદગી એ પ્રેમનું કાર્ય છેઃ "જે ક્ષણે હું યોગ્ય પથ્થર જોઉં છું, હું પહેલાથી જ સ્વપ્ન જોવાનું શરૂ કરું છું," તેણી કહે છે. "રંગ વિશે કંઈક છે - તે યાદોને ઉજાગર કરે છે, વિચારોને સ્પાર્ક કરે છે અને પેન્સિલ કાગળને સ્પર્શે તે પહેલાં ડિઝાઈનને જીવંત બનાવે છે."

જયપુરના રJ સપ્લાયર્સની મુલાકાતોના વર્ષો દરમિયાન, લુસિયાએ વિશ્વાસ અને આદર દ્વારા ચિહ્નિત સંબંધો બનાવ્યા છે - જોડાણો જે પડદા પાછળની દુનિયાને છતી કરે છે જે ઘણીવાર અન્ય લોકો માટે અપ્રાપ્ય હોય છે. જયપુરના ઐતિહાસિક મહેલો અને જીવંત શેરીઓ વચ્ચે, તેના લાંબા સમયના સપ્લાયર્સ સાથે વિતાવેલા પ્રેરણાદાયક ક્ષણો દ્વારા, લુસિયાએ પ્રિયંકા સાથે મ્દ્ગ્નંપ્સ્ઠૌ ના હાઈ જ્વેલરીની રચનાઓની તેજસ્વીતા પાછળની ઘનિષ્ઠ, અદ્રશ્ય દુનિયા શેર કરીઃ કારીગર અને રત્ન વચ્ચેનો ફફડાટભર્યો સંવાદ, શોધનો રોમાંચ અને એક જ તેજસ્વી પથ્થર દ્વારા અનલૉક થયેલી અનંત સર્જનાત્મક શક્યતાઓ.

આ યાત્રા Bvlgari ના હાઈ જ્વેલરીની ઉત્પત્તિમાં એક દુર્લભ, ભાવનાત્મક ઝલક આપે છે - જ્યાં અંતર્જ્ઞાન, સાંસ્કૃતિક વારસો અને પ્રકૃતિના અજાયબીઓ એક શક્તિશાળી સંવાદમાં ભેગા થાય છે.

જયપુરમાં રત્નો કાળજીપૂર્વક પસંદ કર્યા પછી, તેઓ રોમ તરફની તેમની યાત્રા શરૂ કરે છે, લુસિયા સિલ્વેસ્ટ્રીના ડેસ્ક પર પહોંચે છે - જ્યાં સાચો જાદુ આકાર લે છે. અહીં, લુસિયા અસંખ્ય સંયોજનો અને શક્યતાઓ સાથે પ્રયોગ કરે છે, સંપૂર્ણ સંવાદિતા શોધે છે જે પથ્થરોને જીવંત બનાવશે. તે ક્યારેય રત્ન માટે પ્રતિબદ્ધ નથી હોતી કે તે કેવી રીતે રૂપાંતરિત થશે; પરંતુ સર્જનાત્મક અભિવ્યક્તિ અને અંતર્જ્ઞાનની આ ક્ષણોમાં જ પ્રારંભિક સ્વપ્ન મૂર્ત સ્વરૂપ લે છે. જ્યારે યોગ્ય સંતુલન મળી આવે છે, ત્યારે લુસિયા આ દ્રષ્ટિને સ્કેચમાં અનુવાદિત કરવા માટે ડિઝાઈન સેન્ટર સાથે સહયોગ કરે છે. આ રેખાંકનો પછી Bvlgari ના માસ્ટરપીસ કારીગરોના હાથમાં જાય છે, જેઓ દ્વિ-પરિમાણીય ખ્યાલમાં જીવનનો શ્વાસ ભરે છે, ત્રિ-પરિમાણીય માસ્ટરપીસ બનાવે છે. તે પ્રતિભાઓનું સુમેળભર્યું સિમ્ફની છે, જે સમર્પણ અને અસંખ્ય શુદ્ધિકરણ દ્વારા સર્જનને પૂર્ણ કરે છે જ્યાં સુધી દોષરહિત સુંદરતા પ્રાપ્ત ન થાય.



# તમારું બાળક તમારા વિશે શું વિચારતુ હશે

**અબ્બાસભાઈ સીરાજભાઈ કૌકાવાલા**

એક બાળક એવું વિચારતો હશે મારે આ દુનિયાના બધા માબાપોને ફરીથી શાળાએ મોકલવા છે. એવી શાળા જ્યા સાચા માબાપ બનવાનું શિક્ષણ મળતું હોય, જ્યાં એ માબાપોને સંમોહિત કરીને હું એમને એમનું બાળપણ યાદ કરાવું.

રોજ એમની પાસે પચાસ વાર લખાવું કે વરસાદમાં નાહવાથી શરદી થતી નથી કે તડકે રમવાથી લુ લાગતી નથી.કે ધુળમાં રમવાથી કોઈ બીમારી થતી નથી.માબાપોને ખબર છે કે હોળીના તાપણે, ઉતરાયણમાં અગાશીએ કે જન્માષ્ટમીની રાતે અને દિવાળીની આતશબાજી વચ્ચે બાળપણ પાંગરે છે. અમારા બાપો પાસે મારાથી ય વજનદાર એવું મારુ દફતર ઉચકાવવું છે.એક હાથમાં નાસ્તાનો ડબ્બો બીજા હાથમાં પાણીની બોટલ પકડાવવી છે. મારા માબાપોને કહેવું છે કે જુઠ્ઠું બોલવું એ પાપ છે.

વારે ઘડીએ મારા ઉપર હાથ ઉપાડતા મારા માબાપોને સંતાકુકડી રમાડવી છે. સિગારેટ માચીસના ખાલી ખોખા ભેગા કરાવવા છે. હોળીના લાકડા અને હોળીમાં તપેલા નારિયેળની ચોરી કરાવવી છે.મને વારેઘડીએ સાધુબાવા પોલીસની બીક બતાવતા મારા માતાપિતાને હું શેની બીક બતાઉ! મારે મારાં માતાપિતાને સમજાવવું છે કે ખરી મજા વરસાદના ટીપાં મોઢામાં ઝીલવામાં છે કે નદી કે મિનરલ પાણીની બોટલમાં.

મારે મારા માતાપિતાને એવી સજા કરવી છે જે સમય પહેલા બાળકો પાસેથી તેનું મહામુલુ બચપણ છીનવી લેતા હાથમાં સ્લેટ પેન પકડાવી દે છે. મારા માતા પિતા એ સમજતા નથી કે સાડા પાંચ કલાક શાળા પછી તરત જ પાછા ટ્યુશન ક્લાસમાં ભણવા માટે ના મુકવા જોઈએ.

બાળકોની રુચિ રસ અને ગ્રહણ શક્તિને ઓળખીને જ આગળ વધવું જોઈએ. પોતે ક્યારેય પોતાની સ્કૂલ કોલેજમાં ૫૦/૫૫ ટકાથી આગળ ના વધ્યા હોય પણ મારા ૯૫ થી ૯૮ ટકા આવવા જ જોઈએ એવું માનનાર મારા માતાપિતાને શું કહેવું?

સ્કુલેથી આવ્યા પછી ભણવાનો કંટાળો આવે છે એ આ લોકોને કોણ સમજાવે. પોતાના બાળકની ઈચ્છા શું છે? બાળક શું ચાહે છે એ પુછવાની તકલીફ કેટલા માતાપિતા લે છે?

**મને વારેઘડીએ સાધુબાવા પોલીસની બીક બતાવતા મારા માતાપિતાને હું શેની બીક બતાઉ! મારે મારાં માતાપિતાને સમજાવવું છે કે ખરી મજા વરસાદના ટીપાં મોઢામાં ઝીલવામાં છે કે નદી કે મિનરલ પાણીની બોટલમાં.**

## તંત્રી લેખ...

**શનિવાર, તા.૨૬ જુલાઈ ૨૦૨૫**

# ભારત અને બ્રિટનનો વેપાર કરાર દુનિયા માટે દૃષ્ટાંત

વિશ્વમાં ભારતના વધી રહેલા આર્થિક અને વેપારી સામર્થ્યના પ્રતિસાદરૂપે બ્રિટન સાથે ઐતિહાસિક મુક્ત વેપાર કરાર સંપન્ન થયો છે. બંને દેશના દ્વિપક્ષીય વેપારમાં લગભગ ૩૪ અબજ ડોલરનો જંગી વધારો કરી શકે એવા આ કરારે દુનિયાના દેશોને અમેરિકાના આર્થિક દબાણની સામેના વિકલ્પની આડકતરી પ્રતીતિ પણ કરાવી આપી છે. આ મુક્ત વેપાર કરારથી ભારત અને બ્રિટનના નાના ઉત્પાદકોથી માંડીને મોટા ઉદ્યોગોને સમાનરૂપે મોટો ફાયદો થશે એ વાત નક્કી જણાઈ રહી છે. ગુરુવારે લંડનમાં ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બ્રિટીશ વડાપ્રધાન કિર સ્ટાર્મરની હાજરીમાં થયેલા આ કરારથી દ્વિપક્ષીય વેપારનો અધ્યાય લખાયો છે. ખાસ તો ભારતથી બ્રિટન નિકાસ કરાતી વસ્તુઓ પર આયાત વેરામાં ૯૯ ટકાનો ઘટાડો કરાશે. તેની સાથોસાથ બ્રિટનથી આયાત થતી કાર, વ્હીસ્કી-જીન, મેડિકલ ઉપકરણો, ઠંડાં પીણાં, ચોકલેટ, મશીનરી, અવકાશ ક્ષેત્રનો સામાન અને અન્ય વસ્તુઓ પરના આયાતવેરામાં ભારત કાપ મુકશે. આ કરાર અમલી બનતાં ભારતના કપડાં, પગરખાં, સી ફૂડ, એન્જિનીયરિંગનો સમાન, ઝવેરાત જેવા ઉત્પાદનો બ્રિટનમાં નિકાસ કરવાનું સોંઘું બનશે અને બ્રિટનની બજારમાં આ ભારતીય વસ્તુઓની પહોંચ વધી શકશે. આ ઉપરાંત ભારતના કૃષિ અને અન્ય ખાદ્ય ઉત્પાદનો માટે બ્રિટનની બજારમાં તકો વધશે. ભારત માટે આ આદર્શ સ્થિતિથી યુવાવર્ગ અને ખેડૂતોવર્ગના વિકાસની નવી સંભાવના ઊભી થશે. આ ઉપરાંત બ્રિટનના આરોગ્ય સારવારના સાધનો અને તેના સ્પેરપાર્ટ હવે ભારતમાં બહુ ઓછી કિંમતે ઉપલબ્ધ થઈ શકશે. ભારત અને બ્રિટન વચ્ચે સાડા ત્રણ વર્ષની સઘન મંત્રણાઓ અને અનેક ચડાવઉતાર બાદ મુક્ત વેપાર કરાર પર સહી-સિક્કા થયા છે. બ્રિટન યુરોપિયન યુનિયનમાંથી બહાર નીકળી ગયું ત્યાર પછી આ તેના સૌથી મોટા અને મહત્ત્વના વેપાર કરાર છે. કોમ્પ્રિહેન્સિવ ઈકોનોમિક એન્ડ ટ્રેડ એગ્રીમેન્ટનાં પગલે બંને દેશ વચ્ચે ચીજવસ્તુઓ અને સેવાઓનો વેપાર ૨૦૨૪માં ૪૨.૬ અબજ પાઉન્ડનો હતો. તેમાં ૨૦૪૦ સુધીમાં વર્ષે ૨૫.૫ અબજ પાઉન્ડનો વધારો થવાની ધારણા છે. બંને દેશ દ્વિપક્ષી રોકાણ કરાર વિશે પણ મંત્રણા કરી રહ્યા છે, જ્યારે તે સંપન્ન થશે ત્યારે તેમના આર્થિક સંબંધોમાં સર્વાંગી સુધારો થશે. કરારની જોગવાઈઓ અનુસાર કોન્ટ્રાક્ટના હિસ્સા તરીકે બ્રિટન સ્થિત શાખામાં ટ્રાન્સફર થવાથી કે પરિષદોમાં હાજરી આપવા માટે બ્રિટન આવતા વ્યાવસાયિકોની વિઝા અરજીઓનો ઝડપથી નિકાલ કરાશે. આને કારણે ઈજનેરી, આર્કિટેક્ચરલ, એકાઉન્ટિંગ, સેવાઓ અને મેનેજેરિયલ કન્સલ્ટન્સી સેવા પૂરી પાડનારા વ્યાવસાયીઓને લાભ થશે. બ્રિટનમાં કામ કરતા ભારતીય કર્મચારીઓ અને કંપનીઓને ત્રણ વર્ષ સુધી સોશિયલ સિક્યુરિટીમાં યોગદાન આપવામાંથી મુક્તિ મળશે. ભારત સરકારે આને એક મોટી સિદ્ધિ ગણાવી છે. ભારતીય કંપનીઓ આરોગ્ય સંભાળ, પરિવહન અને ઊર્જા ક્ષેત્રે બ્રિટનની સરકારી ખરીદીમાં ભાગ લઈ શકશે. સામે પક્ષે બ્રિટિશ કંપનીઓને મેક-ઈન-ઈન્ડિયા નીતિ હેઠળના લાભ મળી શકશે. સહી-સિક્કા થઈ ગયા બાદ આ કરારને બ્રિટનમાં સંસદની બહાલીની અને ભારતમાં પ્રધાનમંડળની મંજૂરીની જરૂર પડશે. તે અમલમાં આવતાં એકાદ વર્ષ નીકળી જશે. ભારત અને બ્રિટન વચ્ચેનો આ કરાર એવા સમયે થયો છે, જ્યારે મોટાભાગના દેશો અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની આક્રમક વેપારનીતિના દબાણ તળે ઉપાય શોધવા મથી રહ્યા છે. ટ્રમ્પના વિદેશી વસ્તુઓ પર ભારે ટેરિફ લાદવાના અડેધડનાં પગલાંથી આજે વિશ્વ એક આર્થિક જંગના ઉંબરે આવી ગયું છે.

# સંરક્ષણ ક્ષેત્રે સહયોગ

ભારત અને બ્રિટને ઐતિહાસિક મુક્ત વ્યાપાર કરાર કર્યા છે, તેનાં પરિણામે બંને દેશના અર્થતંત્રને લાભ મળશે અને વિકાસ ઝડપી બનશે. આ ઉપરાંત સંરક્ષણ ઉદ્યોગમાં પણ ભાગીદારી થશે. બ્રિટનમાં વસવાટ કરી રહેલા ખાલિસ્તાનીઓ - પંજાબના અલગતાવાદીઓ - લોકશાહીનો ગેરલાભ ઉઠાવી રહ્યા છે અને લોકતંત્રને નુકસાન કરી રહ્યા છે, એ વિષય વડાપ્રધાન મોદીએ બ્રિટિશ વડાપ્રધાન કેઈટ સ્ટારર્મર સાથેની મુલાકાતમાં ઉઠાવ્યો હતો. મુક્ત વ્યાપાર કરાર ઉપર સહીસિક્કા થઈ ગયા પછી મોદીએ બ્રિટિશ સરકારનો આભાર માનીને કહ્યું કે, વડાપ્રધાન સ્ટારર્મર અને એમની સરકારે પહેલગામમાં પર્યટકો ઉપર કરેલા ઘાતકી હુમલાની સખત શબ્દોમાં નિંદા કરી છે અને આતંકવાદ સામેની લડતમાં બેવડાં ધોરણો હોઈ શકે નહીં એ બાબત અમે સહમત છીએ. લોકતંત્રનો દુરુપયોગ અંતિમવાદીઓને કરવા દેવાય નહીં એમ પણ અમે બંને સ્વીકારીએ છીએ. બ્રિટનની ધરતી ઉપર વસવાટ કરી રહેલા ખાલિસ્તાનીઓ લોકશાહીનો દુરુપયોગ કરી રહ્યા છે, તે બંધ થવું જોઈએ એમ મોદીએ કહ્યું છે. અલગતાવાદીઓ ઉપરાંત આર્થિક ગુનેગારો બ્રિટનમાં છુપાયા છે અને ભારતીય કાનૂન સામે આશ્રય લઈ રહ્યા છે, તે પ્રતિ બ્રિટિશ વડાપ્રધાનનું ધ્યાન આકર્ષિત કરવામાં આવ્યું છે. હવે આવા ભાગેડુઓને પકડીને ભારતમાં મોકલવા માટે ભારતીય એજન્સીઓને બ્રિટિશ એજન્સીઓનો સહકાર મળશે. ભારતથી ભાગીને બ્રિટનમાં આશ્રય મેળવનારા વિજય માલ્યાનું નામ પણ આ સંબંધમાં ચર્ચાયું હોવાનું મનાય છે. ભારત યુકેના વિઝન-૩૫ દસ્તાવેજનો બંને વડાપ્રધાને સ્વીકાર કરીને સમર્થન આપ્યું છે. 'વિઝન'નું વાર્ષિક અવલોકન - સમીક્ષા બંને દેશના વિદેશપ્રધાનો કરતા રહેશે. આ સાથે સંરક્ષણ - ઉદ્યોગમાં બંને દેશની વ્યૂહાત્મક ભાગીદારીની સમીક્ષા કરીને સહયોગ વધારવાનાં પગલાં ભરશે એવી સમજૂતી થઈ છે.

**આ ઉપરાંત સંરક્ષણ ઉદ્યોગમાં પણ ભાગીદારી થશે. બ્રિટનમાં વસવાટ કરી રહેલા ખાલિસ્તાનીઓ - પંજાબના અલગતાવાદીઓ - લોકશાહીનો ગેરલાભ ઉઠાવી રહ્યા છે અને લોકતંત્રને નુકસાન કરી રહ્યા છે, એ વિષય વડાપ્રધાન મોદીએ બ્રિટિશ વડાપ્રધાન કેઇટ સ્ટારર્મર સાથેની મુલાકાતમાં ઉઠાવ્યો હતો.**

**આ કરારના કારણે ૨૦૩૦ સુધીમાં બંને દેશોના વેપારને ૧૨૦ અબજ ડોલર થઈ જશે એવી આશા છે**

# યુકે સાથેનો વ્યાપાર કરાર ભારતના ફાયદામાં

**ઈષ્ટદેવ હાટકેશ્વર પણ ભગવાન શંકરનું જ એક સ્વરૂપ હોવાથી નાનપણથી જ ઘરમાં મહાદેવનાં પૂજા પાઠ થાય !**

લગભગ ચાર વર્ષની વાટાઘાટો પછી અંતે ભારત અને યુનાઈટેડ કિંગડમ (યુકે) વચ્ચેના ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (એફટીએ)ના અમલનો તખ્તો તૈયાર છે. આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદી હમણાં યુકે ગયા છે. મોદી અને યુકેના વડાપ્રધાન સ્ટેમરની હાજરીમાં થયેલા આ કરારને બંને દેશે ઐતિહાસિક ગણાવ્યો છે.ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ એટલે કે મુક્ત વ્યાપાર કરારનો ખરો અર્થ એ થાય કે, કરાર કરનારા બંને દેશો એકબીજાને ત્યાં કોઈ પણ પ્રકારનાં નિયંત્રણો કે પ્રતિબંધો વિના મુક્ત રીતે વ્યાપાર કરી શકે. ભારત અને યુકે વચ્ચેનો ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ એ પ્રકારનો નથી તેથી તેને શત પ્રતિશત ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ ના કહી શકાય, પણ આ ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ હેઠળ ઘણી બધી બાબતોને આવરી લેવાઈ છે તેથી આ કરાર ઐતિહાસિક છે જ.

આ કરાર હેઠળ બંને દેશો એકબીજાના માલ પર કસ્ટમ ડ્યુટી અથવા આયાત ડ્યુટી ઘટાડશે અથવા નાબૂદ કરશે તેથી ભારતથી યુકે જતો ને યુકેથી ભારત આવતો માલ સસ્તો થશે. માલ સસ્તો થાય એટલે તેની ખપત વધે તેથી બંને દેશોને આર્થિક ફાયદો થશે.આ કરારથી બંને દેશોને કેટલો ફાયદો થયો તેની ખબર તો વરસ પૂરું થાય પછી જ પડે પણ કરાર પર ઉપલક નજર નાંખીએ તો ભારતમાંથી બ્રિટનમાં નિકાસ થતા ચામડા, કાપડ અને જૂતા સહિતનાં ઉત્પાદનો સસ્તાં થશે જ્યારે બ્રિટનથી ભારતમાં આવતી વ્હિસ્કી અને કારની આયાત ડ્યુટી ઘટાડવામાં આવશે તેથી ભારતમાં આ બ્રિટિશ ઉત્પાદનો સસ્તામાં મળશે.

આ કરાર ફક્ત માલ પૂરતો મર્યાદિત નથી પણ સર્વિસ, સરકાર દ્વારા કરાતી સંરક્ષણ સહિતની ખરીદી, ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ, ઈનોવેશન અને ઈન્વેસ્ટમેન્ટને પણ આવરી લેવાયા છે તેથી બંને દેશોના પ્રોફેશનલ્સ અને કંપનીઓને પણ ફાયદો થશે. યુકેમાં ભારતની ૯૦૦ કંપનીઓ કામ કરે છે અને ૭૦ અબજ ડૉલરનું યોગદાન યુકેના અર્થતંત્રમાં આપે છે. આ કંપનીઓએ કરવી પડતી કાનૂની પ્રક્રિયાઓ તથા કરવેરા સહિતની બાબતોમાં સરળતા થઈ જશે. ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટના ભાગરૂપે ભારત અને બ્રિટન વચ્ચે ડબલ કોન્ટ્રીબ્યુશન ક્ધવેન્શન એગ્રીમેન્ટ (સામાજિક સુરક્ષા કરાર) પણ થવાનો છે. તેના કારણે બ્રિટનમાં કામચલાઉ ધોરણે કામ કરી રહેલા પ્રોફેશનલ્સે ભારત અને બ્રિટનમાં સોશિયલ સીક્યુરિટી માટે અલગ અલગ પ્રીમિયમ નહીં ભરવાં પડે, ભારતમાં આપેલું કોન્ટ્રિબ્યુશન યુકેમાં પણ માન્ય ગણાશે.

આ કરારના કારણે ૨૦૩૦ સુધીમાં બંને દેશોના વેપારને ૧૨૦ અબજ ડોલર થઈ જશે એવી આશા છે. ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ વિના વ્યાપાર ગોકળગાયની ગતિએ આગળ વધતો હતો ને વરસે પાંચથી દસ ટકાનો વધારો થતો. ૨૦૨૨-૨૩માં વ્યાપાર ૨૦.૩૬ અબજ ડોલર હતો એ ૨૦૨૩-૨૪માં વધીને ૨૧.૩૪ અબજ ડોલર પર પહોંચ્યો હતો. ૨૦૨૪-૨૫માં ભારતથી બ્રિટનમાં નિકાસ ૧૪.૫ અબજ ડૉલર હતી જ્યારે આયાત ૮.૬ અબજ ડૉલર હતી તેથી કુલ વ્યાપાર ૨૩.૧ અબજ ડૉલર હતો. આમ અત્યારે બંને દેશો વચ્ચેનો વ્યાપાર ૨૪ અબજ ડોલરથી પણ ઓછો છે પણ ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટના કારણે વ્યાપાર રોકેટ ગતિએ વધશે ને પાંચ વર્ષમાં વ્યાપાર વધીને પાંચ ગણો થઈ શકે છે. આ વ્યાપાર ભારતના ફાયદામાં છે એ કહેવાની જરૂર નથી કેમ કે ભારતમાં કામદાર આધારિત ઉત્પાદનોને રાહત મળવાની છે તેથી તેમની નિકાસ વધશે. જૂતાં, કપડાં, ચામડું વગેરે ઉત્પાદનો એવાં છે કે જેની સાથે કામદાર વર્ગ જોડાયેલો હોય છે તેથી તેની ખપત વધે તો ભારતમાં રોજગારી પણ વધે જ એ સ્પષ્ટ છે. આ સિવાય ભારતમાંથી દરિયાઈ ઉત્પાદનો, ચામડું, ફૂટવેર, રમતગમતના સામાન અને રમકડાં, રત્નો અને ઝવેરાત, એન્જિનિયરિંગ સામાન, ઓટો ભાગો અને એન્જિન અને કાર્બનિક રસાયણો વગેરેની પણ નિકાસ થશે. આ બધા ઉત્પાદનો ભારતમાં લાખો લોકોને રોજગારી આપે છે તેથી ભારતને જંગી ફાયદો થશે.

આઈટી કંપનીઓને પણ ફાયદો થશે તેથી પ્રોફેશનલ્સને પણ ફાયદો થવાનો જ છે. સામે બ્રિટનને મુખ્ય ફાયદો વ્હીસ્કી અને કારના વેચાણમાં થશે. બ્રિટનની કાર કંપનીઓ ધનિકો માટેની લક્ઝુરીયસ કાર્સ બનાવે છે. એસ્ટન માર્ટિન, બેન્ટલી, જગુઆર, લેન્ડ રોવર, લોટસ, મિની, મોર્ગન, રોલ્સ-રોયસ વગેરે યુકેની કાર કંપનીઓ છે. આ કંપનીઓની સામાન્ય કાર પણ ૫૦ લાખ રૂપિયાથી ઓછામાં નથી આવતી. આ કારણે અતિ ધનિકો જ આ કંપનીઓની કારો ખરીદે છે.

ભારતમાં કસ્ટમ ડ્યુટી ઘટશે તેથી તેમના ભાવ ઘટશે એટલે અપર મિડલ ક્લાસ પણ આ કારો ખરીદતો થશે. બ્રિટિશ વ્હીસ્કી પણ સસ્તી થશે તેથી માલ વધારે જશે એટલે યુકેને પણ ફાયદો છે જ. બ્રિટિશ એરોસ્પેસ, લેમ્બ, કોસ્મેટિક્સ, તબીબી ઉપકરણો, સેલ્મોન, ઈલેક્ટ્રિકલ મશીનરી, સોફ્ટ ડ્રિંક્સ, ચોકલેટ અને બિસ્કિટ પણ સસ્તાં થશે.યુકેની આર્થિક હાલત અત્યારે બહુ સારી નથી. યુકે સહિતના યુરોપના દેશો અમેરિકાના બજાર પર નિર્ભર છે પણ અમેરિકામાં અત્યારે મંદી છે તેથી યુકેને પોતાનો માલ ખપાવવા ભારત જેવા મોટા માર્કેટની જરૂર છે. આ કરારથી યુકેને ૧૫૦ કરોડ લોકોનું તોતિંગ બજાર મળી રહ્યું છે.ભારતમાં ધનિકો ઝડપથી વધી રહ્યા છે તેથી બ્રિટિશ લક્ઝુરીયસ કાર અને સ્કોચ સહિતની ચીજો માટે એક નવું બજાર યુકે માટે ખૂલી રહ્યું છે. સાયન્સ અને ટેકનોલોજી, ડીફેન્સ સહિતના ક્ષેત્રોમાં ભારત અત્યારે અમેરિકા, ફ્રાન્સ વગેરે દેશો પાસેથી માલ લે છે. તેના બદલે હવે યુકેનો માલ સસ્તો પડશે તેથી યુકે તરફ વળશે ને યુકેને જંગી ફાયદો થશે એ જોતાં યુકે વધારે ફાયદામાં રહેશે.

ભારત અને યુકે વચ્ચે છેલ્લા ચાર વર્ષથી આ વ્યાપાર કરાર માટે વાટાઘાટો ચાલતી હતી મે ૨૦૨૧માં બ્રિટિશ વડા પ્રધાન બોરિસ જોનસન ભારત આવ્યા ત્યારે બોરિસ જોનસન અને ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી બંને દેશો વચ્ચેનો વ્યાપાર વધારવા અને વધારે સહયોગ કરવા સંમત થયા પછી ભારત અને યુકેએ જાન્યુઆરી ૨૦૨૨માં વાટાઘાટો શરૂ કરી હતી. એ વખતે જોનસને જાહેર કરેલું કે આ કરાર દિવાળી ૨૦૨૨ સુધીમાં પૂરો થઈ જશે અને દિવાળીએ ભારત અને યુકેના સંબંધોમાં નવા યુગની શરૂઆત થશે.જો કે બંને દેશોને માફક આવે એવી શરતો પર સંમતિ નહોતી બનતી તેથી કરારને અંતિમ રૂપ આપી શકાયું નહોતું. બોરિસ જોનસને વાત કરેલી એ ૨૦૨૨ની દિવાળી તો ગઈ જ પણ ૨૦૨૩ અને ૨૦૨૪ની દિવાળી પણ જતી રહી. વચ્ચે ૧૫ બેઠકો થઈ ને છેવટે આ દિવાળીએ લોકોને ફાયદો થશે.

**ભારતીયોને નુકસાન જશે એવા દાવા પણ સૂંઠના ગાંગડે ગાંધી થયેલા કેટલાક વિશ્લેષકોએ કરી નાખ્યા**

# ટ્રમ્પનો વેવલો દેશપ્રેમ ટેક કંપનીઓને ના પરવડે

- એઆઈ સમિટ હોવાથી ગૂગલ, માઈક્રોસોફ્ટ, મેટા સહિતની અમેરિકાની ટોચની ટેક કંપનીઓના ધુરંધરો હાજર હતા. તેમની હાજરીમાં ડોનલ્ડ ટ્રમ્પે ટેક ઈન્ડસ્ટ્રીની માનસિકતાની ઝાટકણી કાઢીને કહ્યું હતું કે, દુનિયાની ટોચની ટેક કંપનીઓ અમેરિકાની છે

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ફરી એક વાર 'અમેરિકા ફર્સ્ટ'નો રાગ આલાપ્યો છે અને અમેરિકાની ટોચની કંપનીઓને ભારત સહિત બીજા દેશોમાંથી ભરતી નહીં કરવાની વણમાગી સલાહ આપી છે. ટ્રમ્પે પોતાની વાત નહીં માનનારી કંપનીઓને સાણસામાં લેવાની આડકતરી ધમકી પણ આપી. તેના કારણે ભારતીયોએ હવે અમેરિકન કંપનીઓની નોકરીઓ માટે બહુ મથવું પડશે એવી વાતો પણ વહેતી થઈ ગઈ.

ભારતીયોને નુકસાન જશે એવા દાવા પણ સૂંઠના ગાંગડે ગાંધી થયેલા કેટલાક વિશ્લેષકોએ કરી નાખ્યા પણ આ વાતોમાં દમ નથી ને ભારતીયોએ ડરવાની જરૂર પણ નથી. ટ્રમ્પ આ પ્રકારની આડકતરી ધમકીઓ પહેલાં પણ આપી ચૂક્યા છે ને અમેરિકાની કંપનીઓ ટ્રમ્પને રીતસર ઘોળીને પી ગઈ છે. હજુ મહિના પહેલાં જ ટ્રમ્પે એપલને ભારતમાં પોતાની ફેક્ટરી નહીં નાખવા કહેલું ને આડકતરી ધમકી આપેલી પણ એપલે ટ્રમ્પની ધમકીને એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાખેલી. બીજી ટેક કંપનીઓ પણ એ રીતે જ વર્તે છે તેથી ટ્રમ્પની ધમકીથી જરાય ડરવા જેવું નથી.

ટ્રમ્પની ધમકીની અસર કેમ નહીં થાય અને અમેરિકાની ટેક કંપનીઓ ટ્રમ્પને કેમ ગણકારતી નથી એ સમજવા માટે પહેલાં ટ્રમ્પે શું જ્ઞાન પીરસ્યું એ જાણવું જરૂરી છે. વોશિંગ્ટનમાં એક એઆઈ સમિટ દરમિયાન ટ્રમ્પે અમેરિકન કંપનીઓને ભારતીયો સહિતના વિદેશીઓને બદલે અમેરિકન ટેલેન્ટની ભરતી કરવા સલાહ આપી છે.

એઆઈ સમિટ હોવાથી ગૂગલ, માઈક્રોસોફ્ટ, મેટા સહિતની અમેરિકાની ટોચની ટેક કંપનીઓના ધુરંધરો હાજર હતા. તેમની હાજરીમાં ડોનલ્ડ ટ્રમ્પે ટેક ઈન્ડસ્ટ્રીની માનસિકતાની ઝાટકણી કાઢીને કહ્યું હતું કે, દુનિયાની ટોચની ટેક કંપનીઓ અમેરિકાની છે પણ આ કંપનીઓ દ્વારા ઘણાં કારણોસર અમેરિકન ટેલેન્ટને ઈગ્નોર કરવામાં આવે છે. ટોચની કંપનીઓ વધારે નફો રળવા માટે અમેરિકાની આઝાદીનો ગેરલાભ ઉઠાવે છે અને મોટાપાયે બહારના લોકોને નોકરીઓ આપીને અમેરિકનોને અન્યાય કરે છે.

ટ્રમ્પે એવું ડહાપણ પણ ડહોળ્યું કે ટેકનોલોજી કંપનીઓ સસ્તા ઉત્પાદન ખર્ચ માટે ચીનમાં ફેક્ટરી નાખે છે અને સસ્તા મજૂરો માટે ભારતમાંથી કર્મચારીઓની મોટાપાયે ભરતી કરે છે. આ રીતે ટેક કંપનીઓ પોતાના જ દેશના લોકોની ઉપેક્ષા કરે છે અને આ ઓછું હોય તેમ અમેરિકાની ટીકા પણ કરે છે. ટ્રમ્પે અમેરિકા ફર્સ્ટ પૉલિસીની રેકર્ડ વગાડીને કહ્યું કે, એઆઈની રેસમાં કંપનીઓને નવી ટેલેન્ટની જરૂર પડે છે તેથી અનિવાર્ય હોય ત્યાં બહારથી ભરતી કરાય તેની સામે વાંધો નથી પણ દેશ તરફ લગાવ હોવો પણ જરૂરી છે. આપણને અમેરિકામાં રહે અને સાથે સાથે અમેરિકા ફર્સ્ટ પૉલિસીને ફોલો કરે એવી કંપનીઓની જરૂર છે, અમેરિકનોની નોકરીઓ છિનવે એવી કંપનીઓ નથી જોઈતી.

ટ્રમ્પે બીજી પણ ઘણી વાતો કરી છે અને આ વાતોનો ટૂંક સાર એ જ છે કે, અમેરિકાની કંપનીઓ ભારતીયો સહિતના વિદેશીઓને બદલે અમેરિકનોને નોકરીએ રાખે તેમાં તેમની ભલાઈ છે. બાકી સરકારને દંડો ચાલવતાં આવડે જ છે. ટ્રમ્પની વાત સાંભળીને સમિટમાં હાજર લોકોએ તાળીઓ પાડી ને ટ્રમ્પના ચમચા મીડિયાએ વાહવાહી કરી પણ ટ્રમ્પની વાતને કોઈ ગંભીરતાથી નથી લેવાનું એ પણ નક્કી છે.અમેરિકાની ટેકનો કંપનીઓ શેઠની શિખામણ ઝાંપા સુધી એમ માનીને વર્તવાની એ પણ નક્કી છે કેમ કે ટેકનો કંપનીઓ ચલાવનારા દિગ્ગજોને ખબર છે કે, ટ્રમ્પની વાતો સાંભળવામાં સારી લાગે ને ટ્રમ્પના ભક્તો એ સાંભળીને ઝૂમી ઉઠતા હશે પણ આઈટી કંપનીઓ ટ્રમ્પના રસ્તે ચાલવા જાય તો નેવું ટકા કંપનીઓને તાળાં મારવાં પડે. અમેરિકાની આઈટી કંપનીઓ ભારતીયોને મોટા પાયે નોકરી આપે છે તેનાં બે મુખ્ય કારણ છે. પહેલું કારણ એ કે, ભારત પાસે આઈટી સેક્ટરમાં કામ કરી શકે એવા થોકબંધ સ્કીલ્ડ પર્સન્સ તૈયાર થાય છે. અંગ્રેજોએ ભારતમાં પોતાનો વહીવટ સરળતાથી ચાલે એટલા માટે કારકુનો પેદા કરવા માટે બનાવેલી શિક્ષણ નીતિ હવે કારકુનોના બદલે કોમ્પ્યુટર નિષ્ણાતો તૈયાર કરે છે.ભારતમાં થોકબંધ એન્જિનિયરિંગ કૉલેજો ખોલી દેવાઈ છે અને આ કોલેજોમાં અમેરિકાની ટોચની કંપનીઓમાં સરળતાથી નોકરી મળી જાય એ પ્રકારના અભ્યાસક્રમો ચલાવાય છે તેથી અમેરિકન કંપનીઓને વધારે મહેનત કર્યા વિના તૈયાર માણસો મળી જાય છે. બીજું કારણ એ કે, આ સ્કીલ્ડ પર્સન્સ અમેરિકનો કરતાં કદાચ દસમા ભાગના પગારમાં કામ કરે છે અને અમેરિકનોની જેમ કોઈ નખરાં કરતાં નથી. અમેરિકનોને નોકરીએ રાખો એટલે મિનિમમ વેજ આપવું પડે, સોશ્યલ સિક્યોરિટી સહિતના બીજા લાભ પણ આપવા પડે. ઓવરટાઈમ કરવાની ના પાડે તો પણ કશું ના કરી શકાય, વીક-એન્ડમાં રજા રાખીને ભાગી જાય તો પણ કશું ઉખાડી ના શકો. તેની સામે ભારતીયો ગમે તેટલા કલાક કામ કરવા તૈયાર હોય છે.અમેરિકનો તેમની લાઈફસ્ટાઈલ બદલવા તૈયાર નથી હોતા ત્યારે ભારતીયો તો સંપૂર્ણપણે બદલાઈવ જવા પણ તૈયાર હોય છે. અમેરિકામાં દિવસ હોય ત્યારે ભારતમાં રાત હોય છે પણ આપણે રાતની ઉંઘ બગાડીને પણ અમેરિકન કંપનીઓનાં કામ કરીએ છીએ કેમ કે આપણને નોકરીની કિમત ખબર છે. આ બધાં કારણોસર અમેરિકાની કંપનીઓ ભારતીયોને નોકરીએ રાખે છે ને પોતાની પડતર અને મેન્ટેનન્સ કોસ્ટ નીચી લઈ જાય છે. કંપનીઓ ધંધો લઈને બેઠી છે, દેશપ્રેમની મંડળી ચલાવતી નથી એટલે પડતર કિમત જેટલી નીચી જાય એટલો તેમને ફાયદો થાય. ભારતીયોના કિસ્સામાં ક્વોલિટી સાથે કોમ્પ્રોમાઈઝ કર્યા વિના ઓછા ખર્ચમાં સારા માણસો મળે છે તેથી કંપનીઓ ભારતીયોને નોકરીએ રાખે છે.બીજી એક વાત એ પણ સમજવા જેવી છે કે, અમેરિકન ટેક કંપનીઓએ ભારતીયોને નોકરીઓ આપવા માટે જે મોડલ અપનાવ્યું છે તેમાં તેમના માથે કર્મચારીઓની કોઈ જવાબદારી જ નથી કેમ કે આખો ધંધો આઉટસોર્સિંગ પર ચાલે છે.અમેરિકન કંપનીઓ પોતાને શું જોઈએ છે એ નક્કી કર્યા પછી ઈન્ફોસિસ, ટીસીએસ, એચસીએલ જેવી કંપનીઓને આખા પ્રોજેક્ટ્સ આઉટસોર્સ કરે છે. આ કંપનીઓ ભારતમાં કર્મચારીઓ રાખીને પ્રોજેક્ટ્સ તૈયાર કરે છે અને પછી સર્વિસ આપે છે.આ કામના બદલામાં કંપનીઓ ભારતીય કંપનીઓને નાણાં ચૂકવે છે. આ ગોઠવણમાં અમેરિકન કંપનીઓના માથે કર્મચારીઓની કોઈ જવાબદારી નથી તેથી તેમને ફાવે છે. ટ્રમ્પ રાજકારણી છે એટલે આવી બધી વાતો ભલે કર્યા કરતા પણ કંપનીઓ ધંધો કરે છે તેથી આવો વેવલો દેશપ્રેમ ટેક કંપનીઓને ના પરવડે.

**તેજીવાળાઓએ બેન્ક નિફ્ટી પર જોરદાર ફોકસ કરીને બેરિશ સેન્ટિમેન્ટને દૂર કર્યું છે**

# બેન્કિંગ ઓન બેન્ક તેજીના નવા તબક્કાનું નેતૃત્વ બેન્કિંગ સેક્ટર હસ્તક!

**શેરબજારે નવા શિખરો સર કર્યા પછી હવે રોકાણકારોની નજર બેન્ક નિફ્ટીની આગામી ચાલા પર મંડાયેલી છે.**

શેરબજારમાં ભરશિયાળે તેજીનો ગરમાટો સતત વધી રહ્યો છે અને હાલ તુરત તો, એક પ્રોફિટ બુકિંગ સિવાય તેને ટાઢો પાડે એવા કોઈ તાત્કાલિક પરિબળ દેખાતાં નથી. સટોડિયા વર્ગ ખાસ કરીને બૅન્ક શેરો માટે બુલિશ છે અને માને છે કે તેજીના નવા તબક્કાનું નેતૃત્વ બેન્કિંગ સેક્ટર હસ્તક રહેશે! ચાલુ મોમેન્ટમ રેલી બૅન્ક નિફ્ટીને ૪૮,૦૦૦ના અથવા તો તેનાથી પણ આગળના સ્તર તરફ લઈ જવાની ક્ષમતા ધરાવે છે.શેરબજારે સોમવારે વિક્રમી ઉછાળા સાથે નવી ઐતિહાસિક ટોચ બનાવ્યા પછી પણ આગેકૂચ ચાલુ રાખી છે અને મંગળવારે વધુ આગળ વધીને નવા શિખરો સર કર્યા છે. હવે એક પ્રોફિટ બુકિંગની સંભાવના આપણે બાજૂએ મૂકીએ તો તેજી માટેના એટલા પરિબળો એકત્ર થયા છે, કે હાલ તો પીછેહઠની શક્યતા જણાતી નથી. મંગળવારે સતત બીજા દિવસે બેન્ક શેરોમાં ભારે લેવાલી જોવા મળી હતી, જેમાં એચડીએફસી બૅન્ક, આઈસીઆઈસીઆઈ બૅન્ક, એક્સિસ બૅન્ક અને સ્ટેટ બૅન્ક ઓફ ઈન્ડિયાનો સમાવેશ હતો.

શેરબજારમાં કામકાજના સત્ર બાદ જાહેર થયેલો એસએન્ડપી ગ્લોબલ ઈન્ડિયા સર્વિસ બિઝનેસ એક્ટિવિટી ઈન્ડેક્સ નવેમ્બરમાં ૫૬.૯ની એક વર્ષની નીચી સપાટીએ પહોંચ્યો હોવાની જાહેરાત થઇ છે. હવે જો આને પગલે પ્રોફિટ બુકિંગ શરૂ થાય તો આજે કદાચ બજારમાં કરેકશન આવી શકે, પરંતુ એકંદરે હાલ બધુ હેમખેમ છે. અગ્રણી એનાલિસ્ટે કહ્યું હતું કે નજીકના ગાળામાં બજાર વધુ પાચેક ટકા સુધી વધે તેવી સંભાવના છે.

હવે સેગમેન્ટને અનુલક્ષીને વાત કરીએ તો, સટોડિયા વર્ગ ખાસ કરીને બૅન્ક શેરો માટે બુલિશ છે અને માને છે કે તેજીના નવા તબક્કાનું નેતૃત્વ બેન્કિંગ સેક્ટર હસ્તક રહેશે! વાસ્તવમાં આજે આપણે આ મુદ્દા પર જ ફોકસ કરવી છે. આનું કારણ એ છે કે, માત્ર સટોડિયા જ નહીં પરંતુ ટોચના ઇન્વેસ્ટમેન્ટ એક્સપર્ટ અને ફંડ મેનેજરો પણ બૅન્ક શેરો પર ફોકસ કરી રહ્યાં છે. એક એવો વર્ગ છે કે જે નિફ્ટી કરતા બૅન્ક નિફ્ટીને વધુ પ્રાધાન્ય આપે છે.શાસક ભાજપે ત્રણ મુખ્ય રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી જીતી હોવાથી ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીઓ પહેલા સ્થાનિક ઈક્વિટીમાં તેજીની અપેક્ષા હોવાથી કેટલાક બ્રોકરેજ હાઉસ તેમના સૌથી વધુ પસંદગીના ક્ષેત્રોમાં નાણાકીય અને લાર્જ કેપ્સ શેરોમાં એક્સપોઝર વધારી રહ્યાં છે. વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોએ તેમની વેચાણ વ્યૂહરચના બદલાવી છે અને પાછલા સાત સત્ર દરમિયાન સતત લેવાલી કરી રહ્યા છે. મહત્ત્વની વાત એ છે કે બજારની ચર્ચા અનુસાર ફ્રન્ટલાઈન બેંકિંગ શેરોમાં એક્યુમ્યુલેશન થઇ રહ્યું છે.

શેરબજારે નવા શિખરો સર કર્યા પછી હવે રોકાણકારોની નજર બૅન્ક નિફ્ટીની આગામી ચાલા પર મંડાયેલી છે. આઈસીઆઈસીઆઈ બૅન્ક, સ્ટેટ બૅન્ક ઓફ ઈન્ડિયા, કોટક બૅન્ક, પંજાબ નેશનલ બૅન્ક અને ઈન્ડસઈન્ડ બૅન્ક દ્વારા સમર્થિત બેંકિંગ ઈન્ડેક્સ ચોથી ડિસેમ્બરના રોજ ૧,૬૧૭ પોઈન્ટ ઉછળીને ૪૬,૪૮૪.૪૫ પર રેકોર્ડ ઉચ્ચ સ્તરે પહોંચ્યો હતો. મંગળવારે બજન્ક નિફ્ટી વધુ ૫૮૦.૮૫ પોઈન્ટના ઉછાળા સાથે ૪૭,૦૧૨.૨૫ પોઈન્ટની નવી ઊંચી સપાટીએ પહોંચ્યો છે. વિશ્ર્લેષકોના મતે ચાલુ મોમેન્ટમ રેલી ઈન્ડેક્સને ૪૮,૦૦૦ના સ્તરે ઉપર લઇ જઇ શકે છે.એસેમ્બલી ચૂંટણીના પરિણામો બજારમાં નવા તેજીના તબક્કા માટે નવા આશાવાદને ઉત્તેજન આપી રહ્યા છે અને સ્થિર રાજકીય વાતાવરણ રોકાણકારોના વિશ્ર્વાસને વધુ વેગ આપવા સાથે બજારને ઊંચુ લઈ શકે છે.બજારના પીઢ અભ્યાસુઓ કહે છે કે, માર્કેટમાં તેજીના નવા તબક્કામાં બેંકિંગ ક્ષેત્ર એ તમામ ક્ષેત્રોની માતા (સુપર મધર) હોવાને કારણે સૌપ્રથમ આગેવાની લેશે. ટોચના ચાર્ટિસ્ટે જણાવ્યું હતું કે, બૅન્ક નિફ્ટી માટે હવે ૪૬,૦૦૦-૪૫,૮૦૦ પર સપોર્ટ લેવલ અને ૪૭,૦૦૦-૪૮,૦૦૦ પર પ્રતિકાર સપાટી છે. તેજીવાળાઓએ બૅન્ક નિફ્ટી પર જોરદાર ફોકસ કરીને બેરિશ સેન્ટિમેન્ટને દૂર કર્યું છે. આ ઈન્ડેક્સને ૪૬,૦૦૦-૪૫,૮૦૦ ઝોનમાં મજબૂત ટેકો મળ્યો હતો અને તેજીવાળા બૅન્ક શેરોમાં બુલિશ હોવાથી બૅન્કનિફ્ટીની આગેકૂચ ચાલુ રહેવાની ધારણા છે.એક ટોચના ટેકિનકલ અને ડેરિવેટિવ એનાલિસ્ટે જણાવ્યું હતું કે, ચાલુ મોમેન્ટમ રેલી ઈન્ડેક્સને ૪૮,૦૦૦ના અથવા તો તેનાથી પણ આગળના સ્તર તરફ લઈ જવાની ક્ષમતા ધરાવે છે. બેન્કિંગ સેક્ટર મધ્યમથી લાંબા ગાળામાં આઉટપરફોર્મ કરવાની અપેક્ષા રાખે છે રાજ્યની ચૂંટણીના પરિણામોએ આવતા વર્ષે સામાન્ય ચૂંટણીઓમાં કેન્દ્રમાં શાસક શાસન દ્વારા મજબૂત કામગીરી સૂચવ્યા બાદ બજારે જે મજબૂત પ્રતિભાવ આપ્યો। તે અપેક્ષિત હતો, તેમાં આગામી પાંચ વર્ષમાં રાજકીય સ્થિરતા અને આર્થિક સુધારાની સાતત્યનો સંકેત છે.ફંડ મેનેજરે જણાવ્યું હતું કે બૅન્કો મુખ્ય ડ્રાઈવર તેમજ સામાન્ય આર્થિક વૃદ્ધિના લાભાર્થી હોવાને કારણે આ ક્ષેત્ર મધ્યમથી લાંબા ગાળામાં આઉટપરફોર્મર હોવાની અપેક્ષા છે. બૅન્કોના આકર્ષક મૂલ્યાંકન અને તેમની બેલેન્સ શીટની ગુણવત્તા તેમની અપીલમાં વધારો કરે છે.ગયા મહિને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઇ) દ્વારા પર્સનલ લોન અને ક્રેડિટ કાર્ડ માટેના ધોરણો કડક બનાવ્યા બાદ બેન્કિંગ ઈન્ડેક્સ દબાણ હેઠળ હતા. બજાજ ફાઈનાન્સ, એચડીએફસી બૅન્ક, આઈસીઆઈસીઆઈ બૅન્ક, એક્સિસ બૅન્ક, આરબીએલ બૅન્ક અને એસબીઆઇ કાર્ડ સહિતના ટોચના બેંકિંગ અને નોન-બેંકિંગ ફાઈનાન્સના શેરોમાં જોરદાર વેચવાલી આવતાં, ૧૭ નવેમ્બરના રોજ બજારનું સેન્ટિમેન્ટ નકારાત્મક બન્યું કારણ કે આરબીઆઇએ અસુરક્ષિત લોન સેગમેન્ટમાં બેલગામ વૃદ્ધિને ચકાસવા માટે મૂડીની જરૂરિયાતો (રિસ્ક વેઈટેજ)માં વધારો કર્યો હતો.

## બોલિવૂડમાં હિરોને વધુ સારા વેનિટી વેન મળે છેઃ નુશરત

ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં અસમાનતા અને જાતિવાદ કોઈ નવી વાત નથી અને નુશરત બરુચાએ આ અંગે વાત કરવામાં કોઈ ડર નથી. તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં તેણે આ અંગે ખુલીને વાત કરી હતી. તેણે ખુલાસો કર્યો હતો કે બોલિવૂડમાં સ્ત્રીઓને કેટલા અન્યાયનો સામનો કરવો પડે છે, પુરુષ કલાકારોની સરખામણીએ ઓછી ઓફરથી લઈને સેટ પર હલકી કક્ષાની વેનિટી વેન અને ગંદા વોશરૂમ. નુશરતે પોતાની સફરની પણ વાત કરી હતી.ઈન્ડસ્ટ્રીમાં ચાલતા જાતિવાદ અને ભેદભાવ અંગે નુશરતે કહ્યું, ‘‘જેવી એક હિરો હિટ ફિલ્મ આપે છે, પછી તે અંદરનો જ કોઈ હોય કે બહારનો હિરો, તેની સામે તરત જ પાંચ નવા વિકલ્પો આવી જશે. પરંતુ હિરોઈને હંમેશા સંઘર્ષ કરતાં રહેવું પડે છે. ’’ આગળ નુશરતે એવો પણ દાવો કર્યો કે પુરુષ કલાકારોને સારી વેનિટી વેન મળે છે, ‘‘એવું પણ બન્યું છે કે હું એવું પૂછતી ફરતી હોય, ‘‘હું પાંચ મિનિટ માટે હિરોની વેનિટીમાં જઈ શકું? આમ પણ એ હાલ તેનો ઉપયોગ નથી કરી રહ્યા, શું હું એમના વોશરૂમમાં જઈ શકું?’’ કારણ કે એ મારા વોશરૂમથી સારું છે. પરંતુ હું એ સમયે આ અંગે ફરિયાદ નથી કરતી. હું મારી જાતને કહું છું કે હું એ લેવલ પર પહોંચીશ જ્યાં મને આ બધું આપોઆપ મળી જાય.’’નુશરતે થોડાં વખત પહેલાંની યાદો તાજી કરતાં કહ્યું કે પોતાનાં શરૂઆતના દિવસોમાં તેણે ઈકોનોમી ક્લાસમાં જ મુસાફરી કરવી પડતી. એક ફિલ્મમાં તે નાનો રોલ કરી રહી હતી અને ફિલ્મની ટીમે વિદેશ શૂટ માટે જવાનું હતું, ત્યારે લાંબા કલાકોની ફ્લાઈટમાં લીડ કલાકારો બિઝનેસ ક્લાસમાં બેઠાં હતાં અને તેને ઈકોનોમી ક્લાસમાં ટેક્નિશીયન્સ અને ક્રૂ સાથે બેસાડવામાં આવી હતી.

# પોતાનાં તેલુગુ કમબેક માટે સમંથા પ્રોડ્યુસર બનશે એવી ચર્ચા



સમંથાએ તેલુગુ ફિલ્મ કરી તેને ઘણો લાંબો સમય વિતી ગયો છે. જોકે, થોડા વખત પહેલાં એક તેલુગુ ફિલ્મ ‘શુભમ’માં કેમિયો રોલ કર્યો હતો. તે પણ તેના પોતાના પ્રોડક્શનની ફિલ્મ હતી. આ હોરર કોમેડી ફિલ્મ બોક્સ ઓફિસ પર પણ હિટ રહી હતી અને હાલ આ ફિલ્મ જિઓ હોટ સ્ટાર પર ઉપલબ્ધ છે.


તાજેતરમાં એવા અહેવાલો છે કે તે તેલુગુ ફિલ્મમાં કમબૅક કરવાની તૈયારી કરી રહી છે, તે એક ન્યુ એજ સોશિયલ ડ્રામા સાથે લીડ રોલ કરવા માગે છે. નોંધ લેવા જેવી વીત એ પણ છે કે તેનું નવું પ્રોડક્શન હાઉસ ત્રલાલા મુવિંગ પિક્ચર્સ પણ તેની ફિલ્મ પ્રોડ્યુસ કરી શકે છે. સમંથા સાથે ‘જબરદસ્થ’ અને ‘ઓહ બેબી’ જેવી ફિલ્મ કરી ચૂકેલા નંદિની રેડ્ડી તેની આ ફિલ્મ ડિરેક્ટ કરશે એવી ચર્ચા છે.

મહત્વની વાત એ છે કે આ ફિલ્મ બહુ નિયંત્રિત બજેટમાં બનશે. હાલ તેજ ગતિએ તેની ફિલ્મનું પ્રી પ્રોડક્શનનું કામ ચાલે છે, આ અંગે વધુ માહિતી ધીરે ધીરે જાહેર કરવામાં આવશે. થોડાં મહિનાઓ પહેલાં આ ફિલ્મ અંગે કેટલાક અહેવાલો આવ્યા હતા. જોકે, નંદિની રેડ્ડીએ આ અહેવાલોને અફવા ગણાવી દીધા હતા. પરંતુ હવે બધું ફરી ટ્રેક પર ચડી ગયું હોય એવું લાગે છે. સુત્રો દ્વાર મળતી માહિતીને આધારે ટૂંક સમયમાં આ ફિલ્મ અંગે જાહેરાત કરવામાં આવશે.

છેલ્લે સમંથાએ ૨૦૨૩માં વિજય દેવરકોંડા સાથે ‘ખુશી’ ફિલ્મ કરી હતી. ત્યાર પછી તેને કેટલીક તેલુગુ ફિલ્મ ઓફર તો થઈ પરંતુ તેણે આ બધી જ ફિલ્મ ઠુકરાવી દીધી હતી અને હિન્દી પ્રોજેક્ટ પર જ કામ કર્યું હતું. છેલ્લે તે ‘સિટાડેલ હનીબની’ વેબ સિરીઝમાં જોવા મળી હતી. જોકે, તે ખાસ ચાલી નહીં. હવે તે રાજ એન્ડ ડિકે સાથે ‘રક્ત બ્રમ્હાંડઃ ધ બ્લડિ કિંડમ’માં કામ કરી રહી છે.

# શાહિદ કપૂરની છત્રપતિ શિવાજી પરની ફિલ્મ ટલ્લે ચડી

## આ ફિલ્મ નહી બનવા પાછળ ડિરેક્ટર અમિક રાયે તંત્રની ક્રુરતાને જવાબદાર ગણાવી



બોલિવૂડમાં ઐતિહાસિક વિષય પરની બાયોપિક સમયાંતરે બનતી જ રહી છે અને આ એક એવું જોનર છે, જે દર્શકોને ગમે છે પણ ખરું. ફિલ્મમેકર્સ આ જોનરની ફિલ્મ ઘણા માન અને પ્રેમ સાથે બનાવે છે. આ જ રીતે જ્યારે ડિરેક્ટર અમિત રાય છત્રપતિ શિવાજી મહારાજ પર ફિલ્મ બનાવી રહ્યા હોવાના અહેવાલો આવ્યા તો લોકો ઘણા ઉત્સાહમાં આવી ગયાં હતાં. આ ફિલ્મમાં શાહિદ કપૂર મરાઠી યોદ્ધાનો રોલ કરવાનો હતો. પરંતુ તાજેતરના અહેવાલો મુજબ આ ફિલ્મ રિલીઝ થઈ શકે એવી શક્યતા ઓછી છે, આ ફિલ્મતંત્રની કામગિરીમાં ટલ્લે ચડી ગઈ હોવાની ચર્ચા છે.

આ વાતની ફિલ્મના ડિરેક્ટર અમિત રાયે જ સ્પષ્ટતા કરી દીધી છે કે તેમની ફિલ્મ માળિયે ચડાવી દેવાઈ છે. આ અંગે એક ઈન્ટરવ્યુમાં ખુલાસો કરતા અમિત રાયે કહ્યું કે, ‘‘આપણું તંત્ર ક્રુર છે. તમે તમારી કુશળતાનું ૧૮૦ કરોડની ફિલ્મ (ઓએમજી૨) સાથે ઉદાહરણ પૂરું પાડ્યું હોય તેમ છતાં, એ પૂરતું નથી. આ રીતે અહીં ડિરેક્ટર કઈ રીતે કામ કરે, આ પ્રકારની કાસ્ટિંગ, પ્રોડક્શન અને સ્ટાર અને મેનેજમેન્ટની દુનિયામાં કામ કરવું અશક્ય છે.’’આગળ પોતાની અકળામણ વ્યક્ત કરતા તેમણે જણાવ્યું કે એક કલાકાર એક ફિલ્મની વાર્તા સાથે પાંચ વર્ષ સુધી જીવે છે અને પછી કોઈને તેના પર પાંચ કાગળનું શું સાચું અને શું ખોટું છે એ લખી નાખતા પાંચ મિનિટ થાય છે. તેમણે જણાવ્યું, ‘‘કલાકાર એ જ ફિલ્મ કરશે જે બોક્સ ઓફિસ પર સારી ચાલે. એવા ઘણા ઓછા કલાકારો છે, જે મારી સાથે ઈમાનદાર હતા. ઘણી વખત એ લોકો એવી કોઈ ફિલ્મનો ભાગ બનવા માગતા નહોતા, જે સમાજનું સત્ય કહેતી હોય, તેના બદલે તેમને લવસ્ટોરી કરવી હતી.’’અમિત રાયે આગળ કહ્યું કે તેમણે નક્કી કર્યુ છે કે તેઓ હવે પોતે જ પોતાની ફિલ્મ પ્રોડ્યુસ કરશે. તેના આ નિર્ણયને હંગેરિયન સિનેમેટોગ્રાફર માતે હર્બા અને એક્શન એન્ડ મોશન પિક્ચર સ્પેશિયાલિસ્ટ આઈઝેક હેમને પણ ટેકો આપ્યો છે. તેમની હવે પછીની ફિલ્મમાં પણ પંકજ ત્રિપાઠી મહત્વના રોલમાં હશે.

## ‘અવતાર’માં આ વખતે થશે નવી વિલન ‘વારંગ’ની એન્ટ્રી

ફિલ્મમેકર જેમ્સ કેમેરુનની આ પહેલાં આવેલી બંને ‘અવતાર’ ફિલ્મ ખુબ જાણીતી થઈ અને બોક્સ ઓફિસ પર પણ ઘણી ચાલી હતી. જેમ્સ કેમેરુને આ ફિલ્મો બનાવવા માટે ઘણું સંશોધન અને અભ્યાસ કર્યા છે, તેમણે આ ફિલ્મો માટે અલગ ભાષાની પણ રચના કરી હતી. હવે આ ફિલ્મનો ત્રીજો ભાગ ‘અવતારઃ ફાયર એન્ડ એશ’ આવી રહ્યો છે, જેમાં પેન્ડોરાની વાર્તા ફરી આગળ વધશે. આ ફિલ્મમાં નવી વિલનની એન્ટ્રી થવાની છે, ‘વારંગ’. આ પાત્ર ઊના ચેપ્લિન દ્વારા ભજવવામાં આવશે. આ ફિલ્મનું નવું પ્રકરણ ૧૯ ડિસેમ્બરે રિલીઝ થઈ રહ્યું છે.


ટૂંક સમયમાં રિલીઝ થનારી માર્વેલની ફિલ્મ ‘ફેન્ટાસ્ટિક ૪ : ફર્સ્ટ સ્ટેપ’ સાથે ૨૫ જુલાઈએ ‘અવતાર’નું પહેલું ટ્રેલર લોંચ કરવામાં આવશે. તાજેતરમાં જ ડિઝનીની લોસ એન્જલસ અને ન્યુયોર્કની ઓફિસમાં આ ફિલ્મનું ટ્રેલર દર્શાવાયું હતું. જેમાં વારંગને લાલ અને કાળા પીંછા સાથે દર્શાવાઈ છે, જે ફ્લેમથ્રોવર ફેંકીને જ્વાળામુખીની જ્વાળાઓમાંથી પસાર થતી દેખાય છે.

ટ્રેલર પરથી એવો પણ અંદાજ આવે છે કે વારંગ જેક અને નેયતિરીની દિકરી કિરિને બાનમાં લઈ લે છે. તે કહેતી દેખાય છે, ‘‘તારી દેવીની શક્તિઓ અહીં ચાલશે નહીં.’’ જેમાં નાવી પ્રજાતિના લોકો વચ્ચેનો આંતરિક વિખવાદનો પણ અંદાજ આવે છે. થોડાં વખત પહેલાં એક ઈન્ટરવ્યુમાં જેમ્સ કેમેરુને જણાવ્યું હતું, ‘‘વારંગ એવા લોકોનું નેતૃત્વ કરે છે, જેણે ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે, તેનાથી તે કઠોર થઈ ગઈ છે. તે પોતાના લોકો માટે કંઈ પણ કરી છુટશે, એવું કામ પણ કરી જશે, જે કદાચ આપણને ખોટું લાગે.’’ આમ તેઓ એવો પણ સંકેત આપવા માગે છે કે તે પોતાના કામથી દર્શકોનાં સાચાં-ખોટાંના દૃષ્ટિકોણ સામે પણ પ્રશ્ન ખડાં કરી દેશે.કેમેરુનની દશ્ટિ ફિલ્મથી દર્શકોને સાદા સરળ મુલ્યો તરફ લઈ જવાની છે. તેમણે આ અંગે જણાવ્યું હતું, ‘‘અમારે આ ફિલ્મમાં જે એક બાબત ખાસ કરવી હતી એ કે, બધું માત્ર સફેદ કે માત્ર કાળું એમ સરળ હોતું નથી. અમે એ વિચારધારાથી ઉપર ઉઠવા માગીએ છીએ કે બધા જ મનુષ્ય ખરાબ હોય છે કે બધાં જ નાવી સારા હોય છે.’’ નવી વિલન વારંગ સાથે આ ફિલ્મમાં જાણીતા કલાકારો સેમ વર્થિંગ્ટન, જોઈ સલ્ડાના અને સિગર્ની વીવર તો હશે જ.

# રજનીકાંતની ‘કૂલી’એ યૂએસએમાં એડવાન્સ બૂકિંગમાં જ ૧૫૦ હજાર ડોલરની કમાણી કરી લીધી

## રજનીકાંતની આ ફિલ્મને હજુ રિલિઝને ૨૨ દિવસની વાર છે

સુપર સ્ટાર રજનીકાંતનો જાદુ ફરી છવાઈ જવાની તૈયારીમાં છે, આ વખતે તેઓ લોકેશ કનગરાજની ફિલ્મ ‘કૂલી’ સાથે આવી રહ્યા છે. યૂએસમાં આ ફિલ્મનું એડવાન્સ બૂકિંગ શરૂ થયું એને હજુ બે દિવસ થયા છે અને તે ૧૫ હજાર ડોલરે પહોંચવાની તૈયારીમાં છે. ફિલ્મ રિલીઝ થવાને હજુ ૨૨ દિવસની વાર છે. રિલીઝને ૩ દિવસની વાર હોય અને આ આંકડો હોય એ બહુ મોટી વાત છે.સૌથી મહત્વની વાત તો એ છે કે આ ફિલ્મના ૩ ગીત રિલીઝ થયા છે તેમજ એક ટાઈટલ ટીઝર તેમજ કેટલાંક પોસ્ટર સિવાય હજુ કશું પણ જાહેર કરાયું નથી. હજુ તો આ ફિલ્મનું ટ્રેલર પણ ૨ ઓગસ્ટે




રિલીઝ થવાનું છે, એવું ડિરેક્ટર કનગરાજે કહ્યું છે. અત્યાર સુધીમાં ૫૦૦૦ ટિકિટ વેંચાઈ છે, જેને સ્ક્રીન દિઠ સરેરાસ ૨૦ ટિકીટ કહી શકાય. આ ફિલ્મ માટેની એડવાન્સ બૂકિંગ ટિકિટ તીવ્ર ગતિએ વેંચાઈ રહી છે અને તે નજીકના દિવસોમાં અટકે તેમ નથી. વિદેશોમાં ભારતની તમિલ ફિલ્મોને સૌથી સારો પ્રતિસાદ મળે છે, તેના પછી તેલુહુ ફિલ્મ. હાલ એવી આશા છે કે ૨૨ દિવસના સમયગાળામાં ૨ મિલિયન ડોલરથી ઓછી ટિકિટ બૂક નહીં થાય. છેલ્લે રજનીકાંતની ‘કબાલી ’ આવી પછી આ ફિલ્મની હાઈપ સૌથી વધુ છે. તેના પછી તેની ૨.૦ અને જેલર પણ સારી ચાલી હતી.

# સૈયારાએ સલમાનની ‘સિકંદર’ને પાછળ છોડી, અક્ષય આમિરનો રેકોર્ડ તોડવાની તૈયારી

## સૈયારાએ પાંચ દિવસમાં ૧૩૨ કરોડની કમાણી કરી, અનેક ડિરેક્ટર્સે વખાણી

મોહિત સુરીની રોમેન્ટિક ડ્રામા ફિલ્મ ‘સૈયારા’ બોક્સ ઓફિસ પર દરરોજ નવા રેકોર્ડ બનાવી રહી છે. અનીત પડ્ડા અને અહાન પાંડે છવાઈ ગયા છે. સૌથી મોટું ઓપનિંગ મેળવ્યા પછી હવે આ ફિલ્મે ૧૦૦ કરોડની કમાણીનો પડાવ પણ પાર કરી લીધો છે. આ ફિલ્મ બીજા અઠવાડિયે પણ સારી કમાણી કરી રહી છે. બીજા અઠવાડિયાના સોમવારે ‘સૈયારા’એ ૨૪ કરોડની કમાણી કરી અને મંગળવારે તેનાથી પણ આગળ વધીને ૨૫ કરોડની કમાણી કરી છે. જોકે, રવિવારની ૩૫.૭૫ કરોડની કમાણીથી આવકમાં થોડો ઘટાડો ચોક્કસ થયો છે. આ ફિલ્મની કમાણીના અહેવાલો અનુસાર પાંચ દિવસના અંતે આ ફિલ્મે ૧૩૨.૨૫ કરોડની કમાણી કરી છે. આ સાથે નવા કલાકારોની ફિલ્મ ૧૦૦ કરોડનો પડાવ પાર કરે એ ઐતિહાસિક ઘટના સિવાય હવે તેણે મુર્ગાદોસની ‘સિકંદર’નો રેકોર્ડ પણ તોડી નાખ્યો છે. સલમાન ખાન અને રશ્મિકા મંદાનાની ફિલ્મે ભારતમાં ૧૨૯.૯૫ કરોડની કમાણી કરી હતી. હવે ‘સૈયારા’નું આગળનું લક્ષ્ય અશ્રય કુમારની ‘સ્કાય ફોર્સ’નો ૧૩૪.૯૩ કરોડનો રેકોર્ડ તોડવાનું છે. જે બુધવાર સાંજ સુધીમાં તૂટી ગયો હોવાની શક્યતા છે. આ ફિલ્મ થોડાં વખતમાં આમિરની ‘સિતારે ઝમીન પર’નો ૧૬૪.૭૪ કરોડ તેમજ અક્ષય કુમારની ‘હાઉસફુલ ૫’ની ૧૯૮.૪૧ કરોડની કમાણીનો રેકોર્ડ તોડી નાખશે એવી પ્રબળ શક્યતા છે. આ સાથે પ્રથમ ત્રણ દિવસમાં સૌથી વધુ કમાણીમાં પણ ‘સૈયારા’એ ૧૧૯ કરોડની કમાણી કરીને ઘણી મોટા પ્રોડક્શનની ફિલ્મના રેકોર્ડ તોડી નાખ્યા છે.

સાથે જ ‘સૈયારા’ ડિરેક્ટર મોહિત સુરીની પણ સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની ગઈ છે. તેની ‘એક વિલન’ની પહેલા

દિવસની કમાણી ૧૬ કરોડ, ‘આશિકી ૨’ની કમાણી ૬ કરોડ હતી, જ્યારે ‘મર્ડર ૨’ની પહેલા દિવસની કમાણી ૭ કરોડ હતી. આ ઉપરાંત યશરાજ ફિલ્મ્સે થિએટર માલિકોને ફિલ્મની ચિકીટની ભાવ ન વધારવા વિનંતિ કરી છે, જેથી વધુ લોકો આ ફિલ્મ જોઈ શકે. મોહિત સુરીની આ પહેલાં આવેલી ફિલ્મ ‘આશિકી ૨’ એ પહેલા વીકેન્ડ પછી ૭૮.૧ કરોડની કમાણી કરી હતી. જ્યારે ‘એક વિલન રિટર્ન્સ’એ ૪૩.૨૧ કરોડની કમાણી કરી હતી.

હવે તે ‘એક વિલન’નો ૧૦૫.૭૬ કરોડનો રેકોર્ડ પમ તોડશે. ૨૦૧૪માં આવેલી મોહિત સુરીની ‘એક વિલન’ પછી પહેલી ૧૦૦ કરોડની ફિલ્મ છે અને તે ૨૦૦ કરોડ ફિલ્મ બની શકે એવી શક્યતા છે. જો ઈન્ડસ્ટ્રીના સેલેબ્ઝની વાત કરવામાં આવે તો આલિયા ભટ્ટ, અર્જુન કપૂર, શ્રદ્ધા કપૂર અને કરણ જોહર સહીત ઘણા લોકોએ આ ફિલ્મના વખાણ કર્યા છે.



### સૈયારાની સફળતા બતાવે છે, મોટા સ્ટાર્સ પર ખર્ચ કરવાની જરૂર નથી, સ્ટોરી સારી

ઘણા લોકો ‘સૈયારા’ની સફળતાના વખાણ કરી રહ્યા છે. આદિત્ય ચોપરા અને મોહિત સુરીની ફિલ્મના વખાણ કરતા વરીષ્ઠ ફિલ્મ મેકર સુભાષ ઘાઈએ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું, ‘‘જ્યારે નવા કલાકારોની ફિલ્મ બોક્સ ઓફિસ પર કમાલ બતાવે છે, ત્યારે એ આપણને અને રોકાણકારોને એક સ્પષ્ટ સંદેશ આપે છે કે પ્રોડ્યુસરે વધારે પડતા બજેટની ફિલ્મના બદલે સારી વાર્તા પર ધ્યાન આપવું જોઈએ. કલાકારોનો ખર્ચ સમગ્ર ફિલ્મના પ્રોડક્શનથી વધારે હોવો જોઈએ નહીં. મોટા કલાકારો કે ફિલ્મના માર્કેટિંગમાં મસમોટા ખર્ચની કોઈ જરૂર નથી. હિન્દી કોમર્શિયલ સિનેમામાં ફિલ્મ નિર્માણના મૂળભૂત સિદ્ધાંતોને સાબિત કરવા અને આજે સૈયારા ફિલ્મને ઈતિહાસ બનાવવા બદલ આદિ ચોપરા અને મોહિત સૂરીને મારા હૃદયપૂર્વક અભિનંદન. સારા પ્રોડ્યુસર, સારા ડિરેક્ટર અને સારી સ્ક્રિપ્ટ અને સારા સંગીત સાથે યોગ્ય કાસ્ટિંગ હશે અને સમતોલ બજેટ હશે તો માત્ર સારી શૂટ થયેલી ફિલ્મની જ જરૂર છે. બીજું કશું જ નહીં. તમને બધાને સફળતાની શુભેચ્છાઓ, સિનેમા ઝીંદાબાદ.’’

### મને યાદ નથી, છેલ્લે કોઈ ફિલ્મ જોઈને મને આવું ક્યારે થયું હતું..

કરણ જોહરે પણ ઈન્સ્ટાગ્રામ પર એક લાંબી પોસ્ટ લખી હતી, તેણે ભાવપૂર્વક આ ફિલ્મ વિશે પોતાના વિચારો રજૂ કરતા લખ્યું હતું, ‘‘મને યાદ નથી, છેલ્લે કોઈ ફિલ્મ જોઈને મને આવું ક્યારે થયું હતું... આંખમાંથી આંસુ સતત વહી રહ્યાં હોય અને છતાં મનમાં આનંદ થતો હોય. એક લવ સ્ટોરીએ સિલ્વર સ્ક્રીન પર વિજય મેળવ્યો અને દેશને પોતાના પ્રેમમાં પાડ્યો તે વાતનો આનંદ! મને ગર્વ છે કે મારી માતૃસંસ્થા યશરાજ પ્રેમની ફરી પાછો લાવી શક્યું છે!! ફિલ્મ તરફ પાછા ફર્યા..આપણી ઈંડસ્ટ્રી તરફ પાછા વળ્યા..આદિ આઈ લવ યુ..અને મને એ કહેવામાં ખુબ ગર્વ થાય છે કે હું આજીવન યશરાજ ફિલ્મ્સનો વિદ્યાર્થી રહીશ. હવે આ બોલ બગીચામાંથી બહાર નીકળી ગયો છે. મોહિત સુરીએ પોતાની કૅરિઅરની શ્રેષ્ઠ ફિલ્મ બનાવી છે અને એની વાર્તા, કુશળતા અને તેના અદ્દભુત સંગીતથી હું હલી ગયો છું. આ ફિલ્મમાં સંગીત માત્ર એક આધારસ્તંભ નહીં પણ એક પાત્ર સમાન છે. અહાન પાંડે, શું ડેબ્યુ છે..તે મારું દિલ તોડી નાંખ્યું અને છતાં એક ફિલ્મ મેકર તરીકે મને નવી ઉર્જા આપી છે. તારી આંખો જ બધું વ્યક્ત કરી દે છે અને હું તારી આગળની સફર જોવા ઉત્સુક છું. તું ગજબ છે. અનીતા પડ્ડા ફિલ્મોમાં તારુ સ્વાગત છે..ગોર્જિયસ ગર્લ, તું સુંદર અને અદ્દભુત છે. તારું મૌન પણ બોલે છે અને તારી નિર્બળતા અને તાકાત બંને મને સ્પર્શી ગયા અને મને આંસુ આવ ગયાં. તું અને અહાન બંને કોઈ જાદુથી પણ વિશેષ છો. સૈયારાની સમગ્ર મ્યુઝિક અને ટેક્નિકલ ટીમને મારા અભિનંદન અને શાનુ શર્માને પણ ખાસ આભાર. લવ યુ શાનુ.’’

# બાંગ્લાદેશ સામે ત્રીજી ટીર૦ જીતીને પાકિસ્તાને લાજ બચાવી



પાકિસ્તાની ક્રિકેટ ટીમના બાંગ્લાદેશના વર્તમાન પ્રવાસમાં ગુરુવારે રાત્રે રમાયેલી ત્રીજી ટીર૦ ક્રિકેટ મેચમાં પ્રવાસી ટીમનો ૭૪ રનથી વિજય થયો હતો. આ સાથે પાકિસ્તાને આ સિરીઝમાં પોતાનો વ્હાઇટવોશ થતો બચાવ્યો હતો. બાંગ્લાદેશે ત્રણ મેચની ટીર૦ સિરીઝ ૨-૧થી જીતી લીધી હતી. આ સિરીઝમાં પ્રથમ બે મેચ બાંગ્લાદેશે જીતી હતી અને ગુરુવારની મેચમાં પાકિસ્તાન હારે તો તેનો વ્હાઇટવોશ થઈ શકે તેમ હતો પરંતુ સાહિબજાદા ફરહાને આક્રમક અડધી સદી ફટકારીને ટીમને વિજય અપાવ્યો હતો.

શેર-એ-બાંગ્લા સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતાં પાકિસ્તાને તેની ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૭૮ રનનો પ્રભાવશાળી સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં બાંગ્લાદેશી ટીમ ૧૦૪ રન કરી શકી હતી. પાકિસ્તાન માટે સાહિબજાદા ફરહાને ૪૧ બોલમાં પાંચ સિક્સર સાથે ૬૩ રન ફટકાર્યા હતા. તેને મેન ઓફ ધ મેચ જાહેર કરાયો હતો. પાકિસ્તાન માટે સાહિબજાદા ફરહાન ઉપરાંત હસન નવાઝે ૧૭ બોલમાં ત્રણ સિક્સર સાથે ૩૩ અને મોહમ્મદ નવાઝે ૧૬ બોલમાં બે સિક્સર સાથે ૨૭ રનનું યોગદાન આપ્યું હતું.

સલમાન આગાની આગેવાની હેઠળની આ પાકિસ્તાની ટીમ બિનઅનુભવી ખેલાડીઓથી ભરેલી હતી. બાંગ્લાદેશના નાસુમ અહેમદે બે વિકેટ લીધી હતી. ૧૭૯ રનના ટારગેટ સામે રમતી બાંગ્લાદેશી ટીમનો કોઈ બેટર લાંબી ઈનિંગ્સ રમી શક્યો ન હતો. ઓપનર તાન્ઝિડ હસન તમિમ બીજા જ બોલે આઉટ થઈ ગયો હતો.



# ચોથી ટેસ્ટમાં જો રૂટની શાનદાર સદી, ઇંગ્લેન્ડને જંગી સરસાઈ

જો રૂટની શાનદાર સદી અને કેપ્ટન બેન સ્ટોક્સની ધરખમ ઈનિંગ્સની મદદથી ઈંગ્લેન્ડે અહી રમાઈ રહેલી ચોથી ક્રિકેટ ટેસ્ટમાં શુક્રવારે ભારત સામે મજબૂત પકડ હાંસલ કરી લીધી હતી. ભારતના ૩૫૮ રનના સ્કોર સામે રમતાં ઈંગ્લેન્ડે શુક્રવારે ત્રીજા દિવસની રમતના અંત સુધીમાં સાત વિકેટે ૫૪૪ રનનો સ્કોર રજૂ કરી દીધો હતો. આમ ઈંગ્લેન્ડની ટીમ હાલમાં ૧૮૬ રનની વિશાળ સરસાઈ ભોગવી રહી છે અને તેની ત્રણ વિકેટ જમા છે.

અહીના ઓલ્ડ ટ્રેફોર્ડ ખાતે રમાતી ટેસ્ટમાં ત્રીજા દિવસની રમતને અંતે બેન સ્ટોક્સ ૭૭ તથા લિયમ ડાઉસન ૨૧ રન સાથે રમતમાં હતા. આમ હાલના તબક્કે આ ટેસ્ટ જીતીને સિરીઝનો સ્કોર સરભર કરવાના ભારતના ઈરાદાઓ પર પાણી ફરી ગયેલું નજરે પડી રહ્યું છે.

ભારતના ૩૫૮ રનના સ્કોર સામે રમતાં ઈંગ્લેન્ડે શુક્રવારે સવારે બે વિકેટે ૨૨૫ રનના સ્કોરથી તેનો પ્રથમ દાવ આગળ ધપાવ્યો ત્યારે બેટિંગ કરી રહેલા જો રૂટ અને ઓલિ પોપે ત્રીજી વિકેટ માટે ૧૪૪ રનની ભાગીદારી નોંધાવી હતી. ઓલિ પોપ ૭૧ રનના અંગત સ્કોરે સ્પિનર વોશિંગ્ટન સુંદરના બોલે રાહુલના હાથમાં ઝડપાઈ ગયો હતો. ૧૨૮ બોલની ઈનિંગ્સમાં પોપે સાત ચોગ્ગા ફટકાર્યા હતા. પોપને આઉટ કર્યા બાદ વોશિંગ્ટન સુંદરે થોડી જ વારમાં હેરી બ્રુકને પણ પેવેલિયન ભેગો કરી દેતાં એમ લાગતું હતું કે ભારત વળતી લડત આપી શકે તેવી સ્થિતિમાં છે અને ઈંગ્લેન્ડને વધારે સરસાઈ મળી શકશે નહીં. પરંતુ, બેન સ્ટોક્સ અને જો રૂટે સ્કોર મજબૂતીથી આગળ ધપાવ્યો હતો. ચાર વિકેટે ૪૯૧ રનના સ્કોરે સ્ટોક્સ ઈજાને કારણે પેવેલિયનમાં પરત આવી ગયો અને તેની થોડી વારમાં જો રૂટ આઉટ થતાં ફરીથી આશા જાગી હતી.

જો રૂટે ૨૪૮ બોલમાં ૧૪ ચોગ્ગા સાથે ૧૫૦ રન ફટકાર્યા હતા. ટેસ્ટ ક્રિકેટમાં આ તેની ૩૮મી સદી હતી. આમ તેણે શ્રીલંકાના કુમાર સંગાકરાની ૩૮ સદીના રેકોર્ડની બરાબરી કરી હતી. હવે માત્ર સચિન તેંડુલકર (૫૧), જેક્સ કાલિસ (૪૫) અને રિકી પોન્ટિંગ (૪૧) જ તેના કરતાં વધારે સદી ફટકારનારા બેટર રહી ગયા છે. આ સાથે જો રૂટે ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધારે રન ફટકારવામાં બીજો ક્રમાંક હાંસલ કરી લીધો છે. હવે માત્ર સચિન તેંડુલકર (૧૫૯૨૧) જ જો રૂટના ૧૩૪૦૯ રન કરતાં વધારે રન ધરાવે છે. રૂટની વિકેટ પડ્યા બાદ બેન સ્ટોક્સ ફરીથી મેદાનમાં આવ્યો હતો. આ દરમિયાન જેમી સ્મિથ અને ક્રિસ વોક્સની વિકેટ ગુમાવી હતી. જે અનુક્રમે જસપ્રિત બુમરાહ અને મોહમ્મદ સિરાઝને મળી હતી.

ઈંગ્લેન્ડ માટે આ ઈનિંગ્સમાં તેના મોખરાના ચાર બેટરે ૫૦+નો સ્કોર નોંધાવ્યો હતો. અગાઉ ગુરુવારે ઓપનર ઝેક ક્રોલેએ ૮૪ અને બેન ડકેટે ૯૪ રન ફટકાર્યા હતા તો ત્રીજા ક્રમના ઓલિ પોપે ૭૧ અને રૂટે ૧૫૦ રન ફટકાર્યા હતા. ભારત માટે બંને સ્પિનર વોશિંગ્ટન સુંદર અને રવીન્દ્ર જાડેજા બે બે વિકેટ સાથે સફળ બોલર રહ્યા હતા.

# ઓસી. પ્રવાસ માટેની સાઉથ આફ્રિકન ટીમમાં માર્કરમ સામેલ

સાઉથ આફ્રિકાના નિયમિત મર્યાદિત ઓવર્સના કેપ્ટન એઈડન એડમ માર્કરામ અને ટેમ્બા બાવુમા આવતા મહિને ઓસ્ટ્રેલિયાના પ્રવાસે જનારી ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે. માર્કરમ સાઉથ આફ્રિકાની ટીર૦ અને વન-ડે એમ બંને ટીમનું સુકાન સંભાળશે.

સાઉથ આફ્રિકન ક્રિકેટ બોર્ડે ઓસ્ટ્રેલિયાના પ્રવાસ માટેની ટીમની જાહેરાત કરી હતી જેમાં તાજતેરમાં જ આઈસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયન બનેલી સાઉથ આફ્રિકન ટીમના કેપ્ટન બાવુમા તથા મહત્વના ખેલાડી એઈડન માર્કરમને લિમિટેડ ઓવરની ટીમમાં પણ પસંદ કરવામાં આવ્યા હતા.




વન-ડે ટીમમાં ઝડપી બોલર કેગિસો રબાડા તથા સ્પિનર કેશવ મહારાજને પણ સામેલ કરાયા હતા. જ્યારે મહારાજ ટીર૦ ટીમમાં રમવાનો નથી. આ ઉપરાંત સ્પિનર જ્વોર્જ લિંડે, મુથુસામી અને લેગ સ્પિનર નકાબા પીટર ટીર૦ સિરીઝમાં રમશે. સાઉથ આફ્રિકાની ટીમ ઓસ્ટ્રેલિયાના પ્રવાસમાં ત્રણ ટીર૦ અને ત્રણ વન-ડે ક્રિકેટ મેચની સિરીઝ રમશે. પ્રથમ ટીર૦ મેચ દસમી ઓગસ્ટે ડારવિનમાં રમાશે. ૧૯મી ઓગસ્ટથી વન-ડે સિરીઝનો પ્રારંભ થશે. પહેલી મેચ કેન્સ ખાતે રમાયા બાદ બાકીની બે મેચ મેકાય ખાતે રમાશે.સાઉથ આફ્રિકન ટીમ: ટીર૦ ટીમ: એઈડન માર્કરમ (સુકાની), રિયાન રિકેલ્ટન, રેસ્સી વાન ડેર ડુસૈન, ત્રિસ્તાન સ્ટબ્સ, ડેવાલ્ડ બ્રાવિસ, લુઆન ટી પ્રિટોરિયસ, કોર્બિન બોશ, લુંગી એંગિડી, કેગિસો રબાડા, નાન્દ્રે બર્ગર, કક્વેના મકાકા, જ્યોર્જ લિંડે, સેનુરન મુથુસામી, નકાબા પીટર, પ્રેનેલાન સુબ્રાયેન. વન-ડે ટીમ : ટેમ્બા બાવુમા (સુકાની), એઈડન માર્કરામ, રિયાન રિકેલ્ટન, ત્રિસ્તાન સ્ટબ્સ, મેથ્યુ બ્રિઝટ્કે, ટોની ડી ઝોરઝી, ડેવાલ્ડ બ્રાવિસ, વિયાન મુલ્ડેર, લુઆન ડી પ્રિટોરિયસ, નાન્દ્રે બર્ગર, કોર્બિન બોશ, કેગિસો રબાડા, લુંગી એંગિડી, કેશવ મહારાજ, સેનુરન મુથુસામી, પ્રેનેલાન સુબ્રાયેન.

# રિશભ પંતની નીડરતાની ક્રિકેટ વર્તુળમાં ભરપુર પ્રશંસા



ઈંગ્લેન્ડ સામે રમાઈ રહેલી ચોથી ક્રિકેટ ટેસ્ટમાં ગુરુવારે ભારતના રિશભ પંતે પગમાં ઈજા થઈ હોવા છતાં ટીમની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને બેટિંગ કરી હતી અને અડધી સદી ફટકારી હતી. આ અંગે ક્રિકેટ વર્તુળમાં પંતની ભરપુર પ્રશંસા થઈ રહી છે. ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કોચ રવિ શાસ્ત્રીએ જણાવ્યું હતું કે રિશભ પંત ખરા અર્થમાં ટીમ-મેન છે. તેણે માત્ર હિંમત જ દાખવી નથી પરંતુ પુરવાર કરી દીધું છે કે તે ટીમ માટે રમી રહ્યો છે.


ડિસેમ્બર ૨૦૨૨માં રિશભ પંતનો એક કાર અકસ્માત થયો હતો. ત્યાર બાદ તેણે ક્રિકેટમાં પુનરાગમન કર્યું હતું જેની ઘણા ઓછાને આશા હતી પરંતુ તેના કરતાં પણ વિશેષ કામગીરી તેણે ગુરુવારે બજાવી હતી. ઈંગ્લેન્ડ સામેની ઓલ્ડ ટ્રેફોર્ડ ખાતેની ટેસ્ટમાં પ્રથમ દિવસે તે ઝડપી બોલર જોફરા આર્ચરની બોલિંગમાં ઘાયલ થયો હતો. તેના જમણા પગના અંગૂઠે ફ્રેક્ચર થયું હતું.

બીજે દિવસે સવારે એમ મનાતું હતું કે પંત આગળ નહી રમી શકે અને ભારત પરત ફરી જશે પરંતુ તેને બદલે તે બેટિંગ કરવા માટે મેદાનમાં આવ્યો હતો. તે સમયે તેનો સ્કોર ૩૭ રન હતો પરંતુ આગળ બેટિંગ કરીને તેણે ૫૪ રનની ઈનિંગ્સ રમી હતી.

રવિ શાસ્ત્રીએ જણાવ્યું હતું કે જો કોઈને શંકા હોય કે પંત ટીમ-મેન નથી તો તેમણે આજે મેદાન પર તેનો જીવતો જાગતો પુરાવો જોઈ લેવો જોઈએ.તેના માટે ક્રિઝ પર પર આવવું અને આ પ્રકારની ખાસ ઈનિંગ્સ રમવી તે અસામાન્ય બાબત હતી. આમ કરીને તેણે અન્ય ઘણાને ખૂબ જ પ્રેરિત કર્યા છે. પંત મેદાન પર આવ્યો ત્યારે ઈંગ્લેન્ડની ટીમે તેને વધાવી લીધો હતો અને પ્રેક્ષકો પણ તેની સાથે હતા. આ ઘણી મોટી વાત છે. કદાચ તમે જીવનમાં આ પ્રકારની ક્ષણ કે તક માટે જ જીવતા હો છો તેમ રવિ શાસ્ત્રીએ ઉમેર્યું હતું. ચોથી ટેસ્ટના પ્રારંભ અગાઉ પંત રમી શકશે કે કેમ તે અંગે શંકા હતી કેમ કે લોર્ડ્ઝ ટેસ્ટમાં તેની આંગળીએ ફ્રેક્ચર થયું હતું અને મોટા ભાગના સમયે જુરેલે કીપિંગ કર્યું હતું. આમ છતાં તે માન્ચેસ્ટરમાં રમ્યો હતો અને અડધી સદી ફટકારી હતી.

ભારતના ભૂતપૂર્વ ટેસ્ટ ક્રિકેટર ચેતેશ્વર પૂજારાએ જણાવ્યું હતું કે ભારતને અત્યારે પંત જેવા નીડર ખેલાડીની જરૂર છે જે કપરા સમયમાં પણ રમી શકે. આટલી ઈજા છતાં તેણે દર્શાવ્યું છે કે તે કેટલો મક્કમ અને મજબૂત છે. ઘાયલ થયા બાદ બેટિંગમાં પરત આવવું આસાન હોતું નથી પરંતુ દેશ માટે રમવાની ઈચ્છાશક્તિને કારણે જ પંત આમ કરી શક્યો છે.

# શુભમ ગીલ અંગે શાર્દુલ ઠાકુરનું પ્રેસ કોન્ફરન્સમાં ચોંકાવનારું નિવેદન



ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ૫ મેચની ટેસ્ટ શ્રેણી ચાલી રહી છે ત્યારે માન્ચેસ્ટર ખાતે હાલ યજમાન ટીમના આંગણે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે યોજાયેલ બીજી ટેસ્ટ મેચ બાદ આયોજન કરવામાં આવેલ પ્રેસ કોન્ફરન્સમાં શાર્દુલનો મોટો ખુલાસો સામે આબયો છે.માન્ચેસ્ટરના મેદાનમાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ચાલી રહેલ ચોથી ટેસ્ટ મેચના બીજા દિવસે ખેલાડીઓ માટે આયોજન કરવામાં આવેલ પ્રેસ કોન્ફરન્સમાં શાર્દુલ ઠાકુરને જ્યારે મીડિયા તરફથી બોલિંગ બાબતે સવાલ પૂછવામાં આવ્યા ત્યારે તેમણે જવાબમાં ડિફેન્સ મોડમાં પોતાની બોલિંગનો બચાવ કર્યો હોય એવું લાગી રહ્યું હતું. શાર્દુલ ઠાકુરે કહ્યું કે હું વધારે બોલિંગ કરી શક્યો હોત પણ એ નિર્ણય કપ્તાનના હાથમાં છે.ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ચાલી રહેલ ચોથી ટેસ્ટ મેચના બીજા દિવસે યજમાન ટીમ ભારતીય ટીમ સામે મજબૂત દેખાઈ રહી છે. ઈંગ્લેન્ડની ટીમના બેટ્સમેનોએ ભારતીય ટીમને બેકફૂટ પર ધકેલી મૂકી હોય એવું લાગી રહ્યું છે. ભારતીય ટીમે મેચની પ્રથમ ઈનિંગમાં ઈંગ્લેન્ડ સામે ૩૫૮ રન બનાવ્યા હતા જેના જવાબમાં બીજા દિવસના અંત સુધી ઈંગ્લેન્ડે બે વિકેટ ગુમાવીને ૨૨૫ રન બનાવી લીધા છે.

# રિષભ પંથ બનશે ટીમ ઇન્ડિયાના નવા કપ્તાન? દિલ્હી કેપિટલ્સના કોચનો મોટો ખુલાસો




ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ચાલી રહેલ ચોથી ટેસ્ટ મેચના બીજા દિવસે કઈક એવું જોવા મળ્યું જે ક્રિકેટના ઈતિહાસમાં ભાગ્યેજ જોવા મળે છે. ચોથી ટેસ્ટ મેચના પહેલા દિવસે પગના અંગૂઠામાં ફ્રેક્ચર હોવા છતાં ઉપ-કપ્તાન બેટિંગ કરવા માટે મેદાનમાં ઉતાર્યા હતા.

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે માન્ચેસ્ટર ખાતે ચાલી રહેલ ચોથી ટેસ્ટ મેચના પહેલા દિવસે યોર્કર બોલ રમવાના પ્રયાસમાં ભારતીય ટીમના ઉપ-કપ્તાન રિષભ પંતને પગના અંગૂઠામાં એટલા જોરથી બોલ વાગ્યો કે તેમના પગમાં ફ્રેક્ચર થઈ ગયું હતું. છતાં પણ આ બહાદુર ખેલાડીએ ટીમ માટે હાર માની નહીં અને મેચના બીજા દિવસે ટીમને સપોર્ટ કરવા મેદાનમાં ઉતાર્યા અને પગમાં ફ્રેક્ચર સાથે શાનદાર ફિફ્ટી પણ ફટકારી.

યજમાન ટીમના આંગણે ચાલી રહેલ ટેસ્ટ મેચમાં ચોક્કસથી ભારતની ટીમ સારું પ્રદર્શન કરી રહી છે. પરંતુ દિલ્હી કેપિટલ્સના મુખ્ય કોચ હેમાંગ બદાણી ભારતીય ટેસ્ટ ટીમના યુવા કપ્તાન અને તેમની કપ્તાનીથી નારાજ દેખાઈ રહ્યા છે. દિલ્હી કેપિટલ્સના મુખ્ય કોચ હેમાંગ બદાણીએ રિષભ પંતને ભાવિ ટેસ્ટ કેપ્ટન ગણાવ્યા છે. તેમણે શુભમન ગિલની કેપ્ટનશિપની પણ ઘણી ટીકા કરી છે. હેમાંગ બદાણીના કહેવા મુજબ શુભમન ગિલ કપ્તાન તરીકે ટીમને વધારે મજબૂત કરવામાં નિષ્ફળ ગયા છે.

# સ્ટેટ ટીટીમાં ખનક અંડર-૧૩માં, નક્ષ અને મિશા અંડર-૧૧માં વિજેતા




ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિયેશનના નેજા હેઠળ અને જામનગર ડિસ્ટ્રિક્ટ ટેબલ ટેનિસ એસોસિયેશનના ઉપક્રમે જેએમસી સ્પોર્ટ્સ કોમ્પલેક્સ (જામનગર) ખાતે યોજાયેલી રિલાયન્સ ચોથી ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં મોખરાના ક્રમની ખનક શાહે શુક્રવારે તેના ટાઈટલની હેટ્રિક સર્જીને ગર્લ્સ અંડર-૧૧ ટાઈટલ જીતી લીધું હતું. ફાઈનલમા તેણે સુરતની ધિમહી કાબરાવાલાને ૩-૧થી હરાવી હતી.

૧૨ વર્ષીય ખનકે અગાઉ ગાંધીધામ અને આણંદ ખાતે યોજાયેલી બીજી અને ત્રીજી સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં પણ આ ટાઈટલ જીત્યાં હતાં. બોયઝ અંડર-૧૧ની રોમાંચક બનેલી ફાઈનલમાં અમદાવાદના અને મોખરાના ક્રમના નક્ષ પટેલે એક સમયે ૧-૨થી પાછળ રહેવા છતાં ત્રણ મેચ પોઈન્ટ બચાવીને કચ્છના બીજા ક્રમના રેહાંશ સિંઘવીને ૩-૨થી હરાવ્યો હતો અને ટાઈટલ જીત્યું હતું. આમ તેણે પણ ગાંધીધામ અને આણંદ બાદ સળંગ ત્રીજી સ્ટેટ રેન્કિંગ ટુર્નામેન્ટમાં અંડર-૧૧ ટાઈટલ હાંસલ કર્યું હતું.

બીજી તરફ એકતરફી બની ગયેલી અંડર-૧૧ ગર્લ્સ ફાઈનલમાં મોખરાના ક્રમની મિશા લાખાણીએ (અમદાવાદ) સાતમા ક્રમની પ્રિશા પારેખ સામે ૩-૦થી વિજય હાંસલ કર્યો હતો. દરમિયાન મેન્સ સિંગલ્સની પ્રિ ક્વાર્ટર ફાઈનલમાં અપસેટની હારમાળા જોવા મળી હતી. કેમ કે ત્રણ બિનક્રમાંકિત ખેલાડીઓએ ક્રમાંકિત ખેલાડીઓને બહાર કરી દીધા હતા.

# વિમલ પોદ્દાર બીસીએ કોલેજમાં ડીજિટલ વર્લ્ડ વિષયે સેમિનાર



સુરત, તા.૨૬

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત, વિમલ ટોરમલ પોદ્દાર બીસીએ કોલેજ, પાંડેસરા ખાતે તા. ૨૪ જુલાઈ ૨૦૨૫ ગુરુવારના રોજ "IT Unlocked: Demystifying the Digital Wrold'' વિષયક સેમિનાર યોજાયો. આ સેમિનારનું આયોજન Placement & Career Development Club દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં પ્રોજેક્ટ પસંદગી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે વિઝન ઈન્ફોટેક કંપનીના ચીફ પીપલ્સ ઓફિસર શ્રી મહેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ''Choosing the Right IT Project: Bridging Theroy with Practice'' વિષય પર વર્તમાન સમયની ઈન્ડસ્ટ્રીની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને પ્રોજેક્ટ કેવી રીતે પસંદ કરવો એ વિશે માહિતી આપી. તેમણે જણાવ્યું કે વિદ્યાર્થીઓએ પોતાના રસ અને નિપુણતાઓ અનુસાર પ્રોજેક્ટ પસંદ કરીને એક યોગ્ય દિશામાં કારકિર્દી બનાવી શકાય છે. તેમણે આ વાત પર પણ ભાર મૂક્યો કે દરેક પ્રોજેક્ટ થિયરીથી વધુ, પ્રેક્ટિકલ મહત્વ ધરાવતો હોવો જોઈએ જે વિદ્યાર્થીઓને ઈન્ડસ્ટ્રીમાં આગળ વધવામાં મદદરૂપ થાય. આ સેમિનારમાં વિમલ ટોરમલ પોદ્દાર બીસીએ કોલેજના પ્રધાન આચાર્ય ડૉ. ચેતન રાઠોડ તેમજ પ્રાધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન અને માર્ગદર્શન ડૉ. ઈશાન તમહાનકર, ડૉ. પૂજા પંચાલ તથા પ્રો. પીનલ સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું અને સંચાલન પ્રો. પીનલ સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું.

# બીમાર માતાની સારવાર નહીં કરાવી શકનાર પુત્રનો આપઘાત

## પોતાની સારવાર માટે માતાએ ઠપકો આપતા પુત્રનું અંતિમ પગલું

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૬

પલસાણા ખાતે રવિશંકર પંડીત બિલ્ડીંગમાં રહેતા મુળ ઉત્તરપ્રદેશના વતની એવા ૨૫ વર્ષિય પુત્રને માતા બિમાર રહેતી હોય અને તેની સારવારના નાણાની સારવાર માટેના નાણાની વ્યવસથા ન થઈ શક્તી હોય માતાએ આ બાબતે પુત્રને ઠપકો આપતા આપતા પુત્રએ હતાશ થઈ ફાંસો ખાઈ લીધો હતો. આ મામલે કડોદરા જીઆઈડીસી પોલીસે તપાસ હાથ ધરી હતી. કડોદરા જીઆઈડીસી પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર મુળ ઉત્તરપ્રદેશના બાંદા જિલ્લાના ગેરવા થાના સૌતા-સોડાના વતની અને હાલ પલસાણા ખાતે રહેતા સોબરન ઈન્દ્રપાલ સેન ઉ.વ.૨૫ મજુરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. દરમિયાન તેની માતા મનિયાદેવી વતનમાં બિમાર રહેતી હતી. તેની સારવાર માટે પુરતા નાણાની વ્યવસ્થા થઈ શકતી ન હોય સુરતમાં રહેતા પુત્ર સોબરન સેનને માતાએ ઠપકો આપ્યો હતો. દરમિયાન પુત્ર સોબરન સેને ગઈકાલે લોખંડની સીડી સાથે કપડા સુકવવાની દોરી વડે ફાંસો ખાઈ જીવન ટુંકાવી લીધું હતું.



સુરત મહાનગર પાલિકાના વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ તથા ઉદ્ઘાટન સમારંભ અર્થે હવાઈ માર્ગે સુરત આવેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું આજે સવારે સુરત એરપોર્ટ પર મેયર દક્ષેશભાઈ માવાણી, શહેર ભાજપ અધ્યક્ષ પરેશભાઈ પટેલ સહિતના આગેવાનો દ્વારા કરવામાં આવ્યું હતું.

# કોમર્શિયલ પર્પઝ માટે બેંકની સેવા મેળવનાર બેંકના ગ્રાહક ગણાય નહીં: ગ્રાહક કમિશન

## બેંક ઓફ બરોડા સામેની ત્રણ ફરિયાદો જિલ્લા ગ્રાહક કમિશને રદ કરી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૬

સુરત. લોનની નિર્ધારીત મુદત પુરી થાય તે પહેલા લોન ખાતા બંધ કરતી વખતે બેંક દ્વારા વસૂલ કરવામાં આવેલ ફોર ક્લોઝર ચાર્જસ વસુલ લેવાનો બેન્કને અધિકાર નથી એવા આક્ષેપ કરીને બેંકે વસૂલ લીધેલા ફોર ક્લોઝર ચાર્જસની રકમ વ્યાજ વળતર સાથે પરત આપવાની દાદ માંગતી ત્રણ વ્યાપારી પેઢીની ફરિયાદો સુરત જિલ્લા ગ્રાહક કમિશને રદ કરી ટાંક્યું હતું કે ફરિયાદી પેઢીએ વ્યાપારિક હેતુ માટેની હોવાની તથા કોમરિ?શયલ પર્પઝ માટે સેવા મેળવવાનાર ગ્રાહક સુરક્ષા ધારામાં આપેલી ગ્રાહકની વ્યાખ્યાની ગ્રાહક ગણાય નહી.

ફરિયાદી મેસર્સ ફીઓના ફેબ્રિક્સ (પ્રોપ્રાયટરઃ જે. ડી. કાત્રોડીયા)એ Bank of Baroda પાસેથી મેળવેલી રૂા. ૭૮ લાખની લોન અને રૂ. ૨૨ લાખની કેશ કેડિટના ખાતા લોનની નિર્ધારિત મુદત પૂરી થાય તે પહેલા બંધ કરાવતી વખતે બાકી લેણી રકમ ઉપરાંત બેંકે ફોર-ક્લોઝર ચાર્જસ તરીકે રૂા. ૩,૦૪,૪૪૫ વસૂલ લીધા હતા. એ જ રીતે અન્ય મેસર્સ ફીઓના ટેક્સટાઈલ (પ્રોપ્રાયટરઃ એન. એ. કાત્રોડીયા) એ પણ Bank of Baroda પાસે મેળવેલ રૂા. ૭૮ લાખની ટર્મ લોન તથા રૂા. ૨૨ લાખની કેશ ક્રેડિટના ધિરાણના ખાતા લોનની નિર્ધારિત મુદત પુરી થાય તે પહેલા બંધ કરાવતી વખતે બાકી લેણી રકમ ઉપરાંત ફોર ક્લોઝર ચાર્જસ ના ૩! ૩,૧૦,૦૦૦ સામાવાળા બેંકે વસુલ્યા હતા. એ જ રીતે ત્રીજી પેઢી મેસર્સ ફીઓના ક્રિએશન (પ્રોપ્રાયટર કે. જી. કાત્રોડીયા)એ સામાવાળા Bank of Baroda કનેથી રૂપિયા ૭૮ લાખની ટર્મ લોન અને રૂપિયા ૨૨ લાખની કેશ કેડિટ મેળવી હતી. આ ખાતા લોનની નિર્ધારિત મુદત પુરી થાય તે પહેલા બંધ કરાવતી વખતે ખાતામાં બાકી પડતી રકમ ઉપરાંત ફોર ક્લોઝર ચાર્જસના રૂ. ૩,૧૫,૧૨૦ બેકે વસૂલ લીધા હતા. આ ત્રણ પેઢીઓએ બેંક દ્વારા વસૂલ લેવાયેલા ફોર ક્લોઝર ચારિજસના રૂપિયા

બેંકને વસૂલ લેવાનો હક અને અધિકાર ન હોવા છતાં બેંકે વસૂલ લીધા હોવાનું જણાવી જે તે રકમનો વ્યાજ વળતર સહિત પરત મેળવવા માટે આ ત્રણ પેઢીઓએ ત્રણ અલગ-અલગ ફરિયાદ સુરત જિલ્લા કમિશન સમક્ષ કરી હતી. બેંક તરફે હાજર રહેલા સિનિયર એડવોકેટ શ્રેયસ દેસાઈ, પ્રાચી અર્પિત દેસાઈ, ઈશાન શ્રેયસ દેસાઈએ દલીલો કરી હતી કે ત્રણેય ફરિયાદી પેઢીઓએ ધંધાડીય હેતુ માટે ટર્મ લોન અને કેશ કેડિટનું ધિરાણ લીધું હતું. જે સંજોગોમાં ફરિયાદી ગ્રાહક સુરક્ષા ધારા-૨૦૧૯માં આપેલી ગ્રાહકની વ્યાખ્યા મુજબના ગ્રાહક ગણાય નહી અને ફરિયાદીએ બેંકની સેવા કોમરિશયલ પર્પઝ માટે મેળવી હોવાથી ફરિયાદીની ફરિયાદ ગ્રાહક સુરક્ષા ધારા-૨૦૧૯ હેઠળ સાંભળવાની જિલ્લા કમિશનને હુકુમત નથી અને તેથી ત્રણેય પેઢીની ફરિયાદ રદ થવાને પાત્ર હોવાનું જણાવ્યું હતું. ગ્રાહક કમિશન બેંક તરફે થયેલી દલીલોને ગ્રાહ્ય રાખી ફરિયાદીની ત્રણે ફરિયાદો રદ કરી હતી



# જનતા માધ્યમિક શાળા ખેલ મહાકુંભ ૨૦૨૫-૨૬માં ઝળકી

ખેરગામ, તા.૨૬

ખેરગામઃજિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી નવસારી દ્વારા સંચાલિત ખેરગામ તાલુકાનો તાલુકા કક્ષાનો કલા મહાકુંભ ૨૦૨૫-૨૬ કાર્યક્રમનું આયોજન ખેરગામની જનતા માધ્યમિક શાળામાં તારીખઃ૨૩/૭/૨૦૨૫ બુધવાર ના રોજ ખેરગામ તાલુકા વિકાસ અધિકારી મહેશભાઈ વિરાણીના અધ્યક્ષતા હેઠળ યોજવામાં આવ્યો હતો.કલા મહાકુંભની વિવિધ સ્પર્ધાઓમાં કુલ ૨૩૫ વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો. સદર સ્પર્ધાઓમાં જનતા માધ્યમિક શાળા ખેરગામમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ઝળહરતી સિદ્ધિ પ્રાપ્ત કરી છે

નિબંધ લેખન સ્પર્ધામાં(૧૫ થી ૨૦ વર્ષ )પ્રથમ ક્રમાંક મહેક નિલેશભાઈ પટેલ,ચિત્રકલા સ્પર્ધા (૧૫ થી ૨૦ વર્ષ) પ્રથમ ક્રમાંક શૈલી સંજયભાઈ પટેલ, તબલા સ્પર્ધા (૯ થી ૧૪ વર્ષ) પ્રથમ ક્રમાંક મેઘ શરદકુમાર પટેલ, તબલા સ્પર્ધા(૧૫ થી ૨૦ વર્ષ) પ્રથમ ક્રમાંક આદર્શ નીતીનભાઈ પટેલ,લોક નૃત્ય સ્પર્ધા (૯ થી ૧૪ વર્ષ) પ્રથમ ક્રમાંક જનતા માધ્યમિક શાળા ખેરગામની કૃતિ પ્રાપ્ત થયો હતો. સ્પર્ધામાં પ્રથમ આવનાર વિદ્યાર્થીઓને નવસારી જિલ્લા વિકાસ અધિકારી પુષ્પલતાબેન,નાયબ જિલ્લા વિકાસ અધિકારી નવસારી, રીપલબેન ચૌધરી અને શૈલેષભાઈ ચાવડા અને તાલુકા વિકાસ અધિકારી મહેશભાઈ વિરાણી દ્વારા પુસ્તકો અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# જામનપાડામાં મોપેડ સવાર દંપતિને ટેમ્પાએ ઉડાવી દેતા પતિનું મોત

## ઈજાગ્રસ્ત મહિલા હોસ્પિટલમાં સારવાર હેઠળ

ખેરગામઃ ખેરગામના જામનપાડા ખાતે ૨૨ જુલાઈએ બપોરે આઈસર ટેમ્પો નં. ય્ત્ન-૧૫-છ્ફ-૧૦૧૧એ એક્સેસ મોપેડ નં. ય્ત્ન-૨૧-ઢ્ઞ-૯૦૦૮ને ટક્કર મારી હતી. આ બનાવમાં મોપેડ પર સવાર નિવૃત્ત તાલુકા વિકાસ અધિકારી સુભાષભાઈ ગાંવિત (ઉ.વ. ૬૧) (રહે., ગાંધીનગર સોસાયટી, મૂળ તોરણવેરા) અને પત્ની તારાબેન (ઉ.વ. ૫૫) બંને માર્ગ ઉપર ફંગોળાઈ ગયાં હતાં. બંનેને ઈજા પહોંચતાં ખેરગામ રેફરલ હોસ્પિટલ બાદ વધુ સારવાર માટે વલસાડની કસ્તુરબા હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતાં. સારવાર દરમિયાન ૨૪ જુલાઈએ સવારે ૧૧:૨૨ વાગે સુભાષભાઈનું મોત થયું હતું. આ બનાવમાં પુત્ર મિહિરે ખેરગામ પોલીસ મથકમાં ફરિયાદ કરતાં પોલીસે અજાણ્યા ટેમ્પો ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# આદિવાસી સમાજ અંગે વાંધાજનક નિવેદન અંગે પોલીસ ફરિયાદ દાખલ

## પત્રકારો વિરુદ્ધ એટ્રોસીટી એક્ટ મુજબ ધારાસભ્ય ડો.તુષાર ચૌધરીએ ફરિયાદ કરી

સુરત, તા.૨૬

જગદિશ મહેતા ગ્રુપ એડિટર, હેડલાઈન્સ ન્યુઝ – રાજકોટ, ગોપી ઘાંઘર, નિર્ભય ન્યુઝના પત્રકાર વિરૂધ્ધ પ્રિવેન્શન ઓફ એટ્રોસીટીઝ એકટ, ૧૯૮૯ તેમજ બી.એન.એસ.૨૦૨૩ની કલમો હેઠળ પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

ગુજરાત વિધાનસભાના કોંગ્રેસ પક્ષના નેતા અને ખેડબ્રહમાના ધારાસભ્ય શ્રી તુષાર અમસિંહભાઈ ચૌધરી કે જેઓ સને ૨૦૦૨ની સાલમાં ૧૭૧-વ્યારા વિધાનસભા (એસ.ટી.) ત્યારબાદ સને ૨૦૦૪થી ૨૦૦૯ સુધી માંડવી લોકસભાથી સાંસદ ત્યારબાદ ૨૦૦૯ થી ૨૦૧૪ બારડોલી લોકસભા સીટના સાંસદ, ભારત સરકારમાં કેન્દ્રિય મંત્રી તરીકે ફરજ બજાવેલ તેઓએ એસ.સી. એસ.ટી. સેલના ડી.વાય.એસ.પી. વ્યારાનાઓને પોતાના એડવોકેટ ઝમીર શેખ મારફતે તા.૨૩/૦૭/૨૦૨૫ ના રોજ એક લેખીત અરજી આપેલ અને જણાવેલ કે આરોપી જગદિશ મહેતા, ગ્રુપ એડિટર હેડલાઈન્સ ન્યુઝ – રાજકોટનાએ નિર્ભય ન્યુઝમાં આદિવાસી સમાજ અંગે આપત્તીજનક નિવેદન આપેલ અને જણાવેલ કે ''આદિવાસી લોકો કાળા ભમ્મર હોય છે, હાથમા તિર કામઠા, પહેરવા અડધા પડધા લુગડા, ઉઘાડા પગ, જંગલમાં રહેવાનુ, જાનવર સાથે બાઝવાનુ' તેવું નિવેદન આપેલ. તેમજ શ્રી તુષાર અમરસિંહભાઈ ચૌધરી અને ગુજરાત રાજયના માજી મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરીનાઓ બાબતે પણ બિનજરૂરી ટીપ્પણી કરેલ અને તેના સમર્થનમાં નિર્ભય ન્યુઝ ના પત્રાકાર ગોપી ઘાંઘરનાઓએ હુંકારો આપી સમર્થન આપેલ. તેથી શ્રી તુષાર અમરસિંહ ચૌધરીનાઓએ બંને વિરૂધ્ધ એડવોકેટ ઝમીર શેખ મારફતે ફરીયાદ આપતા તા.૨૫/૦૭/૨૦૨૫ ના રોજ વ્યારા પોલીસ સ્ટેશન મુકામે પ્રિવેન્શન ઓફ એટ્રોસીટીઝ એકટની કલમ-૩(૧)(આર), ૩(૧)(એસ), ૩(૧)(ટી), ૩(૧)(યુ) અને ૩(૧)(વી) મુજબ તેમજ બી.એન.એસ. ૨૦૨૩ની કલમ-૩૫૬(૨) મુજબની એફ.આઈ. આર. રજીસ્ટર્ડ કરવામાં આવી છે.

# ચેમ્બર ઓફ કોમર્સ અને સાઇપ્રસની મહિલા ઉદ્યોગકારો સાથે કરાર થયા

સુરત, તા.૨૬

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા બુધવાર, તા. ૨૩ જુલાઈ ૨૦૨૫ના રોજ સાંજે ૪:૦૦ કલાકે વુમન્સ ઈન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (WICCI ) – Cyprus Chapter સાથે ઓનલાઈન મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી, ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, ઈન્ચાર્જ માનદ્ મંત્રી શ્રી ભાવેશ ટેલર, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ચેમ્બરની લેડીઝ વીંગના વાઈસ ચેરપર્સન શ્રીમતી અલ્પાબેન મદ્રાસી અને ચેમ્બરના એસજીસીસીઆઈ ગ્લોબલ કનેકટના સીઈઓ શ્રી પરેશ ભટ્ટ ઉપસ્થિત રહયા હતા.

આ ઓનલાઈન મિટીંગમાં સાઈપ્રસ સ્થિત ભારતના હાઈ કમિશનના હાઈ કમિશનર હીઝ એકસીલન્સ શ્રી મનિષ (H.E. Mr. Manish) અને ફર્સ્ટ સેક્રેટરી શ્રી સુભાષ જંગલા (Mr. Subhash Jangla), મુંબઈ સ્થિત કોન્સ્યુલેટ ઓફ રિપબ્લીક ઓફ સાઈપ્રસના ઓનરરી કોન્સુલ શ્રી વિરાજ કુલકર્ણી (Mr. Viraj Kulkarni - Honroary Consul, Honroary Consulate of Republic of Cyprus, Mumbai) અને સાઈપ્રસ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ મીસ મરીના ઝેવેડેઉ (Ms. Marina Zevedeou), ઓનરરી પ્રમુખ મીસ એલેના તનુ (Ms. Elena Tanou), સેક્રેટરી જનરલ શ્રી ફિલોકાયપ્રોસ રૂસુનાઈડીસ (Mr. Philokypros Roussounides)અને સભ્યો જોડાયા હતા.

### કારગીલ વિજય દિવસ
### પહેલા પાનાનું ચાલુ

સલામ કરું છું."માંડવિયા સાથે કેન્દ્રીય સંરક્ષણ રાજયમંત્રી સંજય સેઠ, ૩૦૦૦ થી વધુ યુવાનો, લશ્કરી કર્મચારીઓ, શહીદોના પરિવારો અને નાગરિક સમાજના સભ્યો હતા.

શુક્રવારે, માંડવિયા કારગિલના સેન્ડો ટોપ પહોંચ્યા અને સૈનિકો સાથે વાતચીત કરી. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક પોસ્ટમાં આ મુલાકાતનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે લખ્યું, "આખી દુનિયા ટાઈગર હિલ્સથી પરિચિત છે, પરંતુ કારગિલના દ્રાસમાં સ્થિત સેન્ડો ટોપ એક એવી જગ્યા છે જ્યાં ભારતીય સેનાએ કારગિલ યુદ્ધ દરમિયાન પોતાની અદમ્ય હિંમત દર્શાવી હતી અને દુશ્મનને હરાવ્યો હતો. મને અહીં મુલાકાત લેવાની અને ભારતીય સેનાના સૈનિકો સાથે વાતચીત કરવાની તક મળી."

તમને જણાવી દઈએ કે, ૧.૫ કિલોમીટર લાંબી આ પદયાત્રા સવારે ૭ વાગ્યે દ્રાસની હિમાબાસ પબ્લિક હાઈસ્કૂલના મેદાનથી શરૂ થઈ હતી અને ભીમબેટની સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના મેદાનમાં સમાપ્ત થઈ હતી. પદયાત્રા પછી, કેન્દ્રીય મંત્રીએ ૧૦૦ યુવા સ્વયંસેવકો સાથે કારગિલ યુદ્ધ સ્મારક પર પુષ્પાંજલિ અર્પણ કરી.

પદયાત્રા દરમિયાન, 'એક પેડ મા કે નામ' અભિયાન હેઠળ વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું, જે દેશભક્તિની સાથે વિકસિત ભારત ૨૦૪૭ માટે પર્યાવરણીય સંરક્ષણ અને ટકાઉ વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. પદયાત્રા પહેલા, આ વિસ્તારના યુવાનો અને સ્થાનિક સમુદાયોને જોડવા માટે નિબંધ લેખન, ચિત્રકામ, વક્તૃત્વ સ્પર્ધાઓ અને યુવા સંવાદ જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રવૃત્તિઓનો ઉદ્દેશ્ય નાગરિક જાગૃતિ વધારવા, બહાદુરીની વાર્તાઓનો પ્રચાર કરવા અને સશસ્ત્ર દળો સાથે ભાવનાત્મક જોડાણને મજબૂત બનાવવાનો છે. આ 'વિકાસ ભારત પદયાત્રા પહેલ'નો એક ભાગ છે જેનો ઉદ્દેશ્ય દેશભરમાં સ્મારક અને સહભાગી કાર્યક્રમો દ્વારા રાષ્ટ્રીય ગૌરવને પ્રોત્સાહન આપવા, નાગરિક જોડાણને વધુ ગાઢ બનાવવા અને યુવાનોમાં એકતાની ભાવનાને મજબૂત

### મહારાષ્ટ્રમાં
### પહેલા પાનાનું ચાલુ

આંદોલન નથી કરી રહ્યો. મારે જ મારી ફિલ્મ માટે આંદોલન કરવું પડે એ મને જચતું નથી, મારા મનને જચતું નથી.

જોકે હવે પછી બીજી મરાઠી ફિલ્મોને ત્રાસ થશે ત્યારે હું મલ્ટિપ્લેક્સવાળાના કાચ ફોડી નાખીશ. મને માફ કરજો પણ જો મરાઠી નિર્માતાઓને મરાઠી ફિલ્મ મહારાષ્ટ્રમાં પ્રદર્શિત કરવા સરકારના દરબારમાં જઈને યાચના કરવી પડે તો એના જેવી બીજી કમનસીબી બીજી કોઈ ન હોઈ શકે.'

### વિશ્વ ભરના
### પહેલા પાનાનું ચાલુ

છે. તેમને ૫૯ ટકા એપ્રુવલ રેટીંગ મળ્યા છે.ત્રીજા નંબરે આર્જેન્ટીના રાષ્ટ્રપતિ ઝેવિયર મિલેઈ છે. તેમને ૫૭ ટકા વોટ મળ્યા છે. ત્યારબાદ ચોથા નંબરે કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીને ૫૬ ટકા અને પાંચમા નંબરે ઓસ્ટ્રેલિયાના એન્થની અલ્બનીનીને ૫૪ ટકા વોટ મળ્યા છે.

### આણંદ ખાતે
### પહેલા પાનાનું ચાલુ

કોંગ્રેસના પ્રમુખ અમિત ચાવડા સહિત પ્રદેશ કોંગ્રેસ અને આણંદ કોંગ્રેસના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા છે.

કોંગ્રેસના કાર્યકર મિતેશ પરમારે રાહુલ ગાંધી સાથે વાતચીત કરી. વારંવાર રજૂઆત માટે પોલીસ મળવા ન દેતા રાહુલ ગાંધીના કાફલા આગળ ઊભા થઈ જતા આખરે રાહુલ ગાંધીએ તેમને ગાડીમાં બેઠા બેઠા જ બોલાવ્યા હતા.

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે અને લોકસભાના વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધીનું વડોદરા એરપોર્ટ પર આગમન થયું છે. કોંગ્રેસ આગેવાનો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. જે બાદ બાય રોડ આણંદ જવા રવાના થયા છે.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી ટૂંક સમયમાં વડોદરા એરપોર્ટ પહોંચશે. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે અને લોકસભાના વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધીનું વડોદરા એરપોર્ટ પર આગમન થશે. આગમન પૂર્વે સુરક્ષા વ્યવસ્થા સઘન કરવામાં આવી. એરપોર્ટ પર સુરક્ષા એજન્સીઓ તૈનાત

### બિહારમાં
### પહેલા પાનાનું ચાલુ

મહત્વપૂર્ણ ભૂમિકા પર પણ પ્રકાશ પાડ્યો અને કહ્યું, ''લોકશાહીમાં પત્રકારોની મહત્વપૂર્ણ ભૂમિકા હોય છે. તેઓ લોકશાહીનો ચોથો સ્તંભ છે અને સામાજિક વિકાસમાં તેમની મહત્વપૂર્ણ ભૂમિકા છે. અમે શરૂઆતથી જ પત્રકારોની સુવિધાઓનું ધ્યાન રાખી રહ્યા છીએ, જેથી તેઓ નિષ્પક્ષ રીતે પત્રકારત્વ કરી શકે અને નિવૃત્તિ પછી સન્માનજનક રીતે પોતાનું જીવન જીવી શકે.''

બિહાર સરકારની 'પત્રકાર સન્માન પેન્શન યોજના' વરિષ્ઠ પત્રકારોને નાણાકીય સહાય પૂરી પાડવા માટે શરૂ કરવામાં આવી છે. આ યોજના ૬૦ વર્ષથી વધુ ઉંમરના પત્રકારો, બિહારના વતનીઓ, જેમણે અખબારો અથવા માન્ય મીડિયા સંસ્થાઓમાં કામ કર્યું છે, તેમના માટે છે. આ પેન્શન પત્રકારના જીવનકાળ દરમિયાન ઉપલબ્ધ છે અને તેમના મૃત્યુ પછી, આશ્રિતો પણ લાભ મેળવી શકે છે.

યોજનાનો ઉદ્દેશ્ય વૃદ્ધાવસ્થામાં પત્રકારોને આર્થિક સુરક્ષા અને સન્માનજનક જીવન પૂરું પાડવાનો છે. અરજી બિહારના માહિતી અને જનસંપર્ક વિભાગ દ્વારા કરવામાં આવે છે, જેમાં આધાર કાર્ડ, રહેઠાણ અને અનુભવના દસ્તાવેજો સબમિટ કરવાના હોય છે.

### ઈન્કમટેક્સ
### પહેલા પાનાનું ચાલુ

ઉભરતા વેપાર ધંધા માટે અલગ કોડ દાખલ કરવાનું અનિવાર્ય થઈ ગયુ છે. કરદાતાઓ માટે યોગ્ય શ્રેણી પસંદ કરવાનું સરળ અને સ્પષ્ટ બન્યુ છે. અત્યાર સુધી ગમે તે કોડમાં તેઓ રીટર્ન દાખલ કરી લેતા હતા હવે મીસ રીપોટ'ગ ઘટશે ઉપરાંત મોનીટરીંગ પણ વધારી શકાશે.

### ઉપ રાષ્ટ્રપતિ
### પહેલા પાનાનું ચાલુ

ઉપરાષ્ટ્રપતિ બનીને ગૃહનું સંચાલન કર્યુ હતું તે ભાજપ માટે એક મોડેલ છે અને તેજ રીતે તેવા નામ પર પસંદગી કરાશે અને એવા વ્યકિતને લાવશે જે સરકારના ભવિષ્યના એજન્ડાથી પરિચીત હોય અને સંસદીય પ્રણાલીનો અનુભવ હોય જેમાં હાલ કર્ણાટકના રાજયપાલ થાવરચંદ ગેહલોટ સૌથી આગળ છે તેઓ આરએસએસ સાથે પણ જોડાયેલા છે.

૧૯૯૬માં લોકસભા જીતીને રાષ્ટ્રીય રાજકારણમાં પ્રવેશ્યા હતા અને ૨૦૧૮માં રાજયસભામાં પણ ચૂંટાયા હતા. મોદી સરકારમાં મંત્રી પણ રહી ચૂકયા છે જો કે તેમને કર્ણાટકના રાજયપાલ બનાવ્યા તે તેમની આખી ઈનીંગ ગણવામાં આવે છે. અને ફરી તેને દિલ્હી બોલાવાઈ તેવી શકયતા આખરી પસંદગી માટે જ હશે.

### રાંદેર રોડની
### પેજ-૨ પાનાનું ચાલુ

ટ્રસ્ટીવર્ય પ્રાધ્યાપક એન. એમ.કારિયા, ટ્રસ્ટીવર્ય શ્રી હિતેન્દ્રભાઈ ચુડાવાળાએ સૌ વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા અને ઉપસ્થિત ધોરણ ૮ થી ૧૨ ના વિદ્યાર્થીઓને આ જ રીતે આગળ વધી ભવિષ્યમાં આ મંચ ઉપર ઉપસ્થિત થઈને આવું સન્માન સ્વીકારવા માટે આહવાન કર્યું હતું. પ્રસ્તુત પ્રસંગે નવયુગ કોમર્સ કોલેજના નિવૃત આચાર્ય શ્રી જે.એમ. નાયક, શિક્ષણ અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે અસોસિયેટ શ્રી મયંકભાઈ ત્રિવેદી, શાંતિનિકેતન હાઈસ્કૂલના નિવૃત્ત આચાર્ય શ્રી હસમુખભાઈ પટેલ, શ્રી રાજુભાઈ શાહ વિગેરેએ ઉપસ્થિત રહી પ્રેરણા પૂરી પાડી હતી. કાર્યક્રમનું સંચાલન આચાર્યા કુ. દીપિકા શુકલએ કર્યું હતું.

### ખ્વાજા
### પેજ-૨ પાનાનું ચાલુ

ચાલુ કરાવવા મ્યુની. કમિશ્નરશ્રી શ્રીમતી સાલીનીબેન અગ્રવાલ અને લાગતા વળગતા અધિકારીશ્રીઓને રજુઆત કરી છે. માજી કોર્પોરેટર ઈકબાલ પટેલ, નાયબ સજ્જાદાનશીન સૈયદ ફૈઝલ બાવા વિગેરેએ આ ઉપરાંત અઠવા પોલીસ પથકના ઈન્સ્પેકટર એચ.કે. સોલંકી સાહેબને રૂબરૂ મળીને બે દિવસના સંદલ, ઉર્સ કાર્યક્રમ નિમિર્ત્તિ યોગ્ય પોલીસ બંદોબસ્ત ગોઠવવા પણ રજુઆત કરી હતી.

### કોલેજના
### પેજ-૨ પાનાનું ચાલુ

GoodSmeritan તથા અકસ્માત વળતર યોજનાની તેમજ રાજવીર યોજનાની માહિતી આપવામાં આવેલ હતી. રોડ અકસ્માત અટકાવવાં અંગે જાગૃત્તિ માટે ઓડિયો વિઝ્યુઅલથી તથા પોસ્ટરોના માધ્યમથી સમજાવવમાં આવ્યું હતું. વધુમાં જણાવેલ કે શહેર તેમજ જિલ્લાની દરેક સ્કૂલ-કોલેજોમાં આવનારા દિવસોમાં રોડ સેફટી અંગે આખા વર્ષ દરમિયાન અલગ અલગ સ્કૂલ કોલેજોમાં દર મહિને દરેક વિસ્તારમાં સ્થાનિક પોલીસ ની મદદ થી સરકારશ્રીની યોજનાઓ તથા "પરવાહ કરેંગે સુરક્ષિત રહેગેં" થીમ થી સલામત પરિવહન કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે. તેમજ જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીના સંકલન કરી સદર કાર્યક્રમનું આયોજન સ્કૂલ કોલેજોમાં કરવા માટે ૯૭૨૪૨૭૭૭૭૧ પર સંપર્ક કરવા જણાવેલ છે.

### છેલ્લા પાનાનું ચાલુ
### બાકી ફીને કારણે

વકીલ રોનિત વી. રાઠોડના માધ્યમથી ગુજરાત હાઈકોર્ટમાં વિશેષ સિવિલ અરજી દાખલ કરી હતી. આ અરજી ફરિયાદમાં જિલ્લા શિક્ષણ અધિકારી, શાંતિ એશિયાટિક સ્કૂલ તથા શાળાના ચેરમેન બ્રિજમોહન ચિરિપાલ અને પ્રિન્સિપલ અભય ઘોષને પક્ષકાર બનાવવામાં આવ્યા હતા.

આ કેસની સુનાવણી માનનીય ન્યાયમૂર્તિ શ્રી નીખિલ એસ. કારિયેળ દ્વારા કરવામાં આવી હતી. કોર્ટે ખુબ જ કડક શબ્દોમાં શાળાને તરત વિધાર્થીને Leaving Certificate તથા Marksheet આપવા આદેશ કર્યો હતો તથા સ્પષ્ટપણે જણાવ્યું કે માત્ર ફી ન ભરવાના કારણે કોઈપણ વિદ્યાર્થીના શિક્ષણને અટકાવવું અસંવિધાનિક અને ગેરકાયદેસર છે. શાળા માતા-પિતાની સામે કાયદેસર પગલાં લઈ શકે પણ તેની અસર વિદ્યાર્થીના શિક્ષણ પર નહી થાય તે સુનિશ્ચિત કરવું જોઈએ.

કોર્ટે સરકારી વકીલને પણ આ કેસમાં હાજર થવા જણાવ્યું હતું અને સરકારી વકીલે સ્પષ્ટપણે કોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી કે ''આવાં કારણોસર કોઈપણ બાળક શિક્ષણથી વંચિત ન રહેવું જોઈએ''.

હાઈકોર્ટ દ્વારા શાળાના વકીલને સોમવારના રોજ વિદ્યાર્થિનીનીના Leaving Certificate તથા Marksheet સાથે હાજર રહેવા આદેશ કર્યો છે તેમજ રાજય સરકારના વકીલને આ આદેશના પાલન માટે દેખરેખ રાખવા અને જો આ આદેશનો ભંગ થાય તો કોર્ટ દ્વારા ગંભીર પરિણામો ભોગવવા પડી શકે તેવો કડક સંદેશો આપ્યો છે.

શાળાના વકીલ દ્વારા દલીલ કરવામાં આવી હતી કે અદાલત વિદ્યાર્થીના પિતાને શાળાની બાકી ફી ભરવાનો આદેશ આપે.આ દલીલ હાઈકોર્ટે નકારી હતી અને સ્પષ્ટપણે જણાવ્યું કે, ''અદાલત તમારું રિકવરી એજન્ટ નથી. પિતાથી ફી વસૂલવા માટે શાળાને કાયદેસર રસ્તાઓ ઉપલબ્ધ છે, પરંતુ ફી ન ભરવા બદલ વિદ્યાર્થીની Leaving Certificate અને Marksheet જપ્ત રાખવી અને શિક્ષણ અટકાવવું એ શાળાની યોગ્ય અને માન્ય પદ્ધતિ હોઈ શકે નહી.''

### કાર શો રૂમના

વસીમે ઈન્સ્ટાગ્રામ ઉપર સમૃદ્ધી ફાયનાન્સ નામની એડ જોઈ હતી. જેમાં આવકના પુરાવા વગર રૂ.૮ થી ૧૦ લાખની લોન બિઝનેશ માટે મળશે ઉપરાંત ૩૦ થી ૩૫ ટકા સબસિડી પણ મળશે. આ ઓનલાઈન જાહેરાત જોયા બાદ અઠવાગેટ ખાતે મહેર પાર્કમાં આવેલી સમૃદ્ધિ ફાયનાન્સના નંબર પર વસીમે કોલ કર્યો હતો. દરમિયાન પુજા નામની યુવતીએ ટેલિફોનીક વાતચીત કરી વસીમને વાજપાઈ બેંકેબલ યોજના હેઠળ રૂ.૮ લાખની લોન અપાવવાનું જણાવી રૂબરૂ ઓફીસે બોલાવ્યા હતા. જ્યાં પુજા ઉર્ફે રીકીંતા કોઠારી ઉપરાંત મેહુલ દેસાઈ, અને ગોપાલ ગડેર તથા સાનીયા અહેમદ ખાન પઠાણ (નવા કમેલા, સંજયનગર, ઉમરવાડા) હાજર હતા આ તમામે વસીમ પાસેથી લોન પ્રોસસના ૧૧ હજાર મેળવી લીધા હતા. ત્યારબાદ લોન નહીં કરી આપી છેતરપિંડી કરી હતી. વસીમ ઉપરાંત સંખ્યાબંધ લોકો પાસેથી લોન પ્રોસસના નાણા મેળવી લઈ કુલ રૂ.૧૬ લાખની છેતરપિંડી કરવામાં આવી હતી.

### અલથાણમાં

અલથાણ પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર અલથાણ આભવા ચાર રસ્તા પાસે રાજહંસ સિન્ફોનીયામાં રહેતા ધીરેન્દ્ર જયંતીલાલ રાડીયા નિવૃત્ત જીવન ગુજારે છે. દરમિયાન ગઈકાલે ધીરેન્દ્ર રાડીયા અને તેમની પત્ની નયનાબેન ઈસ્કોન મંદીર અને ત્યાંથી રૂટીન મુજબ ફીઝીયોથેરાપીમાં જવાનું હોય ઘરેથી નિકળ્યા હતા. તેઓ એપાર્ટમેન્ટના ગેટ પાસે રીક્ષાની રાહ જોઈ રહ્યા હતા ત્યારે પત્ની નયનાબેનના હાથમાંથી ઘરના મંદીરની મુર્તિના જુના ઘરેણા સાથે લીધા હતા. દરમિયાન એક સ્નેચર નયનાબેનના હાથમાંથી રોકડા અને ભગવાનના ઘરેણા ભરેલી થેલી આંચકીને ફરાર થઈ ગયો હતો.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
શનિવાર, તા.૨૬ જુલાઈ ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫


(તસવીર : હનીફ મલેક)

શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫ અંતર્ગત સુરત શહેરના ઝોન દીઠ કોર્પોરેટરો સાથે સંવાદ કરતા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલએ સુરત શહેરના ભાવિ વિકાસના આયોજન અંગે ચર્ચા કરી હતી.

# સુરત શહેરના ભાવિ વિકાસના આયોજન અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો કોર્પોરેટરો સાથે સંવાદ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૨૬**

સાપુતારા મોન્સુન ફેસ્ટિવલ અને સુરત મહાનગરપાલિકાના રૂપિયા ૪૩૫.૪૬ કરોડના વિકાસલક્ષી ખાતમુહૂર્તના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સુરત એરપોર્ટ ખાતે આવી પહોંચ્યા હતા. ત્યારે સુરત ભાજપ પ્રમુખ પરેશ પટેલ, મેયર દક્ષેશ માવાણી, સાંસદ મુકેશ દલાલે જોરદાર સ્વાગત કર્યુ હતું. આજે સવારે સાપુતારા ખાતે હવામાનમાં પલટો આવતા સાપુતારા ખાતેનોકાર્યક્રમ રદ કરાયો હતો. સુરત એરપોર્ટથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વેસુ ખાતે મનપાના આઈસીસીસી ખાતે પહોંચ્યાં હતાં. જ્યાં શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫ અંતર્ગત સુરત શહેરના ઝોનદીઠ કોર્પોરેટરો સાથે સંવાદ કર્યો હતો. અને સુરત શહેરના ભાવિવિકાસ આયોજન અંગે ચર્ચા-વિચારણા કરી હતી. આ બેઠકમાં મુખ્યમંત્રીએ કોર્પોરેટરો પાસે શહેરના ભાવિ વિકાસ અંગેના મંતવ્યો મેળવ્યા હતા. આ પ્રસંગે મેયર દક્ષેશ માવાણી, સ્થાયી અધ્યક્ષ રાજન પટેલ, કમિશનર શાલિની અગ્રવાલ સહિતના અધિકારી-પદાધિકારી ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ભાજપના કોર્પોરેટરો ભાવિ આયોજનો અંગે સારા એવા સૂચનો પણ કર્યા હોવાનું જાણવા મળ્યું છે. ત્યારબાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સુરત મનપાના પાલ સંજીવકુમાર ખાતેના ઓડિટોરીયમ ખાતેના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.




### ખબરદાર, હવે બાકી ફીને કારણે વિદ્યાર્થીને ભણતાં અટકાવ્યાં તો...

# બાકી ફીને કારણે વિદ્યાર્થીના શિક્ષણને અટકાવવું ગેરકાયદેસર : હાઈકોર્ટ

**એલસી અને માકશીટ શાળાએ અટકાવતાં વિદ્યાર્થિનીના વાલીએ વકીલ રોનિત વી. રાઠોડના માધ્યમથી ગુજરાત હાઈકોર્ટમાં વિશેષ અરજી :શાળાના વકીલે વિદ્યાર્થીના પિતાને ફી ભરવાનો આદેશ આપવાની દલીલ કરતા હાઈકોર્ટે જણાવ્યું કે, અદાલત તમારું રિકવરી એજન્ટ નથી**

**અમદાવાદ,તા.૨૬**

ફી ન ભરવાના કારણે કોઈપણ વિદ્યાર્થીના શિક્ષણને અટકાવવું અસંવિધાનિક અને ગેરકાયદેસર હોવાની કડક ટકોર સાથે નામદાર ગુજરાત હાઈકોર્ટે આર્થિક મુશ્કેલીના કારણે વાલીએ શાળાની ફી ભરવામાં અસમર્થતા દર્શાવતાં વિદ્યાર્થીનીની શાળાએ Leaving Certificate અને Marksheet નહી આપી વિદ્યાર્થીનીના શૈક્ષણિક ભવિષ્યને નુકશાન પહોંચાડયું હોવાની વિશેષ સિવિલ અરજી સંદર્ભે સોમવારના રોજ શાળાને વિદ્યાર્થિનીની Leaving Certificate તથા Marksheet સાથે હાજર રહેવા આદેશ કર્યો છે.

અમદાવાદના શેલામાં આવેલ શાંતિ એશિયાટિક શાળાની ૧૦મી ધોરણમાં અભ્યાસ કરતી એક વિદ્યાર્થીનીએ ૯૧.૬% ગુણ મેળવ્યા હતા. તેમ છતાં વિદ્યાર્થીનીના માતા-પિતાએ આર્થિક મુશ્કેલીના કારણે શાળાની ફી ભરવામાં અસમર્થતા દર્શાવતાં શાળાએ વિદ્યાર્થીનીને Leaving Certificate અને સ્કોજિરી આપવાનું નકારી દીધું હતું. જેના કારણે તે વિદ્યાર્થીના આગલા અભ્યાસ માટે અન્ય શાળામાં પ્રવેશ લેવો શક્ય બન્યો નહોતો અને વિદ્યાર્થીના બે વર્ષ બગડી ગયા હતા. આ બાબતે વિદ્યાર્થીનીના માતા-પિતાએ

અનુસંધાન પાના ૭ પર

### ફી ભરવામાં ન આવી હોય એ બાળક સાથે શાળા દ્વારા અમાનવીય વ્યવહાર

શાળાની ફી ભરવામાં ન આવી હોય તે કારણે બાળકને વર્ગખંડમાં બેસવા દેવામાં આવતું ન હતું, બાળકને એકલાં લાઈબ્રેરીમાં રાખવામાં આવતું હતું અને તે વર્ગમાં હાજર રહી શકતું નહતું. કેટલાક પ્રસંગોએ તો શાળાએ બાળકને સીધું ઘેર મોકલી દીધું હતું અને જણાવાયું હતું કે "તમે ફી ભરેલી નથી, તેથી તમને શાળામાં પ્રવેશ અપાઈ શકશે નહી." ફી ન ભરવાને કારણે શાળાનું આવું વર્તન હતુ.તેવી દલીલ વકીલ રોનિત રાઠોડ દ્વારા કરાઈ હતી માનનીય હાઈકોર્ટે વધુમાં નોંધ્યું કે, શાળાની ફી વસૂલવા માટે શાળા દ્વારા ફી વસૂલવાની ખરાબ યુક્તિઓ અને રીતો અપનાવવાનો પ્રયાસ અદાલત સહન કરશે નહી.કોર્ટએ વધુમાં નોંધ્યું કે વિદ્યાર્થીની ફરિયાદનું નિવારણ થાય એ માટે અદાલત કોઈ પણ હદ સુધી જઈ શકે છે અને શાળા દ્વારા ફી વસૂલવા માટે અપનાવવામાં આવતી આવી રીતો કે દબાણની નીતિને અદાલત ક્યારેય સ્વીકારશે નહી.

# કુરિયર કંપનીના આઈસર ટેમ્પોમાં આગ લાગી

### ૨૫૦૦ જેટલા પાર્સલ આગમાં સ્વાહા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૨૬**

ને.હા.નં.૪૮ કોસંબા ગામની સીમ નજીકથી પસાર થતા મહાવીર કુરીયર એક્સપ્રેસ કંપનીના કુરીયર લઈ જતી આઈસર ગાડીમાં એકાએક આગ લાગી ગઈ હતી. ગાડીનો પાછળનો ભાગ સળગી ગયો હોય આશરે ૨૫૦૦ જેટલા પાર્સલો ગાડીમાં હતા જે તમામ બળી ગયા હતા. આ મામલે કોસંબા પોલીસે જાણવા જોગ લઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

કોસંબા પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર મુળ પોરબંદરના રાણાવાવ તાલુકાના વતની અને ડ્રાઈવિંગનું કામ કરતા પ્રદિપ રામભાઈ ઓડેદરા ગઈકાલે બપોરના સમયે મહાવીર કુરીયર એક્સપ્રેસ પ્રાઈવેટ લિ.કંપનીના કુરીયરની આઈસર ગાડી લઈને કોસંબા નજીક ને.હા.નં૪૮ ઉપરથી પસાર થઈ રહ્યા હતા આ સમયે અચાનક આઈસરમાં આગ લાગી જતા પાછળનો ભાગ બળી ગયો હતો.

# કાર શો રૂમના મેનેજર સહિત અનેક લોકોને લોનના નામે ઠગી લેવાયા

### કુલ રૂા.૧૬ લાખ પડાવી ચાર જણાં ભાગી ગયા


**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૨૬**

અઠવાગેટ પાસે મહેર પાર્કમાં આવેલા સમૃધી ફાયનાન્સે પર્સનલ લોન મેળવવા ઈચ્છતા નવસારી ગેલકડીના કાર શો-રૂમમાં એચ.આર.મેનેજર સહિત અલગ-અલગ લોકો પાસેથી લોન અપાવવાના ચાર્જ પેટે ૧૬ લાખ કઢાવી લઈ છેતરપિંડી કરી હોવાની ફરીયાદ અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર નવસારી ગેલકડી ગણેશનગર ખાતે રહેતો વસીમ રઝાક શેખ ઉ.વ.૩૫ વેસુ ખાતે ટાકા કંપનીના કાર શો-રૂમમાં એચ.આર.મેનેજર તરીકે નોકરી કરે છે. દરમિયાન ગત જુન મહિનામાં

અનુસંધાન પાના ૭ પર

**પ્રથમ માસિક પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



**સ્વ. પોપટલાલ ડાયારામ ધમલ**

જન્મ : ૦૧/૦૧/૧૯૪૮ સ્વ.૨૬/૦૬/૨૦૨૫

સ્નેહના સાગરસમાં હર કોઈને પોતાના ગણી, પોતાના પ્રેમાળ હૈયાથી ઓળખનારા, મુખ પર મધુર સ્મીત, અંતરમાં ઉર્મિ, હૃદયથી ભોળા, સોમ્ય સ્વભાવવાળા આપના દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

લિ.

ચંદ્રકાંત પોપટલાલ ધમલ
ગીતાબેન ચંદ્રકાંત ધમલ
તન્મય ચંદ્રકાંત ધમલ
સમગ્ર ધમલ પરિવાર

### અલથાણમાં સ્નેચરો ઝળક્યાં : વૃદ્ધાનું પર્સ લઈ ફરાર

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૨૬**

અલથાણ વિસ્તારમાં રહેતા ૭૦ વર્ષિય મહિલા પતિ સાથે ઈસ્કોન મંદીર જવા માટે ઘરેથી નિકળ્યા હતા ત્યારે એપાર્ટમેન્ટના ગેટ પાસે રીક્ષાની રાહ જોતા હતા તે સમયે એક બાઈક ઉપર આવેલા સ્નેચરે મહિલાના હાથમાંથી ભગવાનની મુર્તિના ઘરેણા તેમજ રોકડ ભરેલી થેલી ખેંચી ફરાર થઈ ગયો હતો. કુલ રૂ.૧.૨૧ લાખની મત્તા ભરેલી થેલી આંચકીને ફરાર થઈ જનાર સ્નેચરનો એક રીક્ષા ચાલકે પીછો પણ કર્યો હતો જોકે તે હાથ લાગ્યો ન હતો. આ મામલે અલથાણ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવવામાં આવી હતી.

અનુસંધાન પાના ૭ પર